
# શબ્દોનું સૌંદર્ય

— આચાર્ય મુક્તિવલ્લભસૂરિ



# શબ્દોનું સૌંદર્ય

– આચાર્ય મુક્તિવલ્લભસૂરિ

પ્રકાશક

**પ્રજ્ઞા પ્રબોધ પરિવાર**

C/o. શ્રી સમકિત યુવક મંડળ,
રવિકુંજ, ગ્રાઉન્ડ ફ્લોર,
દોલતનગર રોડ નં. ૭,
બોરીવલી (ઇસ્ટ), મુંબઇ-૪૦૦ ૦૬૬.
ફોન : ૩૨૫૨૨૫૦૯

નવમું સંસ્કરણ : વિ.સં. ૨૦૬૯,

મૂલ્ય : રૂા. ૪૦/-

## પ્રાપ્તિ સ્થાન :

- **શ્રી સમકિત યુવક મંડળ**
  રવિકુંજ, ગ્રાઉન્ડ ફ્લોર, દોલતનગર રોડ નં. ૭,
  બોરીવલી (ઇસ્ટ), મુંબઇ-૪૦૦ ૦૬૬. ફોન : ૩૨૫૨ ૨૫૦૯
- **કેતનભાઇ ડી. સંગોઇ**
  ૧/૧૨, વૈભવ એપાર્ટમેન્ટ, શ્રેયસ સિનેમા લેન,
  સાંઘાણી એસ્ટેટ, એલ.બી.એસ. માર્ગ,
  ઘાટકોપર (વેસ્ટ), મુંબઇ-૪૦૦ ૦૮૬.
  મો. ૯૨૨૪૬ ૪૦૦૭૦
- **નવભારત સાહિત્ય મંદિર**
  ૧૪૩, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ-૪૦૦ ૦૦૨. ફોન : ૨૨૦૧૭૨૧૩
  ફતાસાની પોળની સામે, ગાંધીરોડ, અમદાવાદ. ફોન : ૨૨૧૩ ૯૨૫૩
- **શશીભાઇ**
  અરિહંત કટલરી સ્ટોર, આંબા ચોકની પાછળ,
  ભાવનગર-૩૬૪ ૦૦૧. મો. ૯૮૨૫૧૦૫૫૨૮
- **મિલનભાઇ**
  આનંદ ટ્રેડ લિંક પ્રા.લિ.
  ૪૦૧, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમ સામે,
  પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૬. મો. ૯૩૭૫૦૩૫૦૦૦
- **સુનિલભાઇ અનંતરાય વોરા**
  ૮/૧૫૨૮, ગોપીપુરા મેઇન રોડ, પોલીસ ચોકી સામે,
  સુભાષ ચોક, સુરત. ફોન : ૨૪૧૭૭૦૬

- **મુદ્રક : શુભાય**
  મો. ૯૮૨૦૫ ૩૦૨૯૯

## શબ્દોનું સૌંદર્ય

કોઇ ઉત્તુંગ ગિરિશ્રૃંગની એક મોટી શિલા પર બેઠેલો પ્રવાસી સંધ્યા ટાણે નીખરતા મનોહર નૈસર્ગિક સૌંદર્યને દિલ ભરીને નીરખ્યા કરે છે, ચક્ષુ અને ચિત્ત બંને ચમત્કૃતિ અનુભવે છે, પાઉચમાંથી કેમેરા કાઢી આ દિલહર પ્રાકૃતિક શોભાની તસવીર ઝડપે છે, ખીલેલા અદ્‌ભુત સૌંદર્યને કાયમ માટે તસવીર દ્વારા સંઘરી રાખે છે.

કોઇ વાચંયમ મહાશયના મુખમાંથી એવા હૃદયંગમ શબ્દો ઝરે છે કે કાન અને હૃદય તેના સૌંદર્યનું પાન કરીને તરબતર થઇ જાય છે. તે શબ્દોનું શ્રવણ સંપૂર્ણ અસ્તિત્વને અનેરા આહ્‌લાદનો ચેપ લગાડે છે. તે શબ્દો વગર આયાસે સ્મરણમાં રહે છે. સ્મૃતિની તસવીર બનાવીને સાંભળનારને તે શબ્દોને કાયમ માટે સાચવી રાખવાનું મન થાય છે.

શબ્દને આવું સૌભાગ્ય ક્યારે મળે ?
શબ્દોનું આવું સૌંદર્ય ક્યારે નીખરે ?
શબ્દને તે માટે કેવા આભૂષણ પહેરાવવા ?

પૂર્વધર મહર્ષિ શ્રી ધર્મદાસગણિ મહારાજા શ્રી ઉપદેશમાલા ગ્રન્થના એક શ્લોકમાં ભાષાના આઠ ભૂષણોને ઓળખાવીને સુંદર શબ્દોના સ્વામી બનવાની સહુને સોનેરી શિખામણ આપે છે.

આ નાનકડા શો-કેસમાં તે આઠ આભૂષણોને સરસ રીતે ગોઠવ્યા છે...પહેલા જરાક જોઇ લો...ગમી જાય તો લઇ લો...તમારા શબ્દોને પહેરાવી લો...શોભી ઊઠશે તમારા શબ્દો...તેના લસલસતા સૌંદર્યથી આવર્જિત બનીને સ્મૃતિની દાબડીમાં સહુ કોઇ સાચવી રાખશે તે શબ્દો.

**—મુનિ મુક્તિવલ્લભવિજય**

# ઋણ સ્મરણ

- દિવ્યકૃપાનો મેહુલો વરસાવી રહેલા પરમારાધ્યપાદ સ્વર્ગસ્થ ગુરુવર્યો...
    - વૈરાગ્યવારિધિ પૂજ્યપાદ પરમ ગુરુદેવ **શ્રીમદ્ વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા**
    - સહજાનંદી પૂજ્યપાદ દાદા ગુરુદેવ **શ્રીમદ્ વિજયધર્મજિત્સૂરીશ્વરજી મહારાજા**
    - સૂરિમંત્રપ્રસ્થાન આરાધક પૂજ્યપાદ આચાર્યદેવ **શ્રીમદ્ વિજયજયશેખરસૂરીશ્વરજી મહારાજા**
- પરમકૃપાળુ પૂજ્યપાદ તારકવર્યો...
    - ગચ્છાધિપતિ પૂજ્યપાદ આચાર્યદેવ **શ્રીમદ્ વિજયજયઘોષસૂરીશ્વરજી મહારાજા**
    - પરમોપકારી ગુરુદેવ પૂજ્યપાદ આચાર્યદેવ **શ્રીમદ્ વિજય જગવલ્લભસૂરીશ્વરજી મહારાજા**
- શાસ્ત્રસર્જન આદિ અનેક વ્યસ્તતાઓ વચ્ચે પણ ઉદારતાથી સમય ફાળવીને પુસ્તકને સાદ્યંત તપાસી પરિમાર્જન કરી આપનારા...
    - વિદ્વદ્વર્ય પૂજ્યપાદ આચાર્યદેવ **શ્રીમદ્ વિજય શ્રી જયસુંદરસૂરીશ્વરજી મહારાજા**
- પ્રેરણા અને પ્રોત્સાહનના કેન્દ્ર સમા કલ્યાણમિત્ર મુનિ ભગવંતો...
- અનેકવિધ સહાયક સહવર્તી મુનિ ભગવંતો...

## ❑ ત્રણ ઈંચની જીભ

ઇરાનમાં લુકમાન નામનો એક ગુલામ તત્ત્વજ્ઞ થઇ ગયો. કોઇએ તેને પૂછ્યું: ''શરીરમાં અનેક અંગો અને અવયવો છે, તેમાં શ્રેષ્ઠ અંગ કયું ?''

''જીભ; કારણ કે, મડદાને પણ બેઠા કરવાની તાકાત જીભમાં પડેલી છે.''

''અને, શરીરનું કનિષ્ઠ અંગ કયું ?''

''જીભ; કારણ કે જીવતા માણસને પણ ઊભા ચીરી નાંખવાની તાકાત જીભમાં છે.''

અંગ્રેજીમાં પણ કોઇએ લખ્યું છે:

The tongue is the instrument of the greatest good and the greatest evil that is done in the world.

વાત તો સાવ સાચી છે. જીભ ખરેખર વિચિત્ર અને વિલક્ષણ છે.

આંખ બે છે, કામ એક માત્ર જોવાનું.

કાન બે છે, કામ એક માત્ર સાંભળવાનું.

નાકના નસકોરા બે છે, કામ એક માત્ર સૂંઘવાનું.

પણ, જીભ એક જ છે અને તેને બે કાર્ય સોંપાયેલા છે, એક વાદનું અને બીજું સ્વાદનું. આ બન્ને કાર્ય મહત્ત્વના છે અને જોખમી પણ છે. નાનકડી ત્રણ ઇંચની, કોમળ, ચંચળ અને હાડકા વગરની જીભને આટલી ભારેખમ બબ્બે જવાબદારીઓ સોંપનાર કુદરતને જીભની શક્તિ પર કેટલો બધો વિશ્વાસ હશે ! અને કલ્પના તો કરો વહેંચણીમાં સમાનતાનું ધોરણ અપનાવીને કુદરતે

આંખ, નાક, કાન, હાથ, પગ આદિની જેમ જીભ પણ બે આપી હોત તો શું થાત ? બે આંખ જે જુએ, બે કાન જે સાંભળે, બે નસકોરા જે સૂંઘે, હાથ-પગ આદિ જે કાર્ય કરે અને મન જે વિચારે તે બધાનું વર્ણન બિચારી એકલી જીભને કરવાનું છતાં વર્ણન વધારે પડતું કરી નાંખે પણ ઊણી તો ન જ ઊતરે તેવી અદ્ભુત કાર્યક્ષમતા જીભ ધરાવે છે. જીભ એક જ આપીને અને આંખ-કાન આદિ બબ્બે આપીને કુદરતે જે પક્ષપાતી વલણ અપનાવ્યું છે તે માટે ઉપાલંભ આપવાને બદલે કુદરતનો આભાર માનવા જેવો છે.

જીભના બન્ને કાર્યક્ષેત્ર અતિ મહત્ત્વના અને જોખમવાળા છે. બે રાષ્ટ્રો વચ્ચે યુદ્ધ થાય ત્યારે શત્રુ રાષ્ટ્રને અપંગ બનાવી દેવા તે રાષ્ટ્રની જીવાદોરી સમાન બે શક્તિઓને ખલાસ કરી દેવાની યુદ્ધનીતિ રાજ્યકર્તાઓ અપનાવતા હોય છે. આ બે શક્તિનાં નામ છેઃ ૧. બ્રોડ કાસ્ટિંગ, ૨. ફૂડ સપ્લાય. ધ્વનિ પ્રસારણ કેન્દ્રો દ્વારા ઉત્સાહવર્ધક અને આશ્વાસક સમાચારો પ્રસારિત કરવા દ્વારા આંતરિક શાંતિ જાળવવા સરકાર પ્રયત્ન કરે છે. આ મહત્ત્વની તાકાતને તોડી પાડવામાં આવે તો યુદ્ધના કાળમાં રાષ્ટ્ર અપંગ બની જાય છે. બીજી મહત્ત્વની બાબત છે-ફૂડ સપ્લાય. અનાજના પુરવઠાને ખોરવી નાંખવામાં આવે તો શસ્ત્ર આદિની બાબતમાં સક્ષમ અને સમર્થ એવું પણ રાષ્ટ્ર યુદ્ધમાં થાપ ખાઇ જાય છે.

શરીરના સંદર્ભમાં વિચાર કરીએ તો ધ્વનિ પ્રસારણ અને ફૂડ સપ્લાય એ બન્ને મહત્ત્વની કામગીરી જીભને સોંપવામાં આવી છે. અને આપણે જાણીએ જ છીએ કે જેની જીભ આ બન્ને જવાબદારીને સુપેરે બજાવી શકતી નથી તેના શરીરમાં નિરોગિતા અને જીવનમાં શાંતિ દુર્લભ બની જાય છે. ઘણાં માણસો જીભ અને પેટ વચ્ચે કોઇ સમાધાનકારી ભૂમિકા સાધી શકતા નથી. અને તેથી તે બન્ને પક્ષને સ્વીકૃત હોય તેવી અન્નનીતિ ઘડવામાં નિષ્ફળ જતા હોય છે, જેના પરિણામે તેમનું શરીર રોગોની ધર્મશાળા બની જાય છે. તેમ, જીભ અને મગજ વચ્ચે સારા સંબંધ નથી હોતા ત્યારે બોલવાની બાબતમાં જીભ ઘણાં છબરડા વાળી દે છે. આમ તો જીભ અને મગજ વચ્ચે બહુ થોડા ઇંચનું અંતર છે, પણ બોલવાના છબરડાઓ પરથી તો ક્યારેક આ અંતર માઇલોનું હોય તેવું જણાતું હોય છે.

ભગવદ્ ગીતામાં ઇન્દ્રિયોના જ્ઞાનેન્દ્રિય અને કર્મેન્દ્રિય એવાં બે વિભાગ પાડવામાં આવ્યા છે. જીભ સ્વાદનું જ્ઞાન કરે છે માટે જ્ઞાનેન્દ્રિય છે અને બોલવાનું કર્મ (ક્રિયા) કરે છે માટે કર્મેન્દ્રિય છે. આમ ભગવદ્ ગીતાની પેઠે જ્ઞાન અને કર્મનો સુંદર સમન્વય સાધી આપતી જીભ એક મહાયોગિની જેવી ભાસે છે.

આપણા શરીરમાં શબ્દોત્પત્તિના સ્થાન પાંચ છે-કંઠ, તાલુ, મૂર્ધા, દાંત અને હોઠ, પણ આ પાંચેય સ્થાનેથી ઉત્પન્ન થતાં શબ્દ જીભની સહાય વિના ઉત્પન્ન થઇ શકતા નથી. જીભની ઊંચી-નીચી, આડી-અવળી ગતિને કારણે સ્વર ઉચ્ચારરૂપ બને છે. માટે જીભ એ શબ્દોત્પત્તિનું મૂળ સ્થાન નહિ હોવા છતાં બોલવાનું કામ જીભનું છે, તેમ જ લોકમાં એવો વ્યવહાર પણ થાય છે.

સંત કવિ તુલસીદાસે જીભને દેહલી-દીપની ઉપમા આપી છે. મુખ એ ડેલી છે અને જીભ એ ડેલી પરનો દીપક છે. જીભ વિચાર અને વર્તન વચ્ચે રહી વાણી દ્વારા બન્ને પર પ્રકાશ પાથરે છે. મનના વિચારો, હૃદયની ઊર્મિઓ અને આંખ-નાક-કાન, આદિના અનુભવોને વ્યક્ત કરતી જીભનું સ્થાન તે બધાની મધ્યમાં ગોઠવનારી કુદરતને (કર્મસત્તાને) તેની આ કરામત બદલ ધન્યવાદ આપવાનું મન થઇ જાય !

માનવદેહમાં સૌથી વધુ સ્નાયુઓની જરૂર જીભને પડે છે. બોલતી વખતે એક સાથે ઘણાં સ્નાયુઓને કસરત પહોંચે છે.

અન્ય ઇન્દ્રિયો પર હાડકાના નિયંત્રણો ગોઠવનારી કુદરતે જીભમાં એક પણ હાડકું કેમ નહિ ગોઠવ્યું હોય તેનું રહસ્ય કોણ શું સમજ્યું છે ? તે તો વ્યક્તિના વર્તન પરથી જ સમજાઇ જતું હોય છે. ઘણાં એમ જ સમજતા હોય છે કે જીભ અનિયંત્રિત રહે તેમ કુદરત ઇચ્છતી હશે માટે જીભમાં હાડકું નહિ ગોઠવ્યું હોય. પણ, કુદરતના સાચા સંકેતને કોઇક જ સમજે છે કે-બીજી ઇન્દ્રિયોનું નિયંત્રણ તો હાડકું મૂકીને કુદરતે સ્વયં કરી દીધું, જીભના નિયંત્રણની જવાબદારી કુદરતે આપણા પોતા પર છોડી છે. કુદરતના આ સંકેતને જે સમજી જાય છે તે આ જવાબદારીને સુપેરે વહન કરી શકે છે. હાડકું હોય તો અક્કડતા અને કઠોરતા આવી જાય. જીભમાં હાડકું નથી તેથી જણાય છે કે જીભને મૃદુ રાખવામાં આવે તેમ જાણે કુદરત ઇચ્છે છે. પણ, પ્રકૃતિના આ

અભિપ્રાયને નહિ સમજેલા કેટલાક લોકો કઠોર વાણીનો પ્રયોગ કરીને હાડકાની ખોટ પૂરવા મથતા હોય છે.

બીજી રીતે વિચારીએ તો જીભનું નિયંત્રણ અન્ય ઇન્દ્રિયોના નિયંત્રણ કરતાં થોડું આસાન છે. ન જોવાનું અનાયાસે જોવાઇ જાય તે બને, ન સાંભળવાનું અનાયાસે સંભળાઇ જાય તે બને પણ જે નથી ખાવું તે જીભથી અનાયાસે ખવાઇ જાય કે જે નથી બોલવું તે અનાયાસે બોલાઇ જાય તેમ ન બને. ખાવા અને બોલવા માટે તો પ્રયત્ન જ કરવો પડે. કોઇ અપ્રિય શબ્દો કાને પડી રહ્યા હોય અને ન સાંભળવા હોય તો કાનને આપોઆપ બંધ કરી શકાય તેવી કોઇ વ્યવસ્થા કુદરતે ગોઠવી નથી. ગટરની દુર્ગંધ આવી રહી હોય ત્યારે નાકને આપોઆપ દાટા લાગી જાય તેવી પણ કોઇ સગવડ નથી. પણ, માનવી ધારે ત્યારે બોલવાનું બંધ કરી શકે તે માટે મુખનો દરવાજો પ્રકૃતિએ ગોઠવી આપ્યો છે. પણ, આ સગવડનો લાભ બહુ ઓછી વ્યક્તિઓ ઉઠાવતી હોય છે. એક મહાશય કુદરતને ફરિયાદ કરતા હતા કે, જીભ મુખમાં સીધી જડવાને બદલે સ્ક્રુ મૂકીને જડી હોત તો કેટલું સારું થાત, ઝગડા વખતે કાઢીને ડબ્બીમાં મૂકી દેવાથી ઝગડાથી બચી જવાત. જે મહાશયને ક્યારેય ઝગડા વખતે મુખનો દરવાજો બંધ કરી દેવાની તસ્દી લેતા જોયા નથી, એ મહાશય સ્ક્રુ ખોલીને જીભને ડબ્બીમાં મૂકવાની તસ્દી લેત ખરા ?

આવરદા અને આરોગ્યની બાબતમાં જીભ ઘણી પુણ્યશાળી છે. તે જન્મજાત અને આમરણાન્ત હોય છે. તેમ તેની પટુતા પણ ચિરસ્થાયી હોય છે. વૃદ્ધાવસ્થામાં આંખે ઝાંખપ આવે, કાને બહેરાશ આવે, દાંત ઢીલા પડે, હાથ-પગ ધ્રૂજે. પણ, જીભ મોટેભાગે ક્ષીણ થતી નથી. ઘડપણમાં પણ સાકર મીઠી જ લાગે અને મરચું તીખું જ લાગે. જેને આંખે ઓછું દેખાય છે અને કાને ઓછું સંભળાય છે તેવા પણ ૮૦ વર્ષના ઘરડા દાદાને ચા મોડી કે મોળી આપી જુઓ, જીભ તેના બન્ને પ્રકારના કાર્યક્ષેત્રમાં હજુ કેટલી પાવરધી છે તેનો પરિચય તુરંત થઇ જશે.

આજના મેડીકલ-સાયન્સે કેટલી બધી પ્રગતિ સાધી છે ! આંખો બદલાવી શકાય, કિડની બદલાવી શકાય, કાન-નાકની પ્લાસ્ટિક સર્જરી થઇ શકે, હાથ-પગ ભાંગે તો નકલી જોડી શકાય, દાંતની નકલી બત્રીસી મુખમાં બેસાડી શકાય.

પણ, જીભ તો જીવનના અંત સુધી ઓરિજિનલ જ હોય. જીભની આ અસલિયત તેને સર્વ અવયવોમાં એક ગૌરવભર્યું સ્થાન અપાવે છે.

એક ડૉક્ટરને પૂછેલું: "આંખના, દાંતના, હૃદયના, પેટના, ગુપ્ત રોગોના કે નાક-કાન-ગળાના ડૉક્ટર હોય છે તો જીભના સ્પેશ્યાલિસ્ટ કેમ નહિ ?"

"જીભ સખણી થાય તેવી છે જ ક્યાં ? જીભના ડૉક્ટર બને તો તેને અપજશ જ મળે."

ડૉક્ટરના આ જવાબમાં માર્મિક વિનોદ હતો.

દવાખાનામાં જઇને દરદી ડૉક્ટરને કન્સલ્ટ કરે ત્યારે ડૉક્ટર સૌ પ્રથમ દરદીની જીભ તપાસે છે. ડૉક્ટર અને વૈદ નિદાન માટે જીભ પર ઘણો આધાર રાખતા હોય છે. ભૂરાશ પડતી જીભ છાતીમાં દરદનું સૂચન કરે છે. જીભમાં વચ્ચે છારી અને છેડે રતાશ હોય તો અપચો કે પેટના રોગ સૂચવાય છે. ફીક્કી સફેદ, નરમ, પહોળી અને અસ્થિર જીભ પાંડુરોગનું સૂચન કરે છે. જે માણસ નશો કરતો હોય તેની જીભ સામાન્ય રીતે મુખની બહાર સ્થિર રહી શકતી નથી. જીભને મુખની બહાર એક બાજુથી બીજી બાજુ હલાવી ન શકાય તો તે પેરાલિસિસનું લક્ષણ કહેવાય છે. જાડી અને સૂજી ગયેલી જીભ હોજરી તથા મજ્જાતંતુનો દાહ કે વિકાર બતાવે છે. જીભ ઉપર જાડો પીળા રંગનો થર પિત્ત વિકાર સૂચવે છે. કાળા ઝાંખા ભૂરા રંગનું પડ ખરાબ તાવની નિશાની છે. સફેદ થર સાધારણ તાવની નિશાની છે. સૂકી, થરવાળી, કાળાશવાળી અને ધ્રૂજતી જીભ ભયંકર જ્વરની નિશાની છે. આસમાની રંગની જીભ લોહીની ગતિમાં થયેલા અટકાવને સૂચવે છે. મોઢું પાકી જવાની સાથે જીભ સીસાના રંગ જેવી થઇ જાય તે મૃત્યુ નજીક હોવાનું સૂચન છે. વાયુના દોષવાળી જીભ ખરખરી, ફાટેલી તથા પીળી હોય છે. પિત્તના દોષવાળી જીભ કાંઇક રતાશ અને કાળાશ પડતી હોય છે. કફ દોષવાળી જીભ સફેદ, ભીની અને નરમ હોય છે. ત્રિદોષવાળી જીભ કાંટાવાળી અને સુકાયેલી હોય છે. મૃત્યુકાળની જીભ ખરખરી, અંદરથી વધેલી, ફીણવાળી, લાકડા જેવી કઠણ અને ગતિરહિત થઇ જાય છે. આમ, જીભ એ આખા શરીરનું દર્પણ છે. દરદીના રોગનું નિદાન કરતી વખતે ડૉક્ટરને દરદીની જીભ પર ઘણો વિશ્વાસ મૂકવો પડે છે.

સામુદ્રિક શાસ્ત્ર પણ લક્ષણો તપાસવામાં જીભ ઉપર ઘણો મદાર બાંધે છે. જે સ્ત્રીની જીભ શ્યામ રંગની હોય તેને સામુદ્રિક શાસ્ત્રની ભાષામાં શંખણી કહેવામાં આવે છે. આવી સ્ત્રી વિધવા, કર્કશા અને દુર્ભાગી હોય છે. શ્વેત રંગની જીભ દાસત્વ સૂચવે છે.

પેટ બગડે ત્યારે જીભ પર ચાંદા પડી જાય છે, તે જોઇને કુદરતના ન્યાયતંત્ર પર ઓવારી જવાય છે. મોટે ભાગે જીભના તોફાનને કારણે જ પેટમાં બગાડો થતો હોય છે. ગુનેગારને જ સજા કરતું પ્રકૃતિનું નિષ્પક્ષ ન્યાયતંત્ર અહોભાવ ઉપજાવે છે.

પેટ અને શરીરનો બગાડો જેમ જીભની છારી પરથી જણાય છે, તેમ મન અને જીવનનો બગાડો પણ જીભ પરના શબ્દો દ્વારા વરતાય છે. આમ જીભ માનવીની શારીરિક અને માનસિક તંદુરસ્તીનો ઘણો બધો તાગ આપી દે છે.

અકબરે એક વાર બિરબલને પૂછ્યું: ''માણસને કેવી રીતે ઓળખવો ?'' ત્યારે બિરબલે આપેલા જવાબને કવિએ કવિતામાં મઢ્યો છે.

*મોતી સબ એક રંગ, એક મેં અમોલ નંગ,*
*મિલેગા ઝવેરી તો કિંમત કર જાનીએ;*
*કહે કવિ બિરબલ, સુન શાહ અકબર !*
*આદમીકા તોલ એક બોલમેં પિછાણીએ.*

*પ્લેટો કહેતો: બોલો, એટલે હું તમને ઓળખી શકું.*

માટીનું વાસણ ખરીદતી વખતે તેના પર ટકોરો પાડવામાં આવે છે. વાસણના અવાજ પરથી ખબર પડી જાય છે કે વાસણમાં તિરાડ તો નથી પડેલી ને ? વાસણની જેમ માણસ પણ તેના શબ્દ પરથી ઓળખાઇ જાય છે. રંગ, રૂપ, વેષ તો દુર્જન અને સજ્જનના સરખાં પણ હોઇ શકે.

*દુલા કાગ પણ એ જ વાત જણાવે છે :*

*કોયલડી ને કાગ, વાને વરતારો નહીં*
*જીભલડી દે જવાબ, સાચું સોરઠીયો ભણે.*

કબીરના શબ્દો જુદા છે :

*વાણીએ પહચાનીએ ચોર-સાધુકી ઘાટ*
*જો કરણી અંદર બસૈ, નિકલે મુખકી વાટ.*

આમ, જીભ પરથી નીસરતો શબ્દ એ માનવીનું મોટું ઓળખપત્ર છે.

न जारजातस्स ललाटश्रृंगं, कुलप्रसूतेन च पाणिपद्मम् ।
यदा यदा मुञ्चति वाक्यबाणं तदा तदा जातिकुलप्रमाणम् ॥

(નીચ કુળમાં જન્મેલાને કપાળે શીંગડા નથી ઊગતા કે કુલીન વ્યક્તિના હાથમાં કમળ નથી ઊગતું. વાણી પરથી જ માનવીના જાતિ અને કુળ ઓળખાઇ જાય છે.)

એક જંગલમાં રાજા, મંત્રી અને દરવાન ભૂલા પડ્યા. ત્રણેય એકબીજાથી છૂટા પડી ગયા હતા. એક ઝાડ નીચે એક ફકીર બેઠો હતો. તેની આંખો ચાલી ગયેલી હતી. રાજાએ તે ફકીરને પૂછ્યું: ''હે પ્રજ્ઞાચક્ષુ ! આ રસ્તો નગર તરફ જશે ?''

''હા, રાજન્ ! આ રસ્તો નગર તરફ જશે.''

રાજા આગળ ચાલ્યો. થોડીવાર પછી મંત્રી તે જ જગ્યા પર આવ્યો.

તેણે આ ફકીરને પૂછ્યું: ''હે સૂરદાસ ! તમે અહીંથી કોઇને પસાર થતા જોયા ?''

''હા મંત્રીશ્વર ! થોડી વાર પહેલા રાજાજી અહીંથી નીકળ્યા હતાં.'' પછી, દરવાન ત્યાં આવ્યો. તેણે રૂઆબથી પૂછ્યું.

''અબે અંધા ! અહીંથી કોઇ આગળ ગયા છે ?''

''હા, દરવાનજી ! રાજાજી અને મંત્રીજી આજ રસ્તે આગળ ગયા છે.''

થોડી વારમાં રાજા, મંત્રી અને દરવાન આગળ ભેગા થયા. દરેકે આ ફકીર સાથે થયેલી વાત જણાવી. વગર આંખે આ ફકીર ત્રણેયને કેવી રીતે ઓળખી ગયો તેનું ત્રણેયને આશ્ચર્ય થયું. ત્રણેય જણ પાછા વળીને તે ફકીર પાસે આવ્યા અને તેમનું આશ્ચર્ય દૂર કરવા વિનંતી કરી. તેમના આશ્ચર્યનો અંત આણતા ફકીરે જણાવ્યું: ''મને આંખો ન હોવાથી હું તમને ત્રણેયને જોઇ શક્યો તો નથી. પણ, મેં વિચાર્યું કે જંગલમાં શિકાર માટે રાજા, મંત્રી અને દરવાન આવે. બીજા કોઇને જંગલમાં આવવાનું શું પ્રયોજન હોય ? અને, વાણી પરથી તમને ત્રણેયને હું તુરંત ઓળખી શક્યો. 'પ્રજ્ઞાચક્ષુ' જેવું કર્ણમધુર

સંબોધન રાજા જેવાના મુખે જ હોય, 'સુરદાસ' શબ્દ અત્યંત મધુર નથી તેમ કડવો પણ નથી. તેથી મેં ધાર્યું કે મને 'સુરદાસ' કહીને બોલાવનાર મંત્રી જ હશે. અને 'અન્ધા'નું સંબોધન તથા બોલવાના રૂઆબ પરથી દરવાનજી તરત ઓળખાઇ ગયા.

બહુશ્રુત, અનુભવી અને વિચક્ષણ વ્યક્તિ બંધ આંખે પણ બોલી પરથી માણસ કયા પ્રાન્તનો છે તે કહી શકશે સોરઠીની બોલી જુદી, કાઠિયાવાડીની જુદી, ઝાલાવાડીની જુદી, વઢીયાર અને ચુંવાળની જુદી, ભાલ અને પંચમહાલની જુદી, બનાસકાંઠા અને સાબરકાંઠાની જુદી, સૂરતી ભાષા જુદી તો ભરૂચી જુદી, ઢબ, ઉચ્ચાર, મીઠાશ આદિ પરથી અનુભવી વ્યક્તિ તુરંત જ બોલનારના પ્રદેશનું નામ જણાવી શકશે.

નાક, કાન, હાથ, પગ આદિ પરથી માણસ જલદી ન ઓળખાય. પણ જીભ દ્વારા થતાં ભોજન અને ભાષણ પરથી તેની કક્ષા ઝટ જણાઇ આવે છે. એક ગામમાં એક પીઢ અને અનુભવી પુરુષ મળ્યા હતા. પોતાને ત્યાં અનેક વ્યક્તિઓને જમવા માટે આમંત્રણ આપતા અને જમવાની પદ્ધતિ પરથી માણસને માપી લેતા. જીભ એ માણસની કક્ષાનું માપ કાઢતું થર્મોમીટર જ જોઇ લો. જીભ પાસેથી જ કદાચ સાચું માપ મળે તે કારણથી જ કદાચ શરીરના ઉષ્ણતામાનનું માપ મેળવવા ડૉક્ટર દરદીની જીભ નીચે જ થર્મોમીટર મૂકતા હશે ! મગજના ઉષ્ણતામાનનું માપ પણ જીભ પાસેથી સહજ જાણવા મળી જાય છે.

ચંચળતા પણ જીભની વિલક્ષણ છે. આંખ તેના ખાડામાંથી ક્યારેય બહાર ન નીકળે, નાક પણ બિચારું સ્થિર, કાન પણ ત્યાંને ત્યાં જ, દાંતને પણ એક જ જગ્યાએ ચોટેલા રહેવાનું. પણ, જીભ તો મુખની બખોલમાં ગમે ત્યાં ફર્યા કરે, તે બખોલમાંથી બહાર પણ નીકળે. લાંબી-ટૂંકી પણ થાય અને કેંકને લાંબા-ટૂંકા કરી પણ નાંખે. મુખના સૌંદર્યનો આધાર જીભ પર ઘણો અવલંબિત છે. જીભ મુખની બહાર નીકળેલી હોય, ત્યારે ચહેરો ઘણો રૌદ્ર લાગે છે. કેટલીક દેવીઓની મૂર્તિમાં જીભ ઘણી બહાર નીકળેલી હોય છે અને તેથી તેમનું સ્વરૂપ ઘણું ચંડ અને રૌદ્ર લાગે છે. જીભ મુખમાં પૂરાયેલી હોય ત્યારે મુખ ઘણું સૌમ્ય લાગે છે.

લાગણીઓ અને ભાવો વ્યક્ત કરવા માટે જીભનો ઘણો ઉપયોગ થાય છે. આશ્ચર્ય કે ખેદ વ્યક્ત કરવા જીભને બહાર કાઢીને નીચે વાળવામાં આવે છે. બીજાને ચીડવવા તથા ચાળા પાડવા નાના છોકરા જીભનો ખૂબ ઉપયોગ કરતા હોય છે.

હવે કરીએ જીભના સ્વાર્થીપણાની વાત. એક જ ચિત્ર અનેક વ્યક્તિઓ જોઇ શકે, એક જ ગીત અનેક વ્યક્તિ સાંભળી શકે, એક જ ફૂલ અનેક વ્યક્તિ સૂંઘી શકે. પણ વાનગીના એક જ પિંડના સ્વાદ એકથી વધુ વ્યક્તિ માણી ન શકે. જે ચીજ જીભ પર મૂકાઇ ગઇ તે હવે કોઇના પણ ભોજન માટે અયોગ્ય બની ગઇ. આ રીતે વિચારતા અન્ય ઇન્દ્રિયો ઉદાર છે અને જીભ સંકુચિત છે. વળી, ચિત્રને કોઇ જુએ તેટલા માત્રથી ચિત્રનું અસ્તિત્વ મટી જતું નથી, ફૂલને કોઇ સૂંઘે તેટલા માત્રથી ફૂલનું અસ્તિત્વ વિલય પામતું નથી. પણ, રસનેન્દ્રિયના વિષયરૂપ ખાદ્યપદાર્થ તો સાવ ભોગવાઇ જાય છે, તેનું અસ્તિત્વ જ મટી જાય છે.

પ્રતિભાવ વ્યક્ત કરવાની અધીરાઇ પણ જીભ જેવી બીજી કોઇ ઇન્દ્રિયમાં નથી. કોઇ દશ્ય જોયા પછી તેના પ્રતિભાવો આંખમાં દેખાય, શબ્દો કાને પડ્યા પછી તેના પ્રતિભાવો જણાય, નાકથી સુગંધ અનુભવાય પછી તેની અસરો મુખ પર દેખાય. પણ, ખાદ્ય પદાર્થ અંગેના પ્રતિભાવો તો તેને આસ્વાદ્યા પૂર્વે જ જીભ વ્યક્ત કરી દે છે. પ્રિય વાનગી સામે આવતાં ખાધા પહેલા જ જીભમાંથી પાણી છૂટે છે.

બીજી ઇન્દ્રિયો માત્ર વિષય ગ્રાહક છે. કાન શબ્દનું ગ્રહણ કરે, આંખ રૂપનું ગ્રહણ કરે, નાક ગંધનું ગ્રહણ કરે, અને ત્વચા સ્પર્શનું ગ્રહણ કરે, પણ, જીભ તો વિષયગ્રાહક છે તેમ વિષયદાયક પણ છે. તે સ્વાદનું ગ્રહણ કરે છે અને કાનના વિષયરૂપ શબ્દનું દાન પણ કરે છે. જીભ છ પ્રકારના રસનું ગ્રહણ કરે છે. તેમ અનેક પ્રકારના (કાવ્યના) રસનો અનુભવ પણ કરાવે છે, કડવા વેણથી કડવો રસ, તીખા વેણથી તીખો તો મીઠી વાણીથી મીઠો. શ્રૃંગારરસ, શાંતરસ, વીરરસ આદિ નવેય રસોની જાહ્નવીનું પ્રસવસ્થાન તો જીભ જ છે ને !

શરીરના કોઇ પણ ભાગમાં ચીકણા પદાર્થ અડાડતા ત્યાં ચીકાશ વ્યાપી જાય છે. પણ ગમે તેટલા ચીકણા પદાર્થો આરોગવા છતાં જીભ ચીકણી બનતી નથી તે પણ એક આશ્ચર્યની વાત છે.

ગુજરાતીના પ્રસિદ્ધ હાસ્ય લેખક શ્રી જ્યોતીન્દ્ર દવેએ તેમના એક નિબંધમાં જીભને સ્ત્રી સાથે સરખાવી છે. જીભની એ એક વિશેષતા છે કે પ્રાયઃ બધી જ ભાષામાં તે સ્ત્રીલિંગ શબ્દ છે. તેથી તે અબળા તો કહેવાય જ. અનેક પ્રતિકૂળ સંયોગો વચ્ચે પણ આ અબળા જીભ કેવી ઝનૂને ચડેલી રણચંડી છે ! હોઠના બે કિલ્લાઓથી તે ઘેરાયેલી છે, આગળ બત્રીસ પહેરેગીરો રાત અને દિવસ તેની ચોકી કરી રહ્યા છે, પાછળ ગળાની ઊંડી ખાઇનું મોટું જોખમ છે, સૂર્યનું એક કિરણ પણ ન પ્રવેશી શકે તેવી અંધારી કોટડીમાં લપાઇ રહેવાનું છે, તે સાંકડી કોટડીમાં સંચરણ માટે ઓછામાં ઓછી જગ્યા છે, અનેક પ્રકારનાં ટાઢા-ઊના, તીખા-ખારા પદાર્થોના અણધાર્યા આક્રમણો આવ્યા કરે છે, લાળ, થૂંક અને ગળફાની ગંદકીમાં સતત ગોંધાઇ રહેવાનું છે. આટ-આટલા પ્રતિકૂળ સંયોગોની વચ્ચે પણ જીભના તોફાનો કેવી માઝા મૂકે છે ! ઝાંસીની રાણી લક્ષ્મીબાઇ કે ચાંદબીબી જેવી પરાક્રમી મહિલાઓને પરાક્રમની પ્રેરણા કદાચ આ અબળા જીભ પાસેથી જ નહિ મળી હોય ?

સમાજ, ધર્મ અને કાયદાની રૂએ પુરૂષ સ્ત્રીનો સ્વામી કહેવાય છે, પણ વાસ્તવમાં ઘણાંખરા પુરૂષો સ્ત્રીના ગુલામ હોય તે રીતે વર્તતા હોય છે. એક ઘરની બહાર બોર્ડ વાંચ્યું હતુંઃ. I am the owner of this house because my wife has permitted me to say so. તે જ રીતે માનવી જીભનો પણ સ્વામી હોવા છતાં મોટેભાગે જીભની સત્તા હેઠળ એ દબાઇ જતો હોય છે. મોટા મહર્ષિઓને પણ આ જીભે સાધનાની ઊંચી અટારીઓથી નીચે પછાડ્યા હોય તેવા થોકબંધ પ્રસંગો સાંભળવા મળે છે.

જીભ અને સ્ત્રીની બીજી પણ એક સમાનતા જ્યોતીન્દ્ર દવેએ નોંધી છે. સ્ત્રી એ કુટુંબનો આધારસ્તંભ કહેવાય છે, મનપસંદ રસવતીઓ બનાવીને અનેક પ્રકારના સુંદર સ્વાદનો અનુભવ કરાવે છે, ઘરનું સૌથી વધુ કામ કરે છે અને છતાં ઓઝલ પડદામાં કે ઘુમટામાં રહે છે. તેમ, શરીરના આરોગ્યનો અને જીવનની શાંતિનો આધારસ્તંભ ગણાતી, મનપસંદ સુંદર સ્વાદનો અનુભવ કરાવતી અને મનના ભાવો તથા હૃદયની લાગણીઓને વ્યક્ત કરવાનું મહત્ત્વનું કામ કરતી આ જીભ પણ મુખના પડદા પાછળ પુરાઇ રહે છે.

ઘરની વાતો સ્ત્રી જલદી બહાર પ્રગટ કરી દેતી હોય છે, તેમ જીભ

પણ પેટની વાતો જલદી બહાર પ્રગટ કરી દેતી હોય છે. રોગનું નિદાન કરતી વખતે ડૉક્ટરો શરીરના અને પેટના ભીતરી રહસ્યો જાણવા જીભને સાધતા હોય છે.

વૈવિધ્યપ્રિયતા એ સ્ત્રીની ખાસિયત કહેવાય છે. ૨૦૦૦ રૂપિયાની કિંમતની ભારે એવી પણ એકની એક સાડી રોજ પહેરવાનું સ્ત્રીને નહિ ગમે. ઓછા મૂલ્યવાળી પણ જુદી સાડી વધુ ગમે. જીભને પણ વિવિધતા ગમે છે. શ્રીખંડપુરીનું મનભાવન જમણ પણ રોજ આપશો તો તે નહિ સ્વીકારે. તેના વિકલ્પ તરીકે રોટલો ને દાળ આપો તો ચાલશે, પણ ચેઇન્જ જોઇએ.

કોઇ પણ ચીજનું આબેહૂબ વર્ણન કરી આપતી જીભનું વર્ણન તો હજારો જીભથી પણ થઇ શકે તેવું નથી. આ જીભ દુર્જન જેવી છિદ્રાન્વેષી અને બાળક જેવી કુતૂહલપ્રિય હોય છે. દાંતના ખૂણેખૂણામાં ફરી વળીને પણ ઝીણી કરચનેય શોધી કાઢવાનો ઉત્સાહ જીભને વરેલો છે.

સિંહ, વાઘ, કૂતરો આદિ પ્રાણીઓ શરીરનો થાક ઉતારવા જીભને મુખની બહાર લાંબી કરીને હાંફતા હોય છે. યોગાસનના શાસ્ત્રોમાં દર્શાવેલા સિંહ-આસન જેવા કેટલાક આસનો કરીને જીભ દ્વારા શરીરશ્રમ ઉતારવાની આ પ્રાણીઓની જન્મજાત કળાને માનવી અપનાવતો જોવા મળે છે.

કેટલાક દર્શનો એમ માને છે કે શેષનાગની હજાર જીભને કારણે આ વિશ્વ ગતિમાન છે. આમ આ દર્શનોએ સમગ્ર વિશ્વની ગતિશીલતાનો યશ જીભને આપ્યો છે.

ઝેરી પ્રાણીઓની યાદીમાં સાપ, વીંછી વગેરેની સાથે મનુષ્યની પણ ગણના થાય છે. સર્વ અંગથી વિષમય એવા વિષપુરુષ કે વિષકન્યાની વાતો શાસ્ત્રોમાં જોવા મળે છે પણ સામાન્યથી વાત કરીએ તો માનવીની જીભમાં ઝેર હોય છે. રાતભર મુખમાં ધાન્ય રાખીને સવારે બહાર કાઢતા તે વિષમય બની ગયું હોય છે. સવારે ઊઠીને મુખનું થૂંક લગાડવાથી દાદર કે ખરજવા જેવા ચર્મરોગો મટી જાય છે.

જીભની ઉંમર માનવીની ઉંમર જેટલી જ હોય છે પણ દાંતની ઉંમર તેના કરતાં ઓછી હોય છે અને આવરદા પણ ટૂંકી હોય છે. તેની પાછળ પણ

કુદરતી રહસ્ય છૂપાયેલું હોય તેવું જણાય છે. તોફાની મિજાજવાળી જીભને અંકુશમાં રાખવા માટે કુદરત દાંતની રચના કરે છે. જીભને અંકુશમાં રાખવા ગોઠવાયેલા બત્રીસ ચોકીદાર એટલે ૩૨ દાંત, પણ કુદરતની કરામત જોવા જેવી છે. નવજાત શિશુને બોલતા આવડતું નથી અને દૂધ સિવાય બીજો કોઇ તેનો ખોરાક નથી. તેથી, જીભડીના બન્ને પ્રકારના તોફાનનો હજુ પ્રારંભ નથી થયો તો ચોકીની શું જરૂર છે ? તેથી નવજાત શિશુને જીભ હોય છે પણ દાંત નથી હોતા, પછી ધીમે ધીમે બાળક બોલતા શીખે અને જીભના ટેસ્ટ પણ વધે ત્યારે જીભના તોફાનની શરૂઆત થઇ જાય છે. માટે હવે દાંત ફૂટવા લાગે છે. થોડા વખતમાં તો ચોકી કરનારા ૩૨ પહેરેગીરો બરાબર ડ્યુટી પર ગોઠવાઇ જાય છે. પણ કિશોરવય થતાં આ લૂલીના બન્ને પ્રકારના તોફાનો વિફરે છે. ત્યારે શૈશવના નબળા-પાંગળાં આ પહેરેગીરોને લૂલી ગાંઠે ખરી ? એટલે દૂધિયા દાંત પડતા જાય અને તેના સ્થાને કુદરત નવા મજબૂત ૩૨ પહેરેગીરોને નિયુક્ત કરે છે. ઘડપણમાં કાયા શિથિલ બનતા જીભ થોડી શાંત પડે છે, ખોરાક ઘટી જાય છે અને અશક્તિને કારણે બોલવામાં પણ શ્રમ પડે છે. અને કદાચ બોલવાની શક્તિ હોય તોય ત્યારે કોઇ સાંભળનાર નથી હોતું. તેથી જીભના તોફાન આપમેળે શમી જાય છે. માટે પહેરગીરો રાખવાની હવે કોઇ આવશ્યકતા નથી. તેથી પેલા ૩૨ ચોકીદાર એક પછી એક નિવૃત્ત થતાં જાય છે.

૩૨ ચોકીદારો હોવા છતાં લૂલી તેમને ગાંઠે છે ક્યાં ? એક વાર દાંત અને જીભ વચ્ચે ઝગડો થયો. દાંતે કહ્યું: ‘‘અમે કેટલીય વાર સુધી મહેનત કરીને કઠણ ખોરાકનો પણ સાવ ચૂરો કરી નાંખીએ અને તું તો પળવારમાં તેને અંદર ઉતારી જાય છે. તે અમે નહિ ચલાવી લઇએ. આ તારા તોફાન ચાલુ રહેશે તો તને પાઠ ભણાવવો પડશે. તું એકલી છે, અમે ૩૨ છીએ. તું સાવ ઢીલીપોચી છે, અમે મજબૂત અને તીક્ષ્ણ છીએ. જો તું બહુ ફાળે થઇશ તો અમે ભેગા થઇને તને ચગદી નાંખશું.’’ અને, આ કઠોર ધમકીથી પણ નહિ ગભરાયેલી સમસમી ઊઠેલી જીભે તીખા સ્વરમાં કહ્યું: ‘‘બહુ ડહાપણ રહેવા દો. તમે ૩૨ છો, મજબૂત છો, અને તીક્ષ્ણ છો અને સામે હું એકલી અને ઢીલીપોચી છું, છતાં તમને પહોંચી વળું તેમ છું. હમણાં કોક પહેલવાન આગળ જઇને જરાક આડુઅવળું બકી આવીશ તો તમારા બત્રીસે બત્રીસના ફુરચા ઊડી જશે. સમજ્યા ?’’

અને, ખરેખર વાત સાચી છે. ઢીલી જીભ ક્યારેક દાંતને પણ ઢીલા કરી નાંખે તેવી છે. એક પણ હાડકું નહિ હોવા છતાં ભલભલાના હાડકા ખોખરાં કરી નાંખવાની તાકાત તેનામાં પડી છે. The tongue is but three inches long, yet it can kill a man six feet tall.

ગમે તે કહો. પણ બે હોઠ અને ૩૨ દાંત જીભનું ઊંચું મૂલ્યાંકન રજૂ કરે છે. ચીજ જેટલી વધુ કિંમતી તેટલી તેના સંરક્ષણ માટે તકેદારી વધુ રાખવી પડે. આટલી બધી ચોકી વચ્ચે ગુપ્ત બખોલમાં જીભને ગોઠવીને કુદરતે તેના ઊંચા મૂલ્યનો પરિચય કરાવ્યો છે.

જીભના ભોજનના કાર્યક્ષેત્રનો વિચાર કરીએ તો જીભ એ પેટોબા એન્ડ કંપનીના કમિશન એજન્ટ તરીકેનો દરજ્જો ધરાવે છે. કોઇપણ કમિશન એજન્ટ માત્ર પોતાના કમિશનનું જ લક્ષ્ય રાખીને પોતાની પાર્ટી વતી ગમે તેવો માલ ખરીદે રાખે તો બજારમાં તેની શાખ ઊભી થતી નથી. પોતાની પાર્ટીને કેમ વધુ ફાયદો થાય તેનું મુખ્ય લક્ષ્ય રાખવું તે કમિશન એજન્ટની ખાનદાની છે. એક કમિશન એજન્ટ તરીકે જીભ મોટેભાગે આ ખાનદાની ચૂકી જતી હોય છે. પોતાને અન્નની આયાતનું કાર્ય જેના વતી કરવાનું છે, તે પેટના ફાયદાનું લક્ષ્ય મોટેભાગે જીભ ચૂકી જતી હોય છે. માત્ર પોતાના કમિશનના લોભથી એજન્ટ સડેલો કે નકામો માલ પણ ખરીદે રાખે અથવા પાર્ટીની આવશ્યકતા કે કેપેસિટી કરતાં પણ વધુ માલ ખરીદે રાખે તેવા માત્ર પોતાના લાભની આકાંક્ષાવાળા એજન્ટ જેવી આ જીભ છે. પેટ બગડી જાય કે અનેક પ્રકારના રોગો થાય તેવી પણ વાનગીઓ માત્ર પોતાના સ્વાદરૂપ કમિશનના લોભથી જીભ આરોગતી હોય છે. અને મનપસંદ વાનગી આવી જાય ત્યારે પેટની ક્ષમતાનો વિચાર કર્યા વગર વાનગીનો ઉપાડ જીભ કરી લે છે. એજન્ટે કરી દીધેલા માલના વધારે પડતા ભરાવાનો કારણે ઘણીવાર પાર્ટીનો બેન્કમાં ઓવરડ્રાફટનો આંકડો ઘણો વધી જતો હોય છે તો ક્યારેક નાદાર તરીકે જાહેર થવું પડે છે, તે જ રીતે પેટનો ઓવરફ્લો ઘણીવાર છેક ગળા સુધી પહોંચી જાય છે અને ક્યારેક અકરાંતિયા તરીકે જાતને જાહેર કરી દેવી પડે છે. આવા અનેક કડવા અનુભવો છતાં પેટને એજન્ટ તરીકે જીભને જ રોકવી પડે છે. કારણ કે જીભની આ ક્ષેત્રમાં મોનોપોલી છે.

ઘણાં નાનાં છોકરાં વિચિત્ર હોય છે. તેને સારાં કપડાં પહેરાવો તો થોડી વારમાં જ બગાડી નાંખે. નવાં રમકડાં આપો તો થોડી જ વારમાં તોડી નાંખે. સુંદર ચિત્ર જોવા આપો તો તુરંત જ ફાડી નાંખે, આવા બાળકને કેવાં કપડાં, રમકડાં કે વસ્તુ આપવી તે તેના મા-બાપ સમજી જતા હોય છે. ગમે તેવી સારી વાનગી જીભ પર મૂકતાની સાથે જ જીભ તેને વિકૃત કરી નાંખે છે. આવી જીભને કેવી વાનગી આપવી જોઇએ તેની સમજણ બહુ ઓછા પાસે હોય છે.

કોમી હુલ્લડો કે નવનિર્માણ આદિના તોફાનો માટે અમદાવાદ વિશ્વપ્રસિદ્ધ છે. વરસે દહાડે એકાદ નાનું-મોટું હુલ્લડ અમદાવાદના આંગણે ખેલાયેલું સાંભળવા મળે જ. મોટે ભાગે આ તોફાનનો પ્રારંભ ખાડિયા કે જમાલપુર વિસ્તારમાંથી થાય છે. ખાડિયામાં થયેલું નાનું અમથું છમકલું થોડા કલાકોમાં તો આખા અમદાવાદમાં વ્યાપી જાય. શરીરમાં રહેલી જીભ પણ અમદાવાદના ખાડિયા જેવી છે. કોઇપણ જાતના તોફાનોનો પ્રારંભ મોટે ભાગે જીભથી થતો હોય છે. અને, જીભના તોફાનનો ચેપ અન્ય ઇન્દ્રિયોને પણ લાગી જાય છે. ખાડિયા શાંત તો આખું અમદાવાદ શાંત, તેમ જીભ શાંત તો સર્વ ઇન્દ્રિયો શાંત એટલે તો મહર્ષિઓએ કહ્યું છે : रसे जिते जितं सर्वम् । (જેણે રસને જીતી લીધો, એણે બધુ જ જીતી લીધું.) તાલવૃક્ષનું મર્મસ્થાન મસળી નાંખવાથી આખું વૃક્ષ સુકાઇને ખલાસ થઇ જાય છે. જીભ આવું એક મર્મસ્થાન છે. તેને જીતી લેવામાં આવે તો બીજી ઇન્દ્રિયો અને દુર્જય મન પણ આપોઆપ જીતાઇ જાય છે.

જીભને વશમાં રાખવાનું કામ મોટા મદોન્મત્ત હાથીને નિયંત્રિત કરવા કરતાં પણ કઠિન છે. છતાં અત્યંત આવશ્યક છે. અન્ય ઇન્દ્રિયોનો દુરુપયોગ તો માત્ર તે વ્યક્તિને જ નુકસાન કરે છે, જ્યારે જીભના દુરુપયોગનું નુકસાન તો પોતાને પણ ઘણું અને બીજાને પણ ઘણું. એકની અનિયન્ત્રિત જીભ અનેકોના સુખ, શાંતિ અને આનંદથી હર્યા ભર્યા જીવન-ઉપવનમાં આગ ચાંપી દેવા સમર્થ છે અને એક વ્યક્તિની મધુર સુનિયન્ત્રિત જીભ અનેકોના અશાંતિના કાદવથી ખદબદતા જીવન ક્યારામાં પણ પ્રસન્નતાનું મઘમઘતું પોયણું ખીલવી દે છે.

મન કૂવો છે અને વાણી હવાડો છે. જેવું કૂવામાં હોય તેવું હવાડામાં

આવે. તેથી આપણા શબ્દોમાં આપણાં મનની વિચારધારાનું પ્રતિબિંબ પડે છે. આ વાત જેમ સાચી છે તેમ એ પણ સમજી રાખવું જોઇએ કે આપણાં મુખમાંથી નીકળેલા વચનના આધારે બીજાનું મન પણ તેવું ઘડાતું હોય છે. મનના સદ્‌વિચારો કે દુષ્ટવિચારો ચેપ ફેલાવતા વાયરસ જેવા છે. જીભમાંથી નીકળતા વચનો મનના દુષ્ટ વિચારો વાણી દ્વારા વ્યક્ત નથી થયા ત્યાં સુધી તે એક વ્યક્તિને જ નુકસાન કરશે પણ વ્યક્ત થઇ ગયા પછી અનેકોને નુકસાનીની ઝાપટમાં લેશે.

અન્ય પ્રાણીઓ કરતાં મનુષ્યને શ્રેષ્ઠ ગણવામાં આવે છે, તેનું કારણ શું હશે ? આંખની બાબતમાં તો બિલાડી માણસને આબાદ હરાવી દે તેમ છે. નાક તો માણસ કરતાં કીડીનું વધુ તીક્ષ્ણ હોય છે. કૂતરો પણ ચપ્પલ આદિ સુંઘીને ચોરનું પગેરું પકડી પાડતો હોય છે. માનવના હાથ કરતાં ગોરીલાના હાથ વધુ ચપળ અને તાકાતવાળા હોય છે. પગની વાત કરીએ તો હાથીના પગ આગળ માનવપગ સાવ વામણા છે. વાળ રીંછને ઘણાં છે અને દાંત અને નખ વાઘ-સિંહના તીક્ષ્ણ છે, કાન હાથીનાં ઘણાં મોટા છે. અને હરણના કાન ઘણા શબ્દને બહુ દૂરથી પકડી શકે છે. આમ લગભગ બધા અંગોની બાબતમાં કોઇને કોઇ પ્રાણી માનવીને મહાત કરી જાય છે. હવે બાકી રહી બુદ્ધિ અને જીભની વાત. આ બે બાબતમાં માનવી પશુ કરતાં ચડિયાતો છે. મનુષ્યની શ્રેષ્ઠતા પુરવાર કરવામાં જીભનો બહુ મોટો ફાળો છે. મનના તરંગો, હૃદયના ભાવો કે દિલની લાગણીઓને વ્યક્ત કરી આપવાનું સૌભાગ્ય માત્ર માનવ જીભને જ વરેલું છે. સર્વ પ્રાણીઓમાં પોતાને શ્રેષ્ઠ ગણાવવામાં મહત્ત્વનો ભાગ ભજવનાર જીભનું માનવી પર મોટું ઋણ છે.

ગાય, ભેંસ, ઘોડા અવાજ કરી શકે છે પણ પોતાના વિચારો, લાગણીઓ અને ભાવોને જીભથી વ્યક્ત કરવા બિલકુલ અસમર્થ છે. કકડીને ભૂખ લાગી હોય કે તૃષાથી તાળવું શોષાતું હોય, તે બિચારા ભોજન કે પાણીની માંગણી વાણી દ્વારા જરાય ન કરી શકે. કોઇ વગર વાંકે પીઠ ઉપર ચાબુકના ફટકા મારે તોય વાણીથી તેનો જરાયં પ્રતિકાર ન કરી શકે કે કોઇને ફરિયાદ પણ ન કરી શકે. કેટલાક મનુષ્યો પણ બિચારા જન્મથી મૂંગા અને બોબડા હોય છે. તેમના હૃદયમાં ઘણી લાગણીઓ ઊમટે, મન ઘણાય વિચાર કરે કે શરીરમાં કાંઇ

વેદના હોય છતાં તેમાનું કાંઇ જ તેઓ વ્યક્ત ન કરી શકે. આ મૂંગા પ્રાણીઓ અને મનુષ્યોની કરુણ અને લાચાર અવસ્થાનો વિચાર કરીએ તો આપણને પ્રતીત થશે કે આપણને પ્રાપ્ત થયેલી વચનલબ્ધિ કેટલી બધી મૂલ્યવાન છે !!

પક્ષીઓ પાસે ઉડ્ડયનલબ્ધિ છે, મનુષ્ય પાસે નથી. છતાં વિમાન અને રોકેટની શોધ કરીને મનુષ્ય ઉડ્ડયનલબ્ધિનો સ્વામી બન્યો છે. માછલી દિવસ-રાત પાણીમાં તરી શકે છે તેવી તરણલબ્ધિ માનવી પાસે ક્યાં છે ? છતાં સ્ટીમર અને સબમરીનની રચના કરીને માનવી માછલીની જેમ પાણીમાં દિવસો સુધી તરતો થયો છે. આમ પશુ-પક્ષીઓની વિશિષ્ટ શક્તિઓ પોતાની વિશિષ્ટ બુદ્ધિશક્તિ દ્વારા માનવી પ્રાપ્ત કરી શક્યો છે. પણ પશુઓ અને પક્ષીઓ પાસે એવી કોઇ સૂઝ નથી કે માનવીને પ્રાપ્ત થયેલી અણમોલ વચનલબ્ધિ તેઓ કોઇ પણ રીતે પ્રાપ્ત કરી શકે. આમ વિશિષ્ટ વચનલબ્ધિ પ્રત્યે માનવીની ઇજારાશાહી છે.

પશુઓને જે અવ્યક્ત વાચા મળી છે તે પશુભાષાનો અનુવાદ થઇ શકતો નથી. પણ માનવ ભાષાની એ વિશેષતા છે કે તેનો અનુવાદ પણ થઇ શકે છે. અંગ્રેજી, ગુજરાતી, હિન્દી, મરાઠી, ફ્રેન્ચ, લેટીન આદિ અનેક ભાષાઓના પરસ્પર એકબીજામાં અનુવાદ થઇ શકે છે, પણ ભેંસના ભાંભરવાનો કૂતરાના ભસવામાં, ઘોડાના હણહણાટનો ગધેડાના ભૂંકવામાં કે ચકલીના ચીં ચીંનો કાગડાના કા કામાં અનુવાદ થઇ શકે ખરો ?

આ બધા દ્વારા એ ફલિત થાય છે કે માનવીને પ્રાપ્ત થયેલી ભાષા કે વચનશક્તિ અણમોલ અને અદ્વિતીય છે. અમૂલ્ય રત્ન મળી ગયા પછી કોઇ ડાહ્યો માણસ તેને નિરર્થક વેડફી નાંખે ખરો ? પાંચ હજાર રૂપિયાની કિંમતી નવી સાડી રસોડામાં રસોઇ કરતી વેળાએ પહેરવામાં કોઇ મહિલા ઉપયોગ કરે ખરી ? સુવર્ણ ઘણું કિંમતી છે માટે તેનો વપરાશ પણ જૂજ છે. ઘી કિંમતી છે માટે તેનો વપરાશ પાણીની જેમ બેધડક નથી થતો. વચનશક્તિ પણ બહૂમૂલ છે તેની પ્રતીતિ થયા પછી તેના વપરાશમાં સાવધાની, જાગૃતિ અને કરકસરવૃત્તિ પૂરેપૂરી જોઇએ.

*વચન રતન મુખ કોટડી બંધ કર દીજે તાળ,*
*ગ્રાહક હોય તો ખોલીએ, દીજે વયણ રસાળ.*

પ્રકૃતિએ ભાષાનો આ અનુપમ જાદુ માનવીને ભેટ ધર્યો છે તે માનવીનું પરમ સૌભાગ્ય છે. વાચા વિનાની માનવસૃષ્ટિની પળભર કલ્પના કરો તો ધ્રૂજી ઊઠશો. વાણી ન હોત તો ગીત અને સંગીત ન હોત, ફિલ્મ અને નાટક ન હોત, રેડિયો અને ટી.વી. ન હોત, ટેપરેકોર્ડર અને લાઉડ સ્પીકર ન હોત, ટેલિફોન એ ટેલીગ્રામ ન હોત, પ્રભુનું ભજન ન હોત, ઇશ્વરની ધૂન પણ ન હોત, મુલ્લાજીની બાંગ પણ ન હોત અને પંડાનો પૂજાપાઠ પણ ન હોત.

પિતા પોતાના વહાલા બાળકને હુલામણા શબ્દોથી કેવી રીતે બોલાવી શકત ? માતા પોતાના વહાલસોયા નંદને સુવાડવા હાલરડા પણ કેવી રીતે ગાઇ શકત ? પ્રેમીઓના આલાપ ન હોત, નણંદના મહેણાં ન હોત, લગનના ગાણાં ન હોત, મરણનાં મરસિયા પણ ન હોત.

અભિનંદન અને આશ્વાસન ન હોત, ચૂંટણીના વચનો ન હોત, લાંબાટૂંકા પ્રવચનો ન હોત, ભાષણખોરોનાં ભાષણ ન હોત. શાળાઓ અને કોલેજો ન હોત, વાદ ન હોત, વિવાદ ન હોત, કજિયા અને કંકાશ ન હોત. પ્રશંસા અને નિંદા ન હોત, ઉપદેશ અને સંદેશ ન હોત. વકતૃત્વ સ્પર્ધાઓ અને મિમિક્રીના મનોરંજન ન હોત. હૈયાની વાતો સાંભળનાર મિત્ર હોવા છતાં ય રજૂ નહિ કરી શકવાની લાચારીથી માણસ કણસતો હોત. દુઃખ અને દર્દથી તે ભાંગી પડે ત્યારે ઘણીય જરૂર હોવા છતાં કોઇના પણ તરફથી આશ્વાસનનું વચન તે પામી ન શકત. માનવીને સંસ્કારિતાની ઉચ્ચ ટોચ સુધી પહોંચાડનાર સાહિત્ય ન હોત. ગીતા, રામાયણ, બાઇબલ કે ગ્રન્થસાહેબ ન હોત. આંદોલનો અને અધિવેશનો ન હોત, સંમેલનો અને પરિસંવાદો ન હોત, સરઘસો અને વસિયતનામા ન હોત, કાવ્યો અને નિબંધો ન હોત, વ્યાકરણ અને વાઙ્મય ન હોત. માઘો અને કાલિદાસો કે મેઘાણીઓ અને મીરાંબાઇઓ પાક્યા ન હોત. ચારણો, ગઢવીઓ કે દુભાષિયા ન હોત. પ્રેસ અને પ્લેટફોર્મ ન હોત, ઝેરોક્ષ અને સાયક્લોસ્ટાઇલ ન હોત, કોમ્પ્યુટર અને કેલક્યુલેટર ન હોત, ટાઇપરાઇટર ન હોત ને ટાઇપિસ્ટ ન હોત, વહી ન હોત, વહીવંચા ન હોત, પેન ન હોત, પેન્સિલ ન હોત, રીફીલ અને ઇન્ક ન હોત, શાર્પનર અને રીમુવર ન હોત, નોટબુક અને ડાયરી ન હોત, પોસ્ટ ઓફિસ અને પોસ્ટમેન ન હોત, કવર અને ઇન્લેન્ડ ન હોત. બજેટ અને ભાવવધારા ન હોત.

*ક્રોધને પ્રગટ કરવા માનવીને શબ્દો જોઇએ છે.*
*વ્યથાને વ્યક્ત કરવા માણસ શબ્દો ગોતે છે.*
*પ્રેમને પાથરવા શબ્દોનો સથવારો માંગે છે.*
*આનંદની અભિવ્યક્તિ માટે શબ્દોની સહાય જોઇએ છે.*

બીજાને ઠગવા પણ તે ભાષાનો ઓશિયાળો બને છે.

ઇચ્છાઓને જણાવવા અને ઊર્મિઓને વ્યક્ત કરવા તેણે ભાષા પાસે શબ્દોની ભીખ માંગવી પડે છે.

હર્ષ અને શોકની લાગણી જણાવવા શબ્દોની જરૂર પડે છે. શરીરની પીડાને વાણી દ્વારા જણાવી શકાતી ન હોત તો ડૉક્ટર પણ શું કરત ? મનની મૂંઝવણોને વ્યક્ત કરવા વાણી ન હોત તો મિત્ર પણ શું કરી શકત ? શબ્દ ન હોત તો જ્યોતિષ, કુંડલી અને ભવિષ્યવાણી પણ ક્યાંથી હોત ? પ્રભુ હોવા છતાં પ્રાર્થના ન હોત, ગુરુ હોવા છતાં ઉપદેશ ન હોત. અરે ! ખુદ આ પુસ્તક અને આવા હજારો પુસ્તકો / ગ્રંથો પણ ક્યાંથી હોત ?

*વાણી વગરનો માનવી નિઃસહાય હોત.*
*વાચા વગરનો માનવી લાચાર હોત.*
*ભાષા વિનાનો માનવી પશુતુલ્ય હોત.*
*શબ્દ વગરનો માનવી તુચ્છ અને પછાત હોત.*

પણ, કુદરતની રહેમ છે, વાણીનો વ્યાસંગ મળ્યો. પ્રકૃતિની કૃપા છે, ભાષાનો જાદુ મળ્યો. મનોજ ખંડેરિયા પ્રભુ પાસે શબ્દો મળ્યાનો આનંદ વ્યક્ત કરે છે:

"સારું થયું શબ્દો મળ્યા, તારે નગર જાવા.
ચરણ લઇ દોડવા બેસું તો વરસોના વરસ લાગે."

વાણી એ અજબનો જાદુ છે, પતનની ખાઇમાં પણ ફેંકે અને પરમ સમીપે પણ પહોંચાડે. વાણી એ પરાશક્તિ છે, ઉચ્ચાસને પણ બેસાડે અને સાવ નીચે પણ ગબડાવે. ચારિત્ર્ય અને ચાતુર્યથી યુક્ત શબ્દ સુવર્ણના પાત્રમાં મૂકેલા નવલખા હારની જેમ શોભી ઊઠે છે. એક ચિંતકે લખ્યું છે કે વાણી એ જીવનનું પંચામૃત છે, તેમાં ઘીની સ્નિગ્ધતા, દૂધની પવિત્રતા, દહીંની તરલતા, મધની મીઠાશ અને સાકરની મિષ્ટતા હોવી જોઇએ.

ચાર-છ મહિનાની ઉંમર થતાં જ બાળક બોલવાનું શીખવા લાગે છે. નાની ઉંમરમાં જ તે બોલતો થઇ જાય છે. પણ દુઃખની વાત એ છે કે ઘણાં ખરાં માનવી તો પાકટ ઉંમરના થવા છતાંય જબાન વાપરતા શીખ્યા નથી હોતા માટે બોલવાને બદલે ઘણીવાર બોળતા જ હોય છે. ઘણી વ્યક્તિઓ અનેક ભાષા પર પ્રભુત્વ ધરાવતી હોય છે. ઘણી ભાષાઓ જાણે ખરા પણ એકેય ભાષામાં જીભને વશમાં રાખી ન શકે. ધૂમકેતુ કહે છે કે જીભને સ્વાધીન રાખનારો જીવનને પણ સ્વાધીન રાખી શકે છે. મોટા મીલમાલિક અને મોટરમાલિકો પણ જીભના તો ગુલામ જ હોય છે. શું બોલવું અને શું ખાવું તે જીભ નક્કી કરે છે, પોતે નહિ. ઘણી સમૃદ્ધિના સ્વામી, ઘણાં શાસ્ત્રોના પંડિત કે ઘણી ભાષાના વિદ્વાન બન્યા પછી પણ બોલતાં ન આવડે તો એ સમૃદ્ધિનો, જ્ઞાનનો કે ભાષાનો વૈભવ શું કામનો ?

એક સુંદર કવિત વાંચવા જેવું છે,

સીખ્યા બહુ શ્લોક ઔર કવિતા સુછન્દ જાને
જ્યોતિષકો સીખ મન રહત ગરુરમેં
સીખ્યો સબ સૌદાગિરી બજાજી સરાફી જાને
લાખનકો ફેરફાર બહ્યો મત પૂરમેં
સીખ્યો સબ મન્ત્ર જન્ત્ર તન્ત્ર સબ વાદ સીખ્યો
પિંગલ પુરાણ સીખ સીખ ભયો સૂરમેં
સીખ્યો સબ ઠાટ-બાટ નિપટ સયાણો ભયો
બોલવો ન સીખ્યો તબ સીખ્યો ગયો ધૂરમેં.

શબ્દમાં જે તાકાત છે તે અણુબોમ્બ કે ન્યુક્લિઅરબોમ્બમાં પણ નથી. થર્મલ પાવર, ઇલેક્ટ્રિક પાવર કે સોલાર પાવર કરતાં પણ ચડિયાતો શબ્દનો પાવર છે. મંત્રની શબ્દશક્તિથી દેવતાઓ પણ ખેંચાય છે. ધ્વનિના માહાત્મ્યથી પ્રકૃતિ અનુકૂળ બને છે.

એક રાજાનો મુખ્ય હાથી સરોવરના કાદવમાં ફસાઇ ગયો. તેને બહાર કાઢવા મહાવતોએ લાખો પ્રયત્ન કર્યા. આખું સૈન્યદળ હાજર થયું પણ હાથીને બહાર કાઢવામાં નિષ્ફળ ગયું. કાદવમાંથી તેને બહાર કાઢવામાં જેમ જેમ વધુ પ્રયત્નો થતાં ગયા તેમ તેમ હાથી કાદવમાં વધુને વધુ ખૂંપાતો ચાલ્યો. રાજા

પણ ભારે મૂંઝાયો. છેલ્લે નિવૃત્ત થયેલા વૃદ્ધ અને અનુભવી મહાવતને ત્યાં બોલાવવામાં આવ્યો. પરિસ્થિતિ જાણ્યા બાદ તુરંત તેણે સેનાપતિને રણશિંગું ફૂંકવા સૂચન કર્યું. રણશિંગાના શબ્દે તો કમાલ કરી. રાજાના આ લડાયક હાથીમાં જબરું શૂરાતન પ્રગટ્યું અને જોર કરીને પળવારમાં તો તે સરોવરના કિનારા પર આવી પહોંચ્યો અને ઝૂલવા લાગ્યો. બાવડાના બળ થાક્યા ત્યાં રણશિંગાનો એક શબ્દ સફળ નીવડ્યો.

કોઇ શબ્દથી શૂરાતન પ્રગટે, કોઇ શબ્દથી શૂરાતન ઓસરે.
કોઇ શબ્દ વિકાર પેદા કરે, કોઇ વૈરાગ્ય.
કોઇ શબ્દ ક્રોધ ઉપજાવે, કોઇ શબ્દ ક્રોધીને શાંત કરે.
કોઇ શબ્દ અહોભાવ ઉપજાવે, તો કોક શબ્દથી ઘૃણા ઊપજે.
કોઇ શબ્દથી શાતા ઊપજે, તો કોક શબ્દ વ્યથિત કરે.

કુરુક્ષેત્રના મેદાનમાં અનિર્ણયની અવસ્થામાં ગાંડીવને સંકોરીને ઉદાસીન ઊભેલા અર્જુનને શ્રીકૃષ્ણ સ્વધર્મ યાદ કરાવતા જણાવે છે :

પાર્થને કહો ચડાવે બાણ, હવે તો યુદ્ધ એ જ કલ્યાણ.

આ શબ્દોએ અર્જુનને ઢંઢોળ્યો અને સંકોરેલા ગાંડીવને હાથમાં પકડી તેના પર પણછ ચડાવ્યું.

શબ્દના માહાત્મ્યથી ભક્તામરસ્તોત્ર બોલવા દ્વારા માનતુંગસૂરિએ પોલાદી જંજીરોને તોડી નાંખી હતી !

કલ્યાણમંદિર સ્તોત્રના પાઠ દ્વારા સિદ્ધસેન દિવાકરસૂરિએ ઉજ્જૈનના મહાકાલ મંદિરમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુને પ્રગટ કર્યા હતા.

ઉવસગ્ગહરં સ્તોત્રથી ભદ્રબાહુસ્વામીએ શ્રી સંઘ ઉપર આવી પડેલા મરકીના ઉપદ્રવનું નિવારણ કર્યું હતું.

અજિતશાંતિ સ્તોત્ર ભણીને નંદિષેણસૂરિજીએ આખી દેવકુલિકાને સ્થળાન્તરિત કરી હતી.

ઉત્થાનસૂત્રના પાઠ દ્વારા ભર્યુંભાદર્યું નગર ઉજ્જડ બની જાય અને સમુત્થાન સૂત્રના પાઠ દ્વારા ઉજ્જડ ગામ પણ ધમધમતું નગર બની જાય તેવા વર્ણનો શાસ્ત્રોમાં વાંચવા મળે છે.

સાધ્વીજીના મુખમાંથી નીકળેલા સ્વાધ્યાયના શ્લોકોના શ્રવણથી જૈન સંઘને હરિભદ્રસૂરિ નામના એક મહાન આચાર્ય મળ્યા.

સાધુ ભગવંતોના સ્વાધ્યાયના શબ્દોએ લખલૂટ સમૃદ્ધિના સ્વામી એવા અવંતિસુકુમાલને સંયમ સાધના માટે ઉત્સાહિત કર્યો હતો.

આફ્રિકાના જંગલી લોકો સૂકા ઝાડ પર ટકોરા મારીને તેના અવાજ દ્વારા દૂર દૂર સુધી સંકેતની ભાષામાં સંદેશા પહોંચાડી દે છે. જંગલની નજીકની એક હોટલ પાસે એક વાર એક પોલીસનું ખૂન થયું. બે જ કલાકમાં દૂર-દૂરથી સેંકડો જંગલી લોકો ત્યાં પહોંચી ગયા અને ખૂનીને ઠાર માર્યો. આ ઘટનાને જોનારા એક આદમીએ શબ્દના પ્રસારણ દ્વારા સમાચાર ફેલાવી દીધા હતા.

શબ્દ અને ધ્વનિના જાદુને રેડિયો, ટી.વી., વી.સી.આર., ટેપરેકોર્ડર, ટેલેક્ષ, ટેલિગ્રામ, ટેલિફોન, ગ્રામોફોન, મેગાફોન, ઇઅરફોન, ફેક્સ, વોકીટોકી, ઇન્ટરકોમ આદિ અનેક સાધનો દ્વારા આપણે માણીએ છીએ. એક અવાજના ૧૦-૧૦ પડઘા પાડતો બિજાપુરનો ગોળ ગુંબજ શબ્દના જાદુઇ મિજાજનો પરિચય કરાવે છે.

ગોપાલ સ્વામીએ સ્વરો દ્વારા પાંદડામાંથી સાકરનો સ્વાદ બનાવી આપ્યો હતો. અને પથ્થરને સાકરમાં પરિવર્તિત કર્યો હતો.

ફ્રાન્સમાં એક વિદુષી મહિલાએ શબ્દના પ્રયોગો દ્વારા છાયાચિત્રો ઉત્પન્ન કર્યા હતા.

એક બંગાળી વિદ્યાર્થીએ શંકરાચાર્યનું ભૈરવાષ્ટક બોલી કાળભૈરવની આકૃતિ પ્રગટ કરી હતી.

લલિતાસહસ્રનામ પર સૌભાગ્ય ભાસ્કર નામની મંત્રમય ટીકા રચનાર શ્રી ભાસ્કરાચાર્ય મક્ષીજીથી વારાણસી ગયા ત્યારે પંડિતોના વાદવિવાદમાં સંસ્કૃત શ્લોકો બોલીને યોગિનીના દૃશ્યો ખડા કરી દીધા હતા.

શબ્દથી દેવોને આવર્જિત કરી શકાય છે, ડાકણો વશ થાય છે. શબ્દની તાકાતથી નદીના વહેણ અટકાવ્યાના કે સર્પને સ્તંભિત કરી દીધાના ચમત્કારો શાસ્ત્રોમાં સંભળાય છે.

શ્રી ગુપ્તાચાર્ય નામના પોતાના ગુરુ પાસેથી મેળવેલી વિદ્યાઓ દ્વારા રોહગુપ્ત નામના મુનિએ નકુલી, મયૂરી, માર્જારી, રાસભી આદિ વિદ્યાઓના

પ્રભાવથી નોળિયો, મોર, બિલાડી આદિ છોડીને પ્રતિવાદીના દુષ્ટ પ્રયત્નોને નિષ્ફળ બનાવ્યા હતા.

મીયાં ગુલાબ બુલુબલ રાગ ગાતા ત્યારે બુલબુલ પક્ષીઓ ઊડી આવતા.

દીપક રાગ છેડીને સંગીતના નિષ્ણાતો વગર અગ્નિએ દીપક પ્રગટાવી દેતા અને મેઘમલ્હાર રાગ ગાઇને વરસાદ વરસાવતા.

શબ્દની આ પ્રચંડ તાકાતને આજનું વિકસિત વિજ્ઞાન પણ સ્વીકારે છે. બોલાયેલા કોઇ પણ શબ્દમાંથી નવા નવા તરંગો પેદા થાય છે. આ દરેક તરંગ શબ્દમય હોય છે. આજનું વિજ્ઞાન કહે છે કે આ તરંગો ૧૮,૦૦૦ની સંખ્યા ઓળંગે ત્યારે ધ્વનિ અશ્રાવ્ય બને છે. આ અશ્રાવ્ય ધ્વનિમાં પ્રચંડ તાકાત રહેલી છે. તેનો એક ઊર્જા રૂપે પણ ઉપયોગ થઇ શકે છે. અશ્રાવ્ય ધ્વનિથી ચાલતા અલ્ટ્રાસોનિક ડ્રીલ વડે લોહીનું એક ટીપું પણ પાડ્યા વિના મગજના ગંભીર અને જોખમી ઓપરેશનો આસાનીથી થઇ શકે છે. ધ્વનિ પ્રયોગથી કઠણ હીરાને પણ સરળતાથી તોડી શકાય છે. પાણી તથા પારાને એકમેક કરી શકાય છે. ફળો અને શાકભાજીને દિવસો સુધી તાજા રાખી શકાય છે. ધ્વનિ અને સંગીતથી આંખ, કાન, દાંત કે ગાંડપણના અનેક રોગો મટે છે. ધ્વનિનાં કંપનો દ્વારા સંધિવાની બિમારી મટાડી શકાય છે. બૈજુ બાવરાનું સંગીત સાંભળી હરણો ખેંચાઇ આવતા, અને વાઘ પણ ક્રૂરતા છોડીને મૃદુતાપૂર્વક બાજુમાં બેસીને આળોટતા. ધ્વનિની શક્તિથી ખૂનખાર સર્પ પણ રાફડામાંથી બહાર નીકળી સ્વયં મદારીના કરંડિયાની કેદ સ્વીકારે છે. શબ્દથી હરણિયાં પારધીની જાળમાં ફસાય છે. સંગીતના સુમધુર ધ્વનિ વચ્ચે ગાયો વધુ દૂધ આપે છે. મધુર સંગીત વચ્ચે કારખાનામાં કામદારો વધુ વેગથી અને કુશળતાથી કામ કરી શકે છે, તેવા સંશોધનો થયા છે. બી.એમ. લેસર નામના વૈજ્ઞાનિકે ઘણાં સંશોધનો કર્યા છે. આવા સંશોધનો માટે વિશ્વ વિખ્યાત વિદ્વાન કાર્લાઇલનું નામ પણ પ્રખ્યાત છે.

આપણો તમામ જીવન વ્યવહાર શબ્દ ઉપર ચાલે છે. શિક્ષક વિદ્યાર્થીને 'ઊઠ' એવો એક શબ્દ કહે છે અને તે શબ્દના પ્રભાવથી તુરંત વિદ્યાર્થી બેન્ચ પરથી ઊભો થઇ જાય છે અને 'બેસ' કહેતા તુરંત બેસી જાય છે.

પી.ટી.ના ટીચર 'સાવધાન' બોલે અને સમાન ગણવેશમાં સામે ઊભેલા તમામ વિદ્યાર્થીઓ ટટ્ટાર થઇ જાય છે અને 'વિશ્રામ' બોલતા તુરંત શરીરને આરામ આપે છે.

કોઇ 'મૂરખ' કહીને બોલાવે તો ગુસ્સો આવે છે.

કોઇ 'પધારો' કહે તો આનંદ થાય છે.

બાપ દૂધ લાવવાનું કહે તો છોકરો ભૈયાની દુકાને જ જાય અને 'શાકભાજી લઇ આવ' તેમ બોલે તો શાક માર્કેટમાં જ જાય.

'સ્કુલ' શબ્દ સાંભળતા આપણને વિદ્યાર્થીઓ જ્યાં ભણે તેવું વિશાળ સંકુલ મનમાં ઉપસ્થિત થાય અને 'હૉસ્પિટલ' શબ્દ સાંભળતા દરદીઓ જ્યાં સારવાર લે તે ઇમારત માનસપટ પર ચીતરાય છે. 'પેંડો' શબ્દ કાને પડતા દૂધની તે ચોક્કસ વાનગી જ યાદ આવે છે. 'ધોતિયું' શબ્દ સાંભળતા પુરુષે અધો અંગમાં પહેરવાનું અમુક ચોક્કસ વસ્ત્ર જ નજર સામે ઉપસ્થિત થાય છે.

ધોતિયું ને ટોપીવાળા, કાળી ફ્રેમના ચશ્માવાળા, લાંબી મૂછોવાળા, ઊંચા અને પાતળા એવા વિસ્તૃત વર્ણન દ્વારા તમે કોઇને એક ચોક્કસ પરિચિત વ્યક્તિના સંદર્ભમાં કાંઇ પણ કહો તેના કરતાં તે ચોક્કસ પરિચિત વ્યક્તિનું 'રમણભાઇ' નામ કહીને જ જે વાત કરવી હોય તે કરો તો સામી વ્યક્તિને તુરંત ખ્યાલ આવી જાય અને ગેરસમજ થવાનો સંભવ ન રહે.

'જમ્યા પછી હાથ લુછવાનો કપડાનો નાનો ચોરસ ટુકડો' આટલા વિસ્તૃત અર્થનો બોધ માત્ર 'નેપકીન' શબ્દ દ્વારા થઇ જાય છે.

'પાણીમાં પડી રહેનારું દૂધ આપનારું ચાર પગવાળું જાડુ કાળું પ્રાણી' આટલા બધા શબ્દોનો અર્થ માત્ર એક 'ભેંસ' શબ્દથી જણાઇ જાય.

'વિદ્યુત કે કોલસાથી ચાલતા એન્જિનવાળું પાટા પર ચાલનારું લાંબુ વાહન જે સ્થાન પર થોભે તે સ્થાન'-આવા વિસ્તૃત અર્થનો બોધ માત્ર 'રેલવે સ્ટેશન' શબ્દથી થઇ જાય છે.

'ભજિયા' શબ્દ સાંભળતા મુખમાંથી પાણી છૂટે અને 'ઉકરડો' શબ્દ સાંભળતા જુગુપ્સા થાય.

'મહાવીર' શબ્દ કાને પડતાં હૈયું ભક્તિથી ભીનું બને અને 'હીટલર' શબ્દથી ઘૃણા થાય.

રાતના તપેલીમાં રહેલા દૂધમાં મેળવણ ભેળવીને મૂકી રાખવાથી સવાર પડતા તે દૂધ ઘન થઇ જતા જે પદાર્થ બને છે, તે પદાર્થ આ તપેલીમાં છે-એટલું લાંબુ બોલવાને બદલે 'આ તપેલીમાં દહીં છે.' આટલું જ બોલવાથી બોધ થઇ જાય છે.

નાનાં બાળકો ઉખાણાં દ્વારા શબ્દમાં રહેલી આ વિશાળ બોધ શક્તિની મજા માણતા હોય છે. એક બાળક ઉખાણું પૂછે,

*'હું તો કટકટ કરતું કચકચિયું*
*મારે તો છે નાના મોટા પગ*
*મોટો ચાલે બાર ગાઉ*
*તો નાનો ચાલે ડગ.'*

બીજો બાળક વિચારીને જવાબ આપે-'ઘડિયાળ' એક 'ઘડિયાળ' શબ્દમાં કેટલો વિસ્તૃત અર્થ છૂપાયેલો છે. તેને શોધવાની મજા બાળકો માણી શકે છે.

કોઇ અંગ્રેજી ભારતના ગામડામાં ભૂલો પડે અત્યંત તૃષાતુર બને અને 'વોટર, વોટર...' બૂમો મારે પણ ગ્રામ્યજનો જો 'વોટર' શબ્દના અર્થને ન જાણતા હોય તો પાણી બાજુમાં હોવા છતાં તે વ્યક્તિની તૃષા મિટાવી ન શકે.

બિલ ક્લિન્ટન પણ ભારતના ગામડામાં આવે અને સ્થાનિક ભાષા ન જાણતો હોય તો સ્થાનિક લોકો આગળ તો 'ગમાર' જ પુરવાર થાય.

શબ્દમાં અર્થબોધ કરાવવાની, વિસ્મિત કરવાની, આનંદિત કરવાની, શોકાતુર કરવાની, શાંત કે સંક્લિષ્ટ કરવાની, વિકાર કે વિરાગ પમાડવાની ગજબની પ્રચંડ શક્તિ પડેલી છે. 'બાવો' શબ્દ સાંભળતા બાળક ગભરાઇ જાય છે. 'મા' શબ્દ કાને પડતા બાળક નિશ્ચિંત બને છે. 'આગ'ની બૂમ પડતા સહુ કોઇ ઊંઘમાંથી સફાળા જાગી જાય છે. 'સાપ'ની બૂમ સાંભળી બધા ભાગંભાગ કરે છે.

'રામ' શબ્દ બોલીને કબીરજી દરદીનો રોગ દૂર કરતા.

'રામ' શબ્દ બોલીને હનુમાનજી દરિયામાં પથરો તરાવતાં.

મૃત્યુ સમયે 'અરિહંત' શબ્દ કાને પડે તો મૃત્યુ સુધરી જાય અને પરલોકમાં સદ્‌ગતિ થાય.

શબ્દની પ્રચંડ શક્તિ માનવીને પ્રાપ્ત થઇ છે માટે તેની જવાબદારી અને જોખમદારી ઘણી વધી જાય છે. ઉપયોગ કરતાં આવડે તો વચનલબ્ધિ એ માનવી માટે મહાન આશીર્વાદ છે અને આવડત ન હોય તો એ એક મોટો અભિશાપ છે. બોલતા આવડી જાણે તો શબ્દ એક મહાન સંપત્તિ છે.

*'શબ્દ સરીખા ધન નહિ, જો કોઇ જાને બોલ,*
*હીરા તો દામે મિલે, શબ્દ ન આવે મોલ.'*

વિવિધ શબ્દો વિવિધ પ્રકારની જડીબુટ્ટીઓ છે. કઇ જડીબુટ્ટીનો ક્યાં, ક્યારે અને કેવી રીતે ઉપયોગ કરવો, તેનું જ્ઞાન શબ્દના સ્વામી પાસે અવશ્ય હોવું ઘટે. શબ્દનો ઉચ્ચાર કરતા આવડી જવું અને બોલતા આવડી જવું તે બે જુદી વાત છે. ભાષા એક મહાન કળા છે. આ કળાને જે બરાબર હસ્તગત (મુખગત) કરી લે છે તે વચનલબ્ધિના જોરે જીવનમાં અનેક પ્રકારની પ્રગતિ સાધી શકે છે.

વાંચો એક સુંદર કવિત :
બાતનસૈ દેવી ઔર દેવતા પ્રસન્ન હોત
બાતનસે સિદ્ધ ઔર સાધુ પ્રતિપાત હૈ
બાતનસે કીર્તિ અપકીર્તિ સબ બાતનસે
માનવીકે મુખકી બાત કરામાત હૈ.
બાતનસે મૂઢ લોક લાખન કમાત હૈ.

નદીમાં પથ્થર પડતા પાણી નૃત્ય કરે, તરંગો અને લહેરીઓ પ્રગટે અને એ તરંગો છેક કિનારા સુધી પહોંચે. પણ લીમડાનું સુકું પાન પડતા ઊઠેલા તરંગો થોડે દૂર સુધી પહોંચીને જ વિલય પામી જાય છે. અને ઘાસનું તણખલું પડતા તો આવી કોઇ મોટી તરંગયાત્રા આરંભાતી નથી. વાણીનું પણ એવું જ છે. કોઇનું વચન ઘરમાં જ રહે છે. કોઇનું વચન આખા ગામમાં આદરણીય બને છે. કોઇનું વચન રાષ્ટ્રવ્યાપી બને છે. તો કોઇનું વિશ્વવ્યાપી. કોઇના ટંકશાળી વચનોને ઠેરઠેર ટાંકવામાં આવે છે. કોઇના પવિત્ર વચનો પુસ્તકો અને ગ્રન્થોમાં અમર બને છે. કક્કો અને બારાખડી ભાષાનું રો-મટિરિયલ છે. ગાળ પણ તેમાંથી બને છે અને ઇશ્વરસ્તુતિ પણ તેમાંથી બને છે. શું બનાવવું તે પ્રોડ્યુસરની પસંદગી પર અવલમ્બે છે.

એક બાદશાહને મંત્રીની જરૂર હતી. મંત્રીપદ માટે ઉમેદવાર તરીકે આવેલા લઘુક નામના (ચતુર) પુરુષને તેણે ચાર પ્રશ્નો પૂછ્યા અને તેણે સચોટ જવાબો આપ્યા. તે જવાબોથી તુષ્ટ થઇને બાદશાહે તેને મંત્રી બનાવ્યો. બાદશાહે પહેલો પ્રશ્ન પૂછ્યો હતોઃ ''સૌથી મોટો પુત્ર કોનો ?'' ''ગાયનો.''

બીજો પ્રશ્ન : ''સૌથી મોટો દાંત કોનો ?'' ''હળનો.''

ત્રીજો પ્રશ્ન : ''સૌથી મોટું પેટ કોનું ?'' '' પૃથ્વીનું.''

ચોથો પ્રશ્ન : ''સૌથી વધુ હોંશિયાર કોણ ?'' ''ઉચિત બોલવાનું જાણે તે.''

વાણીનો મહિમા ગાવા મહર્ષિઓએ ઘણી વાણી વહેતી મૂકી છે. વાણીને પુરુષનું આભૂષણ કહેવામાં આવે છે. એક સંસ્કૃત સુભાષિતમાં જણાવ્યું છે કે બીજા આભૂષણો તો કાલક્રમે ઘસાઇ જાય. વાણી એ જ માનવીનું અકાટ્ય આભૂષણ છે. 'वाण्येका समलङ्करोति पुरुषं या संस्कृता धार्यते ।' સુસંસ્કૃત વાણી જ પુરુષને મનોહર શોભાથી શણગારી દે છે. ચહેરો રૂપાળો હોય, આભૂષણો મોંઘેરા હોય, વસ્ત્રો જાજરમાન હોય પણ વાણી તુચ્છ અને હીન હોય તો માણસ રૂપાળો છતાં કદરૂપો છે, સ્વચ્છ છતાં મલિન છે, ભૂષિત છતાં અભૂષિત છે અને વસ્ત્રયુક્ત હોવા છતાં નગ્ન છે અને વાણીનો સમ્યગ્ વિલાસ જેની પાસે નથી તે શ્રીમંત હોવા છતાં નિર્ધન છે. વાણીનો સુવિલાસ ધરાવનારા નિર્ધન હોય તે પણ મહાશ્રીમંત છે. 'वाग्देवी वदनाम्बुजे वसति चेत् को नाम दीनो जनः ?' માટે, આપણે વાણીનો મહિમા જાણવો છે. વચનની કળા શીખવી છે. જીભને વશમાં રાખવાની હથોટી મેળવવી છે. કારણ કે, ધર્મદાસગણિ મહારાજ ઉપદેશમાલા નામના ગ્રંથમાં ચેતવે છે કે મોટા મહર્ષિઓના સાધનાના મહામહાલયને પણ જમીનદોસ્ત કરવાની તાકાત જીભમાં પડેલી છે. આપણે હેઠા નથી પડવું, ઊંચે ચડવું છે. ખાઇમાં નથી પટકાવું, શિખરે પહોંચવું છે. હોનારત નથી સર્જવી, હરિયાળી ખીલવવી છે. તેથી વાણીને વાપરવાની કળા શીખવી જ પડશે.

વનસ્પતિ આદિ અનંત જીવોને માત્ર એક સ્પર્શનેન્દ્રિય મળી છે. અળસિયા આદિ બેઇન્દ્રિય જીવોને રસનેન્દ્રિય વધારે મળી છે. કીડી જેવા તેઇન્દ્રિય જીવોને વિશેષમાં ઘ્રાણેન્દ્રિય મળી છે. તો વીંછી જેવા ચઉરિન્દ્રિય જીવોને ચક્ષુ વધુમાં

મળ્યા છે. મનુષ્ય જેવા પંચેન્દ્રિય પ્રાણી શ્રોત્રેન્દ્રિય સહિત પાંચેય ઇન્દ્રિયોથી પરિપૂર્ણ છે. કુદરતના ન્યાયતંત્રનો એ કાયદો છે કે જે ચીજનો તમે દુરુપયોગ કરો તે ચીજ માટે તમે અપાત્ર ઠરો છો અને કુદરત તમારી પાસેથી તે ઝુંટવી લે છે. શ્રોત્રેન્દ્રિયનો દુરુપયોગ કરનાર ચઉરિન્દ્રિયની અવસ્થામાં, ચક્ષુનો દુરુપયોગ કરનાર તેઇન્દ્રિયની અવસ્થામાં અને ઘ્રાણેન્દ્રિયનો દુરુપયોગ કરનાર બેઇન્દ્રિયની અવસ્થામાં પૂરાઇ જવાની સજા પ્રાપ્ત કરી શકે. પણ પ્રાપ્ત થયેલી જીભનો દુરુપયોગ કરનારને તો કદાચ એકેન્દ્રિયની અત્યંત અવિકસિત અને વેદનામય અવસ્થામાં પહોંચી જવું પડે. અને એકવાર એકેન્દ્રિય અવસ્થાને પામ્યા પછી પુનઃ વિકાસની અવસ્થાઓ પામવામાં કદાચ અનંત કાળ પણ પસાર થઇ જાય કરાણ કે ત્યાં વિકાસનાં કોઇ વિશેષ સાધનો ઉપલબ્ધ નથી. અનિયંત્રિત જીભના જાગીરદારો માટે એકેન્દ્રિય અવસ્થાનું ભયાનક કેદખાનું સદાકાળ માટે ખુલ્લું છે.

જીભથી ઉત્સૂત્ર વચનો બોલીને વાણીનો દુરુપયોગ કરનારા મરિચિને સંસારમાં ખૂબ પરિભ્રમણ કરવું પડ્યાની વાત શાસ્ત્ર પ્રસિદ્ધ છે.

કુટુંબમાં શાંતિ, મનમાં પ્રસન્નતા, સંબંધોમાં મીઠાશ, સમાજમાં પ્રતિષ્ઠા, મૃત્યુમાં સમાધિ, પરલોકમાં સદ્‌ગતિ અને શીઘ્ર પરમગતિ પામવા વચન પ્રયોગની કળામાં કૌશલ્ય કેળવવું જ રહ્યું. કુશળ વાણીના ગુણો જણાવતા પ્રાચીન ઋષિઓના શ્લોકો અને સુભાષિતો અનેક મળે છે. એક સંસ્કૃત સુભાષિત જણાવે છે :

हितं मितं प्रियं स्निग्धं मिष्टं परिणतिप्रियम् ।
भोजनं वचनं चापि, भुक्तमुक्तं प्रशस्यते ।।

ભોજન અને વચન હિતકર, માપસર, પ્રિય, સ્નિગ્ધ, મિષ્ટ અને પરિણામે ફાયદાકારક હોય તે પ્રશંસનીય છે.

ललितं सत्यसंयुक्तं सुव्यक्तं सततं मितम् ।
ये वदन्ति सदा तेषां स्वयं सिद्धैव भारती ।।

જે પુરુષો મનોહર, સત્યયુક્ત, સ્પષ્ટ, અસ્ખલિત અને માપસર બોલી જાણે છે તેમને સરસ્વતીદેવી હંમેશા સ્વયં સિદ્ધ થઇ જાય છે.

પરમાત્મા મહાવીરદેવના શિષ્ય શ્રી ધર્મદાસગણિ મહારાજા ઉપદેશમાલા નામના (ઉપદેશ) ગ્રન્થમાં વાણીના આઠ ગુણો જણાવે છે :

महुरं निकणं थोवं कज्जावडिअं अगव्विअं अतुच्छं
पुव्विं मइसंकलिअं भणंति जं धम्मसंजुत्तं ॥

૧. महुरं = મધુર, ૨. निकणं = નિપુણ, ૩. थोवं = સ્તોક (પરિમિત) ૪. कज्जावडियं = અવસરે જ બોલવું, ૫. अगविअं = ગર્વરહિત, ૬. अतुच्छं = અતુચ્છ, ૭. पुव्विंमइसंकलिअं = મનમાં સંકલના કરીને (વિચારીને બોલવું), ૮. धम्मसंजुत्तं = ધર્મયુક્ત (સત્ય અને હિતકર).

શું બોલવું ? કેવું બોલવું ? કેટલું બોલવું ? ક્યારે બોલવું ? ક્યાં બોલવું ? આ બધા પ્રશ્નોના જવાબ આ આઠ ગુણોમાંથી મળી જાય છે.

ચાલો, હવે ઊપડીએ, વાણીના એ આઠ ગુણોની યાત્રાએ.

*ટોલ્સટોયની ડાયરીનું એક પાનું:*
*એક દિવસ એક વખત પણ મારી પત્નીએ મને મીઠા શબ્દો કહ્યા હોત તો એના સ્મરણમાત્રથી હું જીવનભર આનંદ માણી શક્યો હોત.*



# ❑ મધુર બોલો

ઋષિમુનિઓના આશિર્વાદ મળી જાય તો ન્યાલ કરી દે અને અભિશાપ આપી દે તો બેહાલ કરી દે. અગ્નિ પ્રગટાવતા આવડે તો જ્યોતિ બનીને તિમિરને દૂર કરી દે અને ઉપયોગ કરવાની સૂઝ ન હોય તો જ્વાળા બનીને બધું ખાખ કરી નાંખે. વિજ્ઞાન ભૌતિક વિકાસની ચરમ સીમાએ પહોંચાડી શકે અને તે જ વિજ્ઞાન સમગ્ર વિશ્વનો ક્ષણમાં વિનાશ પણ નોંતરી શકે. પાણી પૃથ્વીતલ ઉપર લીલીછમ હરિયાળી સર્જી શકે અને તે જ પાણી ગામોના ગામોને તારાજ કરીને મહાભયાનક હોનારત પણ સર્જી નાંખે. ધરતી વિશ્વના જીવોને આધાર અને આહાર આપી શિશુની જેમ પોષે છે અને તે જ ધરતી ક્ષણવાર કંપે તો ધમધમતા નગરોને ક્ષણમાં ધરાશાયી કરી નાંખે. મંદ મંદ વહેતો શીતલ સમીર ગ્રીષ્મના તાપમાં દેહલતા પર બાઝેલા પ્રસ્વેદબિંદુઓને સૂકવીને અનેરો આહ્લાદ આપે અને તે જ પવન ગાંડો બને તો મહાકાય નગરોને પણ વેરાન રણમાં રૂપાંતરિત કરી નાંખે. ગરીબની દુઆ કલ્યાણ કરી દે અને તેનો ઊંડો નિસાસો દા'ડો ઉઠાડી દે.

માનવીને પ્રાપ્ત થયેલી અનન્ય વચનશક્તિ પણ આવી જ એક મહાજોખમી શક્તિ છે. કોકની વાણી મનોહર અલંકાર બને છે તો કોકનું વચન ધગધગતો અંગાર બની મહાવિનાશ નોંતરે છે. કોકનું વચન વારિ બનીને બીજાના કષાય અને વ્યથાની આગને શમાવે છે તો કોકનું વચન ચિનગારી બનીને કોઇના શાંત જીવનમાં પણ ભડકાઓ પેદા કરે છે. એક શબ્દ મહાભયાનક આગ ચાંપી શકે અને બીજો શબ્દ વેરાન રણમાં મોહક ઉપવન ખડું કરી શકે. એક શબ્દ બાળે, બીજો શબ્દ ઠારે. કોકનું વચન નિર્મલ જલધારા બનીને મનમાલિન્યને ઓગાળે, તો કોકનું વચન કાદવછાંટણા બનીને નિર્મળ મનને ડાઘ લગાડે.

કોકનું વચન ધૂપની ધૂમ્રસેર જેવું હોય છે, વાતાવરણને સુવાસિત કરી મૂકે છે. તો કોકનું વચન ધુમાડાના ગોટા જેવું હોય છે, વાતાવરણને ધૂંધળું કરી નાંખે. કોકની વાણીમાંથી પુષ્પશી પરિમલ મહેંકે છે તો કોકની વાણીમાંથી ગંદકીની દુર્ગંધ. કોક શબ્દ નિરામય જીવનકાયામાં ઊંડા ઘા પાડે છે તો બીજો શબ્દ કોકના ઊંડા ઘાને રૂઝવી નાંખતી ઔષધિ બને છે. એક શબ્દ કાતરે છે, બીજો શબ્દ જોડે છે. એક શબ્દ શયતાનને સંત બનાવે છે, બીજો શબ્દ યોગીને યોગભ્રષ્ટ કરે છે. એક શબ્દ સંબંધ જોડે છે, બીજો શબ્દ સંઘર્ષ જગાડે છે. એક મધુર વચન અલ્પકાલીન મુલાકાતને ચિરસ્થાયી સુંદર સંબંધમાં પરિણમાવે છે અને એક કટુ વચન દીર્ઘકાલીન સંબંધોને કાયમ માટે તોડી નાંખે છે. શબ્દના જાદૂથી કોઇ અજાણ્યાને પોતાનો બનાવે છે અને તે જ જાદૂથી કોઇ પોતાનાને પરાયો બનાવે છે. કોઇની વાણીમાં કંટકની વેદના છે, કોઇની વાણીમાં પુષ્પની સુવાસ છે. કોઇની વાણીમાં વીંછીનો ડંખ છે, કોઇની વાણીમાં માતાનું વાત્સલ્ય છે. કોઇના વચનમાં સર્પનું વિષ છે, કોઇના વચનમાં કામધેનુનું અમૃત છે. કોઇનું મુખ જ્વાળામુખી જેવું હોય છે. જેમાંથી સતત લાવારસ બહાર ફેંકાય છે અને જ્યાં જ્યાં પ્રસરે છે ત્યાં સર્વનાશ વેરે છે. કોઇનું મુખ હિમાલયનું ગૌરવ ધરાવે છે, જેમાંથી પવિત્ર વચનની ભાગિરથી વહેતી વહેતી સર્વત્ર પવિત્રતા પ્રસરાવે છે. જીભ એક ખરલ છે. કોકની ખરલમાં મોરથુથુ ઘૂંટાય છે તો કોકની ખરલમાં અમૃત. કોકના વચનમાં ગૌરીશંકર શિખરની ઊંચાઇ હોય છે તો કોઇના વચનમાં આકાશનું પોલાણ. કોઇના વચનમાં તલવારની ધાર જેવી તીક્ષ્ણતા હોય છે તો કોઇના વચનમાં કોમળ ફૂલશય્યાની મુલાયમતા. એક શબ્દ પછાડે છે, બીજો શબ્દ ઊંચકે છે. એક શબ્દ કરડે છે, બીજો શબ્દ પંપાળે છે.

કોક મુનિ વાત્સલ્ય નીતરતા વચનોથી કષાયનો દાહ ઉપશમાવે છે.

કોઇ યોગી વિરાગભીના વચનોથી સંસારી જીવની વિષયતૃષ્ણા મિટાવે છે.

કોઇ શબ્દના સહારે દુઃખિયાને દિલાસો આપે છે.

કોઇ શબ્દના ટેકાથી સૂતેલાને ઉઠાડે છે, ઉઠેલાને ઊભો કરે છે, ઊભા થયેલાને દોડાવે છે, દોડતાને પહોંચાડે છે.

કોઇ શબ્દ નોંધારાનો આધાર બને છે, કોઇ શબ્દ ભૂખ્યાનો ભાખરો બને છે, કોઇ શબ્દ થાકેલાનો ખાટલો બને છે, કોઇ શબ્દ ઉકળેલાનો છાંયડો બને છે, કોઇ શબ્દ તૂટેલાનો ટેકો બને છે.

પણ, વાપરતા ન આવડે તો શબ્દ એક શસ્ત્ર બને છે, સર્જનના બદલે સંહાર કરે છે, સ્ફોટ અને વિસ્ફોટ કરે છે, નારાજગી અને તારાજગી સર્જે છે, અરુચિ અને ઉદ્વેગ સર્જે છે. પછી એ શબ્દ આગની જ્વાલા બને છે, તલવારની ધાર બને છે, રિવોલ્વરની બુલેટ બને છે, વિષની કણી બને છે, શાંતિનાશક ગરલ બને છે.

શબ્દ શબ્દ તું ક્યા કરે, શબ્દકો હાથ ન પાંવ
એક શબ્દ ઔષધ કરે, એક શબ્દ કરે ઘાવ.

કોઇના વચનમાં કોયલનું કુંજન છે જે વેરાન વગડાને પણ રમણીય બનાવી દે છે. તો કોઇના વચનમાં કાગડાની કર્કશતા છે, જે કાન અને હૃદયને કરડે છે. કોઇનું વચન કલકલ વહેતું ઝરણું છે, જેમાં ઝબુંબવાનું ગમે છે. કોઇનું વચન ધસમસતા જલપ્રવાહ જેવું છે, જેનાથી આઘા રહેવાનું જ પસંદ કરાય છે. કોઇની જીભમાંથી મધ ટપકે છે, તો કોઇની જીભમાંથી લીમડાનો રસ. શબ્દમાં તો બન્ને શક્તિ છે. કઇ શક્તિનું સ્કુરણ કરવું તે આપણી પસંદગી છે. સ્વરપેટીમાંથી નીકળતો સ્વર તો એક સરખો છે પણ જીભથી તેને કેવો વળાંક આપવો તે બોલનારની પસંદગી પર અવલંબે છે. બાકી શબ્દમાં તો અસીમ તાકાત છે. તે વગર સંપત્તિએ શ્રીમંત બનાવે, બેડોળ શરીરને સુરૂપ બનાવે, અલ્પબુદ્ધિને પણ વિદ્વત્પૂજ્ય બનાવે, અલ્પ શક્તિએ પણ સમ્રાટ બનાવે. 'एकः शब्दः सम्यग्ज्ञातः सुप्रयुक्तः स्वर्गे लोके च कामधुग् भवति ।' સારી રીતે જાણીને સારી રીતે વાપરેલો એક શબ્દ આલોક અને પરલોકમાં મનોવાંછિતની સિદ્ધિ કરી આપનારી કામધેનુ ગાય બની જાય છે.

કોઇ સાપ ડંખે તો ઝેર ચડે, કોઇ સર્પ ફુંફાડાથી ઝેર ઓકે પણ આ તો મહાવિષમય ભયાનક સર્પ ચંડકૌશિકની વાત છે. તેની દૃષ્ટિમાં પણ ઝેર હતું. તે આકાશ તરફ દૃષ્ટિ કરે તો આકાશમાં ઊડતા પક્ષીઓ પણ ભડથું થઇને હેઠા પડતા. જંગલના વૃક્ષ પર તેની દૃષ્ટિ પડે તો વૃક્ષનાં પાંદડાં પણ સૂકાઇને ખરી

પડતા. આખા જંગલને તેણે વેરાન બનાવી મૂક્યું હતું. જંગલમાં પગ મૂકવાની પણ કોઇ માનવની કે પશુની હેસિયત ન હોતી. આવા ક્રોધાગ્નિથી ઉકળતા અને આવેશથી ધમધમતા વિષમય ચંડકૌશિક સર્પને કરુણા-સાગર વાત્સલ્યમૂર્તિ પ્રભુ મહાવીર વાત્સલ્યની ગોદમાં લપેટે છે. પ્રભુ વીરે હોઠના કમાડ ખોલ્યા અને ઘંટડીના રણકા જેવા મીઠા અવાજે વાત્સલ્યના વારિથી ભીંજાઇને લોથપોથ થઇ ગયેલા સ્વરમાં તેને ત્રણ શબ્દો કહ્યાઃ "બુજ્ઝ બુજ્ઝ ચંડકોસિયા !" સર્પની લાલચોળ આંખોમાંથી રતાશ ભુંસાઇ ગઇ, કાતિલ ફુંફાડા વિરામ પામ્યા. સર્પના ધમપછાડા બંધ થયા. વિષમય સર્પ હવે ક્ષમાના અમૃત ઘૂંટવા લાગ્યો. પ્રભુ વીરના શબ્દોની ઉષ્માએ તેના ક્રોધાવેશનું બાષ્પીભવન કરી નાંખ્યું. માત્ર ત્રણ શબ્દોના જાદુઇ પ્રભાવે ક્રોધની ભયાનક આગ જેવું આ ઝેરી સર્પનું જીવન મનોહર બાગ સમાન બની ગયું. ત્યાંથી મૃત્યુ પામીને તે આઠમાં સ્વર્ગલોકનો દેવ બન્યો.

યાદ કરો, સુષમા નામની શ્રેષ્ઠીકન્યાને ઉપાડી જઇને માર્ગમાં તલવારની તીક્ષ્ણ ધારથી તે કન્યાના મસ્તકને ધડથી જૂદું કરી નાંખીને હાથમાં રક્ત નીતરતા મસ્તક તથા તલવારને લઇને ભાગતા ચિલાતીપુત્ર નામના ખૂની ચોરને પેલા મુનિરાજે માત્ર ત્રણ શબ્દો કહ્યાઃ ઉપશમ, વિવેક, સંવર. 'ઉપશમ' શબ્દ સાંભળતા તેણે હાથમાંથી ક્રોધ અને હિંસકભાવના પ્રતીક સમી તલવાર નીચે ફેંકી દીધી. 'વિવેક' શબ્દ કાને પડતાની સાથે અવિવેકના પ્રતીક સમું શ્રેષ્ઠીકન્યાનું મસ્તક હાથમાંથી નીચે ફેંકી દીધું અને વિવેકદશામાં આવ્યો તથા 'સંવર' શબ્દ સાંભળતા સમગ્ર સંસારને તિલાંજલી આપીને તે મુનિ બન્યો અને સર્વસંવરભાવમાં આવ્યો. મુનિવચનોએ કેવી મનોહર હરિયાળી સર્જી દીધી તેના જીવનમાં ! શયતાનને સંત બનાવ્યો, ખૂનીને મુનિ બનાવ્યો, ચોરને ચકોર બનાવ્યો.

એક વૃદ્ધ ભિખારીએ માર્ગ પરથી પસાર થતા સજ્જન પાસે હાથ લાંબો કર્યો. તે સજ્જને ખીસામાં હાથ નાંખ્યો પણ ખીસું ખાલી હતું, પાકીટ ઘરે ભૂલી ગયા હતા. તે સજ્જને મીઠા શબ્દોમાં સ્નેહભીની વાણીથી તે વૃદ્ધયાચકને કહ્યુંઃ "દાદા, આજે ખીસું ખાલી છે. પાકીટ ઘરે ભૂલી ગયો છું.

આપવાનું દિલ છે પણ દ્રવ્ય નથી. ઘરે પધારશો ? તો આપને આપીને હું ધન્યતા અનુભવી શકું.'' આ મધુર વચનામૃત કાને પડતા યાચકની આંખો અશ્રુભીની બની અને હૃદય ગદ્‌ગદઃ ''સાહેબ, પૈસા તો ઘણાં આપી જાય છે પણ આવા મધુર વચનરત્નો પામીને આજે હું શ્રીમંત બની ગયો. તમે જે સ્નેહથી સહાનુભૂતિ આપી છે તે પૈસાનાં મૂલ્ય કરતાં ઘણી ચડિયાતી છે.'' ભિક્ષુને પણ અમીરાતનો અનુભવ કરાવવાની તાકાત સ્નેહભીના મધુર શબ્દોમાં છે.

શુકદેવના રૂપથી આસક્ત બનેલી ઉર્વશી દેવલોકથી ખેંચાઇને પૃથ્વીતલ પર આવી અને અનાસક્ત શુકદેવને લલચાવવા કામુક વચનોથી કહે છે: ''તમને મૃત્યુલોકની કોઇ સ્ત્રી પ્રત્યે કોઇ આકર્ષણ નથી તે મને ખબર છે. જેના નાકમાં શ્લેષ્મ છે. શરીર પર પ્રસ્વેદ છે. કાન અને આંખમાં પણ મેલ છે. અને કાયામાં મળ, મૂત્ર, માંસ, અસ્થિ અને રુધિર છે. તેવી અશુચિની ક્યારી સમી મર્ત્ય સ્ત્રી પ્રત્યે તમને આકર્ષણ ન થાય તે સહજ છે. પણ હું તો દેવકન્યા છું. મારા અંગમાં જરાય અશુચી નથી.''

એના જવાબરૂપે શુકદેવ બોલ્યા: ''તારી કાયામાં જો જરા પણ અશુચિ નથી તો, હે મૈયા ! આવતા ભવે તારા પેટે જન્મ લઇશ, બસ ?'' અને, આ અકામુક યોગીવચનોએ કામાસક્ત દેવકન્યાની કામવાસનાને ઓગાળી નાંખી.

દીપશિખા બનીને કેવા પ્રકાશી શકે છે શબ્દો !

પરિમલ બનીને કેવા મહેંકી શકે છે શબ્દો !

રોશની બનીને કેવા ઝગમગી શકે છે શબ્દો !

મેઘવર્ષા બનીને કેવી લીલીછમ હરિયાળી સર્જી શકે છે શબ્દો !

ઉજ્જડ વગડામાં પણ કેવું મનોહર મંદિર નિર્મિત કરે છે શબ્દો !

ઘોર જંગલમાં પણ કેવી મંગલમયતા પ્રસરાવે છે શબ્દો !

અને, શબ્દ જ શસ્ત્ર બને ત્યારે નગરને વેરાન બનાવે, સંસારને સ્મશાન બનાવે, હોનારત સર્જીને હાંહાકાર ફેલાવે. ચાણક્ય તેના રાજસૂત્રમાં કહે છે:

जिह्वायत्तौ वृद्धिविनाशौ ।
विषामृतयोराकरी जिह्वा ।।

વિકાસ કે વિનાશ જીભને આધીન છે. જીભ વિષકૂંપિકા પણ છે અને અમૃતની વાવડી પણ જીભ જ છે.

પાંડવોએ દૈવી સહાયથી બનાવેલા મહાલયમાં એવી ગૂઢ રચના કરાઇ હતી કે જલ હોય ત્યાં સ્થલ દેખાય અને સ્થલના સ્થાને જલ ! તે મહાલયમાં આવેલો દુર્યોધન ભૂમિ સમજીને પગ મૂકે છે ત્યાં પાણીથી પગ અને કપડાં ભીંજાય છે. આગળ તેને પાણી દેખાય છે ત્યારે કપડા ઊંચા લે છે, પણ વાસ્તવમાં ત્યાં સ્થલ છે. તુરંત ખૂણામાં બેઠેલી દ્રૌપદી ખડખડાટ હસીને બોલે છેઃ 'આંધળાના દીકરા આંધળા જ હોય.' આ શબ્દો સાંભળતા દુર્યોધન અંગે અંગ સળગી ઊઠ્યો. તે શબ્દો માત્ર પરિણમિત બનીને વિસર્જન પામેલા ભાષાવર્ગણાના પુદ્ગલો જ નહોતા, પણ આખા મહાભારતના મહાયુદ્ધનાં બીજ હતા. તે શબ્દોમાં અતિસ્ફોટક દારૂગોળો ભરેલો હતો. એક નારીના કટુવચનોએ મહાભારતના મંડાણ કર્યા, જેમાં હજારો માથા વધેરાયા, હજારો ટન લોહી રેડાયું, કૈંક ખુવાર થયા, કૈંક બાળકો અનાથ બન્યા, કૈંક નારીઓના સૌભાગ્ય સિંદુર ભૂંસાયા. ચાર શબ્દોની ચિનગારીએ મોટો દાવાનલ સળગાવ્યો, તેનું નામ મહાભારત.

શાસ્ત્રપ્રસિદ્ધ એક કથાનકમાં એક વિધવા માતાનો યુવાન પુત્ર મજૂરી કરીને બપોરે ઘેર આવ્યો. પેટમાં કડકડતી ભૂખ હતી. માતા રસોઇ છીંકે ચડાવીને બહાર ગઇ હતી. ભૂખ્યા દીકરાએ ઘરમાં માતાને ન જોઇ, ભોજન પણ ન જોયું. ભૂખ આવેશને પેદા કરે, આવેશમાં સૂઝ ઘટી જાય. તેથી છીકા પર જોવાનું સૂઝ્યું નહિ. થોડીવારમાં મા આવી ત્યારે આવતાની સાથે આવેશ પ્રગટ થયો. ક્રોધના જ્વાળામુખીમાંથી કટુ વચનોનો લાવા બહાર ફેંકાયોઃ "ક્યાં શૂળીએ ચડવા ગઇ 'તી? ભોજન ક્યાં છે ?" અણધાર્યા આ હુમલાથી માતા પણ આવેશમાં આવી ગઇ. કડવાશનો જવાબ કડવાશથી આપ્યોઃ "તારા કાંડા કપાઇ ગયા હતા ? છીકા પરથી ભોજન લેતા જોર આવતું હતું ?" ઝગડો પતી ગયો. પછી તો જીવન પણ પૂરું થયું. સંસારની વિચિત્રતાનો સાક્ષાત્કાર થયો. માતા એક ગામમાં એક શ્રેષ્ઠીની પુત્રી તરીકે અવતરી. દીકરો બીજા ગામના એક શેઠનો પુત્ર બન્યો. બન્નેનું વેવિશાળ થયું. તે યુવાન વેપાર

માટે પોતાના ગામથી બીજા ગામ જતો હતો ત્યારે રસ્તામાં સસરાનું ગામ આવ્યું. લગ્ન નહોતા થયા તેથી બહાર મહાદેવના મંદિરમાં રહેવાનું વિચાર્યું. સાંજના સમયે પેલી કન્યા ઘરની બહાર વરંડામાં ઊભી હતી ત્યારે ત્યાં આવીને ચોરે હાથમાંથી સોનાની બંગડી ખેંચી. નીકળતા વાર લાગી. તેથી ચોરે છરીના એક ઘાથી કન્યાના કાંડા કાપી નાંખ્યા. બૂમાબૂમ થઇ. ચોર ભાગ્યો. માણસો પાછળ પડ્યા. ગભરાયેલો ચોર મંદિરમાં પેઠો. મંદિરમાં સૂતેલા અજાણ્યા મુસાફરના ઓશીકા નીચે બંગડીઓ મૂકીને છૂ થઇ ગયો. માણસોએ આ અજાણ્યા શખ્સની ઝડતી લીધી. ઓશીકા નીચેથી બંગડીઓ મળતા તેને રાજાના હવાલે કર્યો. તે અજાણ્યો શખ્સ બીજું કોઇ નહિ, પણ શેઠનો જમાઇ જ હતો. મુદ્દામાલ તેની પાસેથી જ પકડાયો હતો, માટે રાજાએ તેની બીજી કોઇ વાત સાંભળ્યા વિના તેને શૂળીએ ચડાવ્યો.

તારા કાંડા કપાઇ ગયા હતા ? કહેનારી માતાના આ ભવે કાંડા કપાયા.

શૂળીએ ચડવા ગઇ હતી ? કહેનારા પુત્રને આ ભવે શૂળીએ ચડવું પડ્યું.

શબ્દની કાતિલ અસરો હોય છે. શબ્દના ભયાનક વિસ્ફોટ થાય છે. એક એક શબ્દ પથરા બનીને નડે છે.

હવે વિચારીએઃ રોજબરોજના આપણા વચન પ્રયોગને. કોઇનો પગ ભટકાઇ જાય ત્યારે સહસા બોલી ઊઠીએ છીએ. ''આંધળો છે ?'' કોઇના હાથમાંથી કપ-રકાબી પડી જાય, બોલી જવાય છે, ''હાથ ભાંગી ગયા છે ?'' કોઇ ક્યાંય જવાનું કહે, સામે પરખાવીએ છીએઃ ''તારા ટાંટિયા તૂટી ગયા છે ?'' ક્યારેક કોઇને 'મૂરખ' કહીને સંબોધીએ છીએ, ક્યારેક 'ગધેડા' કહીને. ક્યારેક કોઇને 'બહેરો' કહી દઇએ, ક્યારેક 'આંધળો.' ક્યારેક કોઇને 'ઢોર' કહી દઇએ, ક્યારેક 'ડફોળ'.

શબ્દની પાછળ કોઇક અલૌકિક વિજ્ઞાન કાર્યરત હોય કે ગમે તે હોય પણ શબ્દની અસરોની કોઇ અવગણના ન જ કરી શકે. ગુજરાતના એક ગામના મંદિરમાં કોઇ એક બાબતમાં પૂજકો વચ્ચે અવારનવાર વિખવાદ થતો. એક

ટ્રસ્ટીસાહેબ આવેશમાં આવીને બોલ્યાઃ "આ મંદિર છે તેની જ રોજની આ રામાયણ છે. મંદિરને તાળા લગાવી દો." મંદિરને તો તાળા ન લાગ્યા પણ થોડા દિવસોમાં તેમનો એકનો એક દીકરો મૃત્યુ પામ્યો અને વંશને તાળાં લાગી ગયા. પેલા શબ્દો અને આ ઘટના વચ્ચે કોઇ સંબંધ ભલે ન જોડીએ, પણ કઠોર શબ્દોના કરુણ વિપાક ભોગવવા જ પડે છે, તે વાતનો અપલાપ તો ન જ કરાય.

મુંબઇમાં એક આચાર્ય ભગવંતનું પ્રવચન પૂર્ણ થયા બાદ શ્રોતાઓ વિખરાયા. એક શ્રોતાએ બીજા શ્રોતા પાસે આ મહાસંયમી આચાર્ય ભગવંતની નિંદા કરી. તે જ વખતે લકવાનો એટેક આવ્યો અને જીભ કાયમ માટે બોલતી બંધ થઇ.

કઠોર વચનના વિપાક કઠોર હોય છે. મધુર વચનના પરિણામ મધુર હોય છે. જે કઠોર બને છે તેને માટે કુદરત પણ કઠોર બને છે. કઠોર પથરા ઉપર ભારેખમ રોલર ફરે છે, જ્યારે ધૂળને દાબવા માટે તો માત્ર પાણી જ છાંટવામાં આવે છે. કઠોરતા વાણીનું મોટામાં મોટું કલંક છે. માધુર્ય વાણીનું મોટામાં મોટું આભૂષણ છે. મૃદુ અને પ્રિય વચન જ સહુને ગમે છે. મીઠા વચનો શુષ્ક જીવનમાં ચેતના રેડે છે. મીઠા વચનો ઉજ્જડ જીવનમાં હરિયાળી ખીલવે છે. મીઠા વચનથી રીસાયેલો માની જાય છે. ક્રોધે ચડેલો શાંત બને છે. નિરાશ થયેલો સ્વસ્થ બને છે. વિષાદવ્યગ્ર બનેલો આનંદિત થાય છે. પૈસા કોઇને ગમતા હોય અને તમે ન આપી શકો તે સમજી શકાય. મિષ્ટાન્નનું ભોજન કોઇ માંગે અને તમે ન આપી શકો તે બને. સોનાની લગડી અને રત્નના આભૂષણોની કોઇ અપેક્ષા રાખે અને તમે તેની પૂર્તિ ન કરો તે બને. પણ, સહુ કોઇની મીઠા પ્રિય વચનની અપેક્ષા પૂરવામાં શું નડે ? માનવીની સ્વરપેટીમાં મીઠા શબ્દોનો એવો કોઇ નક્કી ક્વોટા નથી કે, વાપરવાથી ખૂટી જાય. તમે દરિદ્ર બનો નહિ છતાં તમારા મધુર વચનથી સાંભળનાર શ્રીમંત બની જાય, તો કરકસર શા માટે ?

प्रियवाक्यप्रदानेन सर्वे तुष्यन्ति जन्तवः ।
तस्मात्तदेव वक्तव्यं, वचने का दरिद्रता ।।

પ્રિય વચન બોલવાથી સહુને આનંદ થાય છે, તેથી પ્રિય વચન જ હંમેશા બોલવું, વચનની બાબતમાં કોઇ દરિદ્રતા તો છે નહિ.

એક ડૉકટરને એક વાર સહજ પૂછેલું: ''આજકાલ ડાયાબીટીસનો રોગ કેમ આટલો બધો વ્યાપક બન્યો છે ?'' ''જીભની મીઠાશ પેટમાં અને લોહીમાં ઊતરી ગઇ છે, તેથી ડાયાબીટીસ વ્યાપક બન્યો છે.'' ડૉકટરના જવાબમાં રમૂજની સાથે માર્મિક વ્યંગ હતો. પડતા કાળના પ્રભાવે શેરડીના રસની મીઠાશ ઘટી, આમ્રફળનું માધુર્ય ઘટ્યું કે પાણીની મીઠાશ ઘટી તેમાં બહુ નુકસાન નથી. પણ, વાણીની મીઠાશ ઘટે તેમાં મોટું નુકસાન છે. એકની એક વાત પ્રિય વાણીમાં પણ જણાવી શકાય છે અને કડવાશથી પણ કહી શકાય છે. અર્થ એ જ સમજાય છે પણ અસર બદલાય છે.

'મારા બાપાની વહુ' અને 'મા' બંને સંબોધનો એક જ અર્થ જણાવે છે, પણ પહેલું સંબોધન કટુરસનું કૂંડુ છે, બીજું અમૃતની પ્યાલી ! જેનો પતિ મૃત્યુ પામ્યો છે તેવી સ્ત્રીને 'વિધવા' પણ કહેવાય, 'રાંડેલી' પણ કહેવાય અને 'ગંગા સ્વરૂપ' વિશેષણ પણ લગાવી શકાય. 'ગંગા સ્વરૂપ જમનાબેન' કહો કે 'રાંડેલા જમનાબેન' કહો, અર્થ એક જ છે, અસરમાં મોટો ફેર છે. સધવા કુસુમબેનને 'નહિ રાંડેલા કુસુમબેન' કહેશો તો તેમને કડવું ઝેર જેવું લાગશે અને 'અખંડસૌભાગ્યવતી કુસુમબેન' કહેશો તો મીઠું મધ જેવું લાગશે. 'પ્રજ્ઞાચક્ષુ' શબ્દમાં માધુર્ય છે, 'આંધળો' શબ્દમાં કઠોરતા. 'બાંડો' અને 'કાણો' શબ્દની કઠોરતા તેના કરતાં પણ ચાર ચાસણી ચડી જાય. વૃદ્ધ-પુરૂષ થવાનું કોઇને એટલું ન કઠે જેટલું ડોસો થવાનું ! 'ઢેડ' શબ્દની તીક્ષ્ણતા નિવારવા ગાંધીજીએ 'હરિજન' શબ્દ શોધ્યો. ભારે શરીરવાળાને 'તમારું શરીર સ્થૂલ કેમ થયું ?' તેવું કોઇ પૂછે તો બહુ વાંધો નથી હોતો. પણ 'જાડિયો' શબ્દ સાંભળવો ગમતો નથી. 'નિઃસંતાન' શબ્દ 'વાંઝિયા' જેટલો કડવો નથી. 'અપરિણીત' શબ્દ અપ્રિય ન લાગે, 'વાંઢો' શબ્દ પ્રિય ન લાગે. નાદાર બનેલાને કદાચ કોઇ અંગત વ્યક્તિ દિલસોજીથી પૂછે કે, ''ભાઇ ! તમારે નાદારી કેમ નોંધાવવી પડી ?'' તો તે હૃદય ખોલીને વાત કરે. પણ તોછડાઇથી કોઇ પૂછે કે, ''અલ્યા, તેં દેવાળું કેમ ફુંક્યું ?'' તો તેના બળતામાં ઘી હોમાય.

મધુરભાષિતાને આપણી પુરાતન સંસ્કૃતિએ કુટુંબશાંતિ અને સમાજ વ્યવસ્થા માટે ઘણું મોટું મહત્ત્વ આપ્યું હતું. હજામ, ઘાંયજો, ખવાસ, વાળંદ વગેરે એકાર્થક શબ્દો છે. ખવાસ અને વાળંદ શબ્દ અપ્રિય લાગે તેવા નથી. જાટને 'ચૌધરી' કહીને બોલાવવામાં આવતા. ભંગી અને ભંગિયણને 'મેતર' અને 'મેતરાણી' શબ્દનું સંબોધન થતું. કલ્પસૂત્રમાં સિદ્ધાર્થરાજાની રાજ્યવ્યવસ્થાનું વર્ણન કરવામાં આવેલું છે. ત્યાં રાજાના નોકરો માટે 'કૌટુંબિક પુરૂષ' શબ્દ વપરાયો છે. આ શબ્દ જ સ્વામી અને સેવક વચ્ચે કેટલી મોટી નિકટતા લાવી દે. ત્યાં જ્યોતિષીને માટે 'સ્વપ્નલક્ષણપાઠક' શબ્દ વપરાયો છે. રાજા પોતાના સેવકોને પણ 'દેવાનુપ્રિય' શબ્દથી સંબોધીને આદેશ ફરમાવે છે. 'દેવાનુપ્રિય' અને 'દેવાનુપ્રિયે' શબ્દનો પ્રયોગ તો તમામ પ્રાચીન ગ્રન્થોમાં જોવા મળે છે. પોતાના પતિને 'હે આર્ય !' કહીને સંબોધવાની પ્રણાલી પણ પ્રસિદ્ધ હતી. શબ્દપ્રયોગ કામરાગમાં ન ખેંચી જાય તેની પણ ખૂબ સાવધાની રાખવામાં આવતી. પોતાના પતિનું નામ દઇને ન બોલાવવાનું પ્રયોજન પણ તે જ હશે. જૂની મહિલાઓ પતિના સંદર્ભમાં વાત કરવી હોય ત્યારે 'તમારા ભાઇ' જેવા શબ્દોનો પ્રયોગ કરતી, તે આજે પણ ક્યાંક ક્યાંક જોવા મળે છે.

રામાયણનો એક પ્રસંગ સાંભળેલો. રામ અને લક્ષ્મણ બેઠા હતા. સીતાજીને કોઇએ પૂછ્યું: 'આ બેમાંથી તમારા કોણ ?' સીતાજીએ જવાબ આપ્યો: 'જે જરા શ્યામ વર્ણના છે તે મારા દિયર છે.' આર્યાવર્તના ઉચ્ચ આદર્શોની એક ઝલક સીતાજીના પ્રત્યુત્તરમાં જોવા મળે છે.

શબ્દની ઘણી મોટી અસર હોય છે. 'મા' શબ્દમાં જે વહાલપના ઝરા ભરેલા પડેલા છે તે 'મમ્મી'માં ન હોઇ શકે. વાણીની મૃદુતાનું આપણી સંસ્કૃતિમાં ખૂબ ઊંચું મહત્ત્વ હોવાથી તે સંદર્ભના અનેક મુક્તકો લોકજીભે આપણને સાંભળવા મળે છે:

(૧) કાણાને કાણો ન કહીએ, કડવા લાગે વેણ, ધીમે રહીને પૂછીએ, શાને ગુમાવ્યા નેણ.

(૨) કાણી ભાભી ! પાણી લાવ, કૂતરાને આપીશ તને નહિ. રાણી ભાભી ! પાણી લાવ, પાણી નહિ શરબત લે.

'રૂપસેન ચરિત્ર' ના એક શ્લોકમાં જણાવ્યું છે કે પૂર્ણિમાનો ચંદ્ર, શીતલ જલ, ચંદનનું કાષ્ઠ કે વૃક્ષની શીતલ છાયા કરતાં પણ મધુર અક્ષરોમાં બોલાયેલી વાણી વધુ આહ્લાદ આપે છે :

न तथा शशी न सलिलं न चन्दनं नापि शीतलच्छाया ।
आह्लादयति मनुष्यं यथा हि मधुराक्षरा वाणी ॥

જેનાથી અન્યનું દિલ દુભાય તેવી વાણી બોલાવાની મહર્ષિઓ મના કરે છે. ચાબુકના મારનું તો માત્ર ચામડી પર જ નિશાન રહે છે, જબાનનો ઘા હૃદયને વીંધે છે. તમામ શસ્ત્રયુદ્ધો મોટેભાગે શબ્દના યુદ્ધથી શરૂ થતા હોય છે. શસ્ત્રના ઘા રૂઝાય છે, શબ્દના ઘા જલદી રૂઝાતા નથી.

છૂરીકા, તીરકા, તલવારકા ઘાવ ભરા,
લગા જો જખ્મ જબાંકા, હંમેશા રહા હરાભરા.

કાંટા કરતાં પણ કઠોર શબ્દ વધુ ભયંકર છે. કાંટો પગમાં વાગે છે, કટુ શબ્દ હૃદયમાં ખૂંચે છે. કાંટો ખોતરવાથી નીકળી જાય છે, કટુ શબ્દ યાદ કરવાથી વધુ પીડે છે. કાંટાની વેદના બે ઘડીની છે, કટુવેણની વેદના વર્ષોનાં વર્ષો સુધી રહી શકે છે. કાંટો વાગનારને જ દુઃખી કરે છે, કટુવેણ કેંકને દુઃખી દુઃખી કરી નાંખે છે. કાંટાના કોઇ પ્રત્યાઘાતો નથી, કટુવેણના પ્રત્યાઘાતો પડે તો કટુ પરંપરા ચાલે છે.

કૂતરાની જીભમાં ઘા રૂઝવવાની ગજબની શક્તિ રહેલી છે. તેથી જ તેના શરીર પર કોઇ ઘા પડે ત્યારે સોફરામાઇસિન કે બેટનોવેટ ક્રીમ લેવા કૂતરાને મેડિકલ સ્ટોર પર જવું પડતું નથી. પોતાની જીભથી પડેલા ઘાને ચાટીને કૂતરો ઘાને રૂઝવી દેતો હોય છે. પણ માનવી જીભનો ઉપયોગ ઘા રૂઝવવાને બદલે મોટેભાગે ઘા પાડવા માટે કરતો હોય છે. કૂતરા અને માનવ વચ્ચેનો તફાવત જળવાઇ રહે તેવો કદાચ માનવીનો આશય હશે શું ? કેવી રીતે ઘા પાડવા અને પડેલા ઘાને કેવી રીતે ઊંડા કોતરવા તેની કુશળ હથોટી માનવજીભ ધરાવે છે.

સવારે શું ખાધું હતું તે સાંજે ભુલાઇ જાય છે. પાઠ્યપુસ્તકનો પાઠ કે શાસ્ત્રનો શ્લોક યાદ રાખવામાં ઘણી મુશ્કેલી પડે છે. ઘણા વખતે મુલાકાત

થાય તો મિત્ર કે સંબંધીના નામ પણ ઘણા ભૂલી જાય છે. પણ વર્ષો પહેલા કોઇએ દીધેલી ગાળ આજે પણ કાના, માત્ર કે બિંદુના ફેરફાર વિના બરાબર યાદ હોય છે. દેરાણીએ પોતાના પુત્રના લગ્ન વખતે કયા શબ્દો સંભળાવેલા તે જેઠાણી, દેરાણીની પુત્રીના લગ્નનો માંડવો નંખાય ત્યાં સુધી બરાબર યાદ રાખે છે. તેમાં જેઠાણીનો વાંક નથી, શબ્દના ઘા જ એવા છે કે જલદી રૂઝાય નહીં.

બાળકો માટેની નીતિકથાઓમાં ભીલ અને વાઘની એક વાર્તા વાંચેલી. જંગલના એક ભીલને વાઘ સાથે સારી દોસ્તી થઇ ગઇ. તે ભીલ રોજ પોતાની પત્ની આગળ પોતાના મિત્રની વાત કરે. તે મિત્રને ઘરે લઇ આવવા પત્નીએ આગ્રહ કર્યો તેથી તે પોતાના મિત્ર વાઘને પોતાના ઘરે લઇ આવ્યો. વાઘ થોડી વાર પહેલા જ માંસભક્ષણ કરીને આવ્યો હતો તેથી તેના મોંઢામાંથી દુર્ગંધ આવતી હતી. તેથી મોં બગાડીને ભીલની પત્ની બોલી: ''છટ્, આવો ગંધાતો તમારો મિત્ર ?'' સત્કારને બદલે આવા અપમાનજનક શબ્દો સાંભળીને વાઘ હેબતાઇ જ ગયો. તે ત્યાંથી સીધો નીકળી ગયો. હવે તો તેણે ભીલને મળવાનું પણ બંધ કર્યું. એક વાર ભીલ ખાસ વાઘને મળવા ગયો. ''અરે મિત્ર વાઘ, હમણાં તું કેમ બિલકુલ દેખાતો નથી ?'' ''હવે મને બોલાવીશ નહિ, આપણો સંબંધ પૂરો થઇ ગયો છે.'' ભીલે વાઘની નારાજગીનું કારણ જણાવવા તેને ખૂબ કહ્યું ત્યારે વાઘે તેને કહ્યું: ''તું મારા પગમાં તીર માર અને ત્રણ દિવસ પછી મને મળજે.'' વાઘના કહેવાથી ભીલે તેના પગમાં તીર માર્યું. ત્રણ દિવસ બાદ ભીલ વાઘને મળ્યો ત્યારે વાઘે કહ્યું: ''જો, તારા તીરનો ઘા રૂઝાઇ ગયો છે પણ તે દિવસે તારી પત્નીએ સંભળાવેલા કટુ શબ્દોનો ઘા હજુ પણ જરાય રૂઝાયો નથી.''

શરીર પરના ઘાને રૂઝવવાના ક્રીમ, લોશન અને ઓઇન્ટમેન્ટ હોઇ શકે કે ડ્રેસિંગ અને પાટાપિંડીના ઉપચાર હોઇ શકે પણ હૃદય પર ઘા પડ્યા પછી તેવા કોઇ ઇલાજ કામ ન લાગે. ચીરાયેલા પેટને ટાંકા લઇ શકાય, ચીરાયેલા હૈયાને ટાંકાથી સાંધી ન શકાય.

મોતી ભાંગ્યું વીંધતા, મન ભાંગ્યું કવેણ
ઘોડો ભાંગ્યો ઠેકતાં, નહીં સાંધો નહીં રેણ

તલવારનો ઘા તો માત્ર શરીરને અસર કરે છે પણ વચનનો ઘા મન અને હૃદયને અસર કરતો હોવાથી તે બેની સાથે સંકળાયેલા લાગણી, ઉત્સાહ, સંબંધ, સંપ, શાંતિ, વ્યવહાર આદિ બધાને અસર કરે છે. તેથી જ ઇજાની વિસ્મૃતિ સહેલી છે, અપમાનની વિસ્મૃતિ અઘરી છે. માટે જ વાણીમાં કઠોરતા વર્જ્ય છે અને મીઠાશ ખૂબ જરૂરી છે. કાગડો કદાચ આશીર્વાદ આપતો હોય તો પણ અપ્રિય લાગે છે અને કોયલ કદાચ અભિશાપ આપે તો પણ તે પ્રિય લાગે છે. શબ્દના માધુર્યનો આ મહિમા છે.

ભાષા પાસે ઘણી મોટી શબ્દ સમૃદ્ધિ છે. શબ્દકોષ અને ભાષાશાસ્ત્ર દરિદ્ર અને કંગાલ નથી. કોઇ પણ વાત રજૂ કરવા માટે મીઠા અને પ્રિય શબ્દો મળી શકે છેઃ રજૂઆત ફરે તો અર્થ ભલે એક રહે પણ અસર બદલાઇ જાય છે. એક રાજાએ રાત્રે સ્વપ્નમાં પોતાના દાંતની બત્રીસી પડી ગયેલી જોઇ. આ સ્વપ્નનો ફલાદેશ જાણવા સવારે તેણે એક જોષીને બોલાવ્યા. જોષીએ સ્વપ્નનો ફલાદેશ જણાવતા કહ્યુંઃ "રાજન્, આપનું સ્વપ્ન ઘણું અશુભ છે અને અમંગલ ભાવિનું સૂચન કરે છે. આપના સ્વપ્ન પરથી જણાય છે કે, આપના વિશાળ પરિવારમાંથી સૌથી પહેલું મૃત્યુ આપનું થશે." જોષીના મુખેથી આ અનિષ્ટ અને અમંગલ વાત સાંભળીને રાજાએ તેને અપમાનિત કરીને તગેડી મૂક્યો. નગરના બીજા મોટા જોષીને બોલાવીને રાજાએ સ્વપ્નની વાત કરી. સ્વપ્નનો ફલાદેશ જણાવતા જોષીએ કહ્યુંઃ "નામદાર રાજન્, આપનું કલ્યાણ થાઓ. મંગલ થાઓ, શુભ થાઓ, જય થાઓ, વિજય થાઓ. આપને ગઇ રાત્રે આવેલું આ સ્વપ્ન તો અત્યંત શુભ અને મંગલ ફળને આપનારું છે. આ સ્વપ્નથી જણાય છે કે આપ ખૂબ સુખ અને સૌભાગ્યવાળા છો. આપના વિશાલ પરિવારમાંથી કોઇ પણ વ્યક્તિનું મૃત્યુ આપે નજરે જોવું નહિ પડે તેવું મહાન સૌભાગ્ય આપ ધરાવો છો." સ્વપ્નનો આ ફલાદેશ સાંભળીને રાજા અત્યંત આનંદિત થયો અને પુષ્કળ ધન આપીને જોષી મહારાજનું અભિવાદન કર્યું.

મરી ગયો, ગુજરી ગયો, મૃત્યુ પામ્યો, અવસાન પામ્યો, સ્વર્ગવાસ પામ્યો. એક જ અર્થને જણાવતા આ જુદા જુદા ક્રિયાપદોમાં કઠોરતાની કે મીઠાશની માત્રા જુદી જુદી છે. "આજે તમે કેમ મોડે સુધી ઘોર્યા ?" તેમ

કહેવાને બદલે "તમે આજે કેમ વહેલા ન ઊઠી શકયા ?" તેમ પૂછવામાં અપ્રિય ન લાગે.

એક મોટી સભામાં એક લાખ શ્રોતાઓ એકત્ર થયા હતા. મંચ પરથી એક વક્તાએ સભાને વખોડતા કહ્યું: "આ સભામાં ૫૦,૦૦૦ તો ગાંડા ભેગા થયા છે." આ વાક્ય કાને પડતા જ સભા ઉશ્કેરાઇ ગઇ અને વક્તા પર ખાસડાનો વરસાદ થયો. થોડી વાર બાદ બીજા વક્તા ઊભા થયા તેમણે સભાનું અભિવાદન કરતા કહ્યું: "આ સભામાં ૫૦,૦૦૦ ડાહ્યા માણસોની હાજરી છે." તુરંત સભાએ તાલીઓના ગડગડાટથી તેમને વધાવ્યા અને ફુલના હારથી લચી દીધા.

કઠોર વચનોએ કેંક કુટુંબોને કુરુક્ષેત્ર બનાવ્યા છે, ભાગીદારોને લડાવ્યા છે, સગા ભાઈઓને ઝગડાવ્યા છે, દેરાણી-જેઠાણી અને સાસુ-વહુઓને કાયમનાં ઉંદર-બિલાડી જેવા વેરી કરાવી દીધા છે. ચામડીનું સૌંદર્ય જોઇને અગ્નિની સાક્ષીએ લગ્ન થાય છે અને વાણીનું સૌંદર્ય ન હોય તો તે લગ્ન જીવનમાં અગ્નિનો સાક્ષાત્કાર થાય છે. લગ્નનો વરઘોડો કોર્ટે પહોંચે છે અને છૂટાછેડાના પરિણામ પામે છે. કડવાશે કેંક કુટુંબોને ઉજ્જડ કરી દીધા. ઘર-ઘરમાં કોઇ દ્રૌપદી હોય છે જે વાણીમાંથી કડવાશ ઓકે છે અને પરિણામે ઘર-ઘરમાં મહાભારત મંડાય છે. આપણે કાંઇક કરીને જેટલા મિત્રો બનાવી શકીએ તેના કરતાં કાંઇક કહીને વધારે દુશ્મનો બનાવી દઈએ છીએ. જન્મથી માતા-પુત્ર, પિતા-પુત્ર, ભાઈ-બહેન, ભાઈ-ભાઈ જેવા અનેક સંબંધો નિર્માણ પામે છે. લગ્નથી પતિ-પત્ની, દિયર-ભોજાઈ, સાસુ-વહુ, દેરાણી-જેઠાણી, નણંદ-ભોજાઈ જેવા અનેક સંબંધો નિર્માણ પામે છે. પાર્ટનરશીપડીડથી ભાગીદાર-ભાગીદારનો સંબંધ ઊભો થાય છે. મકાનના ભાડા-ખતથી મકાનમાલિક-ભાડૂઆતનો કે પડોશી-પડોશીનો સંબંધ ઊભો થાય છે. પણ શત્રુતા કે દુશ્મનાવટના સંબંધ માટે લગ્ન જેવી કોઈ ક્રિયા, કોઈ ડીડ કે કોઈ ખત હોતા નથી. શત્રુસંબંધકારક મુખ્ય પરિબળ જો કોઈ હોય તો તે છે - કઠોર શબ્દ.

વર્ષા સમ વારિ નહીં, પ્રેમ સમો નહીં ત્યાગ
વેણ સમ ચિનગારી નહીં, વિરહ સમી નહીં આગ

ભારે પદાર્થ ડૂબે છે, હલકો પદાર્થ તરે છે. ભારે શબ્દો નીચે જાય છે,

મૃદુ વચનો ઊચકાય છે. મહાભારતની વિદુરનીતિમાં જણાવ્યું છે કે કર્ણિ, નાલીક, નારાચ આદિ અનેક પ્રકારના બાણ હોય છે. પણ, તે બધા બાણ તો શરીરમાંથી બહાર નીકળી શકે છે. હૃદયમાં ખૂંચેલું વાગ્બાણ નીકળતું નથી માટે તે સૌથી વધુ ભયંકર છે. કુહાડીથી કોઈ વૃક્ષને છેદી નાંખવામાં આવે તો પણ તે ફરી ઊગી શકે છે પણ વચનની કુહાડીથી ભેદાયેલું મન ફરી સંરોહ પામતું નથી. પ્રિય વચનો બોલવામાં પૈસા ખર્ચવા પડતા નથી, જીભ ઉપર ફોલ્લા પડતા નથી, પેટ કે માથામાં દુઃખાવા થતા નથી, કોઈ આંધીઓ અને અંધાધૂંધીઓ સર્જાઈ જતી નથી બલ્કે અનેક અનર્થો નષ્ટ થાય છે અને પરિણામ સુંદર જ આવે છે છતાં પ્રિય વચનો વાપરવામાં માનવી કંજૂસ કેમ રહે છે, તે સમજાતું નથી. કડવાશને સંઘરવા માટે સુદર્શન-ચૂર્ણ, કરિયાતું, કડવા તુંબડા જેવા પદાર્થો દુનિયામાં છે. તે કામગીરી માનવજીભે ઉપાડી લેવાની જરા પણ જરૂર નથી. પંડિત પુરુષો માનવીની કક્ષા માપવા માટે જીભની મીઠાશને ઘણાં માર્કસ્ આપે છેઃ

દયા ધર્મ હૈયે વસે, બોલે અમૃતવેણ
તેને ઊંચો જાણીએ, જેનાં નીચા નેણ.

વચન પ્રયોગ દુર્જન અને સજ્જન વચ્ચેની એક ભેદરેખા દોરે છે. દુધ પીને પણ ઝેર ઓકતા સર્પની સાથે દુર્જનને સરખાવવામાં આવે છે. આકાશના વાદળો સમુદ્રના ખારા જળ પીને વર્ષાના મધુર જલ વરસાવે છે. સજ્જન પુરુષોની આ જ વિશેષતા છે. ભવભૂતિ તેથી જ સજ્જન પુરુષને વાદળ સાથે સરખાવે છે.

ખોરાક સાત્ત્વિક જોઈએ, વાંચન સાત્ત્વિક જોઈએ, શિક્ષણ સાત્ત્વિક જોઈએ, મૈત્રી સાત્ત્વિક જોઈએ, ચિંતન સાત્ત્વિક જોઈએ તેમ આનંદ પણ સાત્ત્વિક હોવો જોઈએ. પણ ઘણાં લોકો તુચ્છ આનંદના પ્રેમી હોય છે. બીજાની નિંદાનો આનંદ તે તુચ્છ આનંદ છે. આત્મશ્લાઘાનો આનંદ તુચ્છ કોટીનો છે. ગપ્પા અને વિકથાનો, ગંજીપા અને ટોળટપ્પાનો, મજાક અને મશ્કરીનો આનંદ તુચ્છ પ્રકારનો છે તેમ, ઘણી વ્યક્તિઓ કઠોર શબ્દ સંભળાવીને બીજાને પીડવામાં આનંદનો અનુભવ કરતી હોય છે. મીઠા અને પ્રિય શબ્દો બોલવાનો તેમને

ઉત્સાહ જ નથી થતો. કટુતાના દ્રાવણમાં ભીંજવેલા શબ્દો જ તેમને ખૂબ ગમે છે. તેથી વધુમાં વધુ કઠોર વચનપ્રયોગ શોધવા તે હંમેશા મથતા હોય છે. પણ, આ તુચ્છ આનંદથી તેમની કક્ષા નીચે જ ઊતરતી જાય છે. એક સંસ્કૃત સુભાષિત જણાવે છે કે, જે જીભને મધુર વાણી બોલતા આવડતી નથી તે જીભ નથી પણ માંસનો ટુકડો છે, કાગડાઓ ચૂંથી ન નાંખે માટે તે માંસના ટુકડા ઉપર દાંતની ચોકી કુદરતે ગોઠવી છે.

मांसखण्डं न सा जिह्वा या न वेत्ति सुभाषितम् ।
नूनं काकभयादेषा दन्तान्तर्विनिवेशिता ।।

મધુરભાષી રાજા રાજ્યસિંહાસન પર લાંબો સમય ટકી શકે. મધુરભાષી પ્રમુખ સંસ્થાનો વિકાસ સાધી શકે. મધુરભાષી ગૃહનાયક પરિવારનું સફળ સંચાલન કરી શકે. જે દુકાન પર સેલ્સમેન મીઠાબોલો હોય ત્યાં તડાકો પડે છે. સસ્તો અને સારો માલ પણ કર્કશ સેલ્સમેન ખપાવી શકતો નથી. એક ચિંતકે લખ્યું છે: 'કોઈ કંપની તેની વસ્તુ વેચતી નથી પણ સેલ્સમેનની અભિવ્યક્તિ વેચે છે.' ઈરાનમાં એક બાઈ મધ વેચવાનો ધંધો કરતી હતી. તે બોલતી ત્યારે જાણે ફૂલડાં ખરતાં, તેની દુકાને ધીકતી ઘરાકી હતી. તેનો આ ધીકતો ધંધો જોઈને, મધના ધંધામાં સારો સ્કોપ જાણી, એક ભાઈએ મધની દુકાન ખોલી, દુકાનમાં વેપાર મધનો હતો પણ જીભ ઉપર તો સુદર્શન ચૂર્ણ જ હતું. આખો દિવસ દુકાન ખોલીને બેસવા છતાં બિલકુલ ઘરાકી નહિ. થોડા દિવસો આમ જ પસાર થતા તેઓ અત્યંત વ્યથિત બન્યા અને મિત્રને મનોવ્યથા જણાવી: ''પેલી બાઈની દુકાને આટલી બધી ઘરાકી છે, મારી દુકાનના પગથિયાં કોઈ કેમ નથી ચડતું ? મારા મધમાં મીઠાશ નથી શું ?'' ''ભાઈ, તારું મધ તો એવું જ મીઠું છે પણ જીભ મીઠી નથી. મધ વેચવા માત્ર મધ મીઠું ન ચાલે, જીભ પણ મીઠી જોઈએ અને જીભ મીઠી હોય તો કડવા એળિયા પણ ધૂમ વેચાય.''

લોકપ્રિયતા એ જીવનની અત્યંત આવશ્યક અને મહાન સિદ્ધિ છે. સાધનાના ક્ષેત્રમાં, વ્યવહારના ક્ષેત્રમાં, ધંધા અને વ્યવસાયમાં, રમગગમત અને રાજકારણમાં અત્ર તત્ર સર્વત્ર લોકપ્રિયતાનું મહત્ત્વ ઘણું છે. ષોડશક પ્રકરણમાં શ્રી હરિભદ્રસૂરિ મહારાજે ધર્મસિદ્ધિનાં પાંચ લક્ષણો બતાવ્યા છે, તેમાં એક

છે: જનપ્રિયત્વ. શ્રાવકના ૨૧ ગુણોમાં એક છે: લોકપ્રિયતા. માર્ગાનુસારીના ૩૫ ગુણોમાં એક છે: લોકપ્રિયતા. આ લોકપ્રિયતાને લાવી આપતું મહત્ત્વનું કોઈ પરિબળ હોય તો તે છે: મધુરભાષિતા. પરાર્થકરણ માટે તનને તોડી નાંખનારો, ધનને વેરી દેનારો અને મનની ઈચ્છાઓને ભૂલી જનારો પણ જો મધુરભાષી ન હોય તો લોકચાહના પ્રાપ્ત કરી શકતો નથી. ૩૨ પકવાન્ન અને ૩૩ શાકના ભોજન પીરસો પણ વાણીમાં કટુતા હશે તો મહેમાનને નહિ ગમે. મીઠા આવકાર સાથેનો સૂકો રોટલો પણ કેસરિયા દૂધ અને રસગુલ્લાં કરતાં વધુ મીઠો લાગશે. ઘણાની ફરિયાદ હોય છે કે, 'બીજા માટે હું આટલું કરી છૂટ્યો, જાતને નીચોવી નાંખી છતાં જશને બદલે જૂતા મળ્યા, લોકોને કામની જરાય કદર જ નથી.' આવી વ્યક્તિએ આત્મનિરિક્ષણ કરવાની જરૂર છે. લોકો કદર નથી કરતાં તેનું કારણ લોકોની બેકદરદાની કરતાં પોતાના વચનપ્રયોગની કઠોરતા મોટેભાગે હોવી જોઈએ. ઘણાનું ઘણું કરી છૂટવા છતાં જશ જરાય ન મળે તે કેટલું મોટું દુર્ભાગ્ય કહેવાય !! અને તે દુર્ભાગ્ય જે કટુવચનોને કારણે સર્જાય છે તે કટુવચનો કેટલા નિંદ્ય ગણાય ! કેટલીક વ્યક્તિઓ કોઈનું કાંઈ ન કરતી હોવા છતાં મીઠા વચનવ્યવહારને કારણે સર્વનું પ્રિયપાત્ર બની જાય છે.

કોયલ નવ દે કોઈને, હરે ન કોઈનું કાગ,
તોયે મીઠા વચનથી, સર્વનો કોયલ લે અનુરાગ.

આંગણે કોયલ અને પોપટ પાળવાનું સહુને ગમે છે. કોઈને કાગડો પાળતા જોયા નથી. સમર્થ અને બળવાન વ્યક્તિ માટે કોઈ ચીજ વજનદાર નથી, ઉદ્યમી વ્યક્તિને કોઈ ધ્યેય દૂર નથી, પંડિત પુરુષને ક્યાંય વિદેશ જેવું નથી તેમ જેને પ્રિય બોલતા આવડે છે તેને કોઈ અપ્રિય નથી અને તે કોઈને અપ્રિય નથી.

શિકાગોની ધર્મપરિષદમાં આવેલા જુદા જુદા ધર્મના પ્રતિનિધિઓને 'Ladies and Gentleman' ના સંબોધનથી વિદ્વતાપૂર્ણ પ્રવચનો કર્યા. આર્ય-સંસ્કૃતિના પ્રતિનિધિ સ્વામી વિવેકાનંદ પ્રવચન માટે ઊભા થયા. તેમણે શરૂ કર્યું. My dear Brothers and Sisters આ મધુર અને હૃદયસ્પર્શી સંબોધન

થતા જ શ્રોતાઓએ તાલીઓના ગડગડાટથી તેમનું ઉષ્માભર્યું અભિવાદન કર્યું, બીજા દિવસે અખબારોના મુખપૃષ્ઠ પર ચમક્યા, તે ધર્મપરિષદના જવાહિર બન્યા અને સમગ્ર વિશ્વ પર છવાઈ ગયા.

તુલસી મીઠે બચનસે, સુખ ઉપજત ચહું ઓર
બશીકરન એક મંત્ર હૈ, પરિહરુ બચન કઠોર.

મધુર વચન એક વશીકરણનો મંત્ર છે. કડવો શબ્દ ઈલેક્ટ્રિક શોક આપીને બીજાને દૂર ફેંકે છે. મધુર વચન તો ચુંબકિય પરિબળ છે જે બીજાને આકર્ષે છે અને આવર્જિત કરે છે. પ્રિય વચન બોલવા માટે સામે પાત્ર જોવાની જરૂર નથી. વચનવ્યવહારમાં કોઈ ભેદભાવ ન હોય. કોઈ અમુક વ્યક્તિ પ્રત્યે પણ કઠોર વચન બોલવાનો પ્રસંગ કઠોરભાષિતાની ટેવ પાડી દે છે. એક કુંભારણ ચાલતા ઊભી રહી ગયેલી પોતાની ગધેડીને કહે છેઃ ''ચાલ બેન, ચાલ.'' કોઈએ ટકોર કરીઃ ''ગધેડીને આટલી મિઠાશથી કહેવાતું હશે ?'' ત્યારે કુંભારણે જવાબ આપ્યોઃ ''આ રીતે હું મૃદુતાથી બોલવાની ટેવ પાડું છું. માટીના વાસણ લેવા માથું પકવી નાંખે તેવા પણ કેટલાય ગ્રાહકો આવે. અત્યારે ગધેડી પાસે પણ મૃદુતાથી બોલવાની ટેવ પાડી ન હોય તો તે ગ્રાહકો પાસે કર્કશ બની જવાય.''

તમે શું કહો છો તેના કરતાં કેવી રીતે કહો છો, તેના માર્કસ્ ઘણીવાર વધી જાય છે અને અનોખી ચાહના પ્રાપ્ત થઈ જાય છે. ગૌતમ બુદ્ધ એક ઘરે ભિક્ષા લેવા માટે પહોંચ્યા. તે ઘરની મહિલાને તેના પતિએ બુદ્ધને ભિક્ષા આપવાની સખત મનાઈ કરી. હવે તે ભિક્ષા કેવી રીતે આપી શકે ? તેણે બારણે આવીને મૃદુ સ્વરે બુદ્ધને કહ્યું ''સ્વામી, ક્ષમા કરજો, હું આપને ભિક્ષા આપી શકતી નથી.'' બીજા દિવસે પણ તે જ મહિલાના આંગણે બુદ્ધ ભિક્ષા માટે આવ્યા. પતિનો આદેશ હતો તેથી તેણે આગલા દિવસની જેમ ના પાડી. આ રીતે દિવસો સુધી ચાલ્યું. રોજ બુદ્ધ જાય અને મહિલા ના કહે. એક દિવસ ખિજાઈને તે સ્ત્રીના પતિએ બુદ્ધને કહ્યું ''તમને ખબર તો છે કે તમને અહીં ભિક્ષા મળવાની નથી, છતાં રોજ શા માટે આવો છો ?'' ત્યારે બુદ્ધે જવાબ આપ્યો ''સજ્જન, આ દેવી જે 'ના' કહે છે તેમાં પણ એટલી બધી મૃદુતા અને મીઠાશ છે કે, તે 'ના' સાંભળવા હું રોજ આવું છું.''

મીઠા વચનો લઈને જશો તો સહુનો આદર પ્રાપ્ત થશે અને કટુવચનથી સર્વત્ર અનાદર પામશો. કોયલનો સ્વર સાંભળવા લોકો ભેગા થાય છે તે જાણી તે જ આંબા પર જઈને કાગડો કા-કા શરૂ કરી મૂકે તો લોકો ભાગી જાય. કાગડો જ્યાં જ્યાં જાય ત્યાં આ જ પરિસ્થિતિ સર્જાય. અનુભવી પુરુષો કહે છે કે એટલા કડવા ન બનો કે લોકો તમને થૂંકી નાંખે.

એક રાજકુમાર અત્યંત કર્કશ જીભ વાળો હતો. નગરના લોકોને અત્યંત કઠોર વચનો કહીને ખૂબ ત્રાસ આપતો હતો. રાજા પાસે ફરિયાદ આવી. તેને સમજાવવાનો રાજાએ ઘણો પ્રયત્ન કર્યો પણ તે ન સુધર્યો. રાજાએ એક સંતને વાત કરી. સંત કુમારને નગરના ઉદ્યાનમાં લઈ ગયા. ત્યાં એક નાનકડો લીમડાનો છોડ બતાવી સંતે તેને કહ્યું "જો, કેવો નાનો અને મજાનો આ છોડ છે !" કુમારે તે છોડની એક નાની ડાળી તોડીને પાંદડાં મોંઢામાં નાંખ્યા. મોંઢું કડવું થઈ જતા તરત થૂંકી નાંખ્યું અને ગુસ્સે થઈને છોડને જમીનમાંથી ઉખેડી નાંખતા તે બોલ્યોઃ "હટ, હજુ તો આવડો નાનો છે તો પણ આટલો કડવો છે તો મોટું ઝાડ થાય પછી તો શું થશે ?" ત્યારે તરત સંતે તેને કહ્યું "કુમાર, તમારી વાત એકદમ સાચી છે. નગરના લોકો પણ તમારા માટે આજ વાત કરે છે. કાલે તો તમે રાજ્યનું સિંહાસન સંભાળશો. તમે જો તમારી કડવાશ દૂર નહિ કરો તો આ છોડની જેમ તમને પણ નગરના લોકો ઉખેડીને ફેંકી દેશે." સંતના વચનોએ કુમારને ચેતવી દીધો. ઉપદેશના સાબુથી સંતે તેના જીભની કડવાશને ધોઈ નાંખી.

જીભને કાતર જેવી નહિ; સોય જેવી રાખવાની છે. કાતર કાપવાનું કામ કરે છે, સોય સાંધવાનું. દરજી સોયને ટોપીમાં ભરાવે છે અને કાતરને પગ નીચે દાબી રાખે છે. જેની વાણી સંયોજક બને છે તે વ્યક્તિ સમાજમાં ઉન્નત સ્થાન પ્રાપ્ત કરે છે. વિભાજક બનનારી જીભનો સ્વામી તિરસ્કૃત બને છે. જીભ કર્કશ હોય તો વ્યક્તિ બુદ્ધિમાન હોય તો પણ મૂર્ખ ગણાય છે. ગર્વ, કઠોર વાણી, ક્રોધ, જીદ, પરનિંદા અને આત્મસ્તુતિ એ છ દુર્ગુણોને શાસ્ત્રમાં મૂર્ખના લક્ષણ તરીકે જણાવવામાં આવ્યા છે. ધારદાર શબ્દ બોલનારે બોલતા પહેલા એટલો વિચાર કરી લેવો જોઈએ કે કદાચ પોતાને જ એ શબ્દો પાછા

ગળવા પડે તો ? ત્યારે તે શબ્દો ગળી શકાય તેવા ન હોય તો પહેલેથી જ ઉચ્ચારવા નહિ. થોડા વખત પૂર્વે એક પ્રસિદ્ધ અંગ્રેજી દૈનિકે શિવાજીના સંબંધમાં કઠોર રજૂઆત કરી હતી. તેના પ્રત્યાઘાતો ઘણા ખરાબ પડ્યા, ઉહાપોહ જાગ્યો અને તે દૈનિકે આખરે માફી માંગવી પડી. એક વરિષ્ઠ નેતાએ જાહેરમાં ગાંધીજીની નિંદા કરી હતી અને તેમને પણ પોતાના શબ્દો પાછા ખેંચવા પડ્યા. સલમાન રશ્દીએ 'ધ સેતાનિક વર્સિસ' પુસ્તકમાં એક ધર્મના અનુયાયીઓની ધર્મભાવના દુભાય તેવું લખ્યું, તો છેલ્લા કેટલાક વર્ષોથી ગુપ્તાવાસમાં તેને ગોંધાઈ રહેવું પડ્યું છે.

ગાંધીજીના ત્રણ વાંદરાના રમકડાંમાં એક વાંદરાએ હાથથી મોઢું દાબી દીધું છેઃ बूरा मत बोलो. પણ, આ વાંદરો જ્યારે બોલી રહ્યો છે, ત્યારે કદાચ આપણે આપણા કાન પર હાથ દાબી દીધા છેઃ बन्दरका मत सुनो. તેથી જ કર્કશ વાણી મુખમાંથી બહુ આસાનીથી નીકળે છે. માનવીનું મન અત્યંત નાજુક અને કોમળ ચીજ છે. આવકાર, બહુમાન, આદર, સત્કાર અને મીઠાશના હજારો ઉપચારોથી જતન કરાયેલું હૃદય એક કઠોર શબ્દનો ઘા વાગતા તુરંત નંદવાઈ જાય છે. કેટલાકને તીખા વ્યંગ અને આકરા કટાક્ષો કરવાની ટેવ હોય છે. બહુ પ્રાકૃતિક રીતે બોલતા હોય તેવું લાગે પણ વાસ્તવમાં કોઈકને કાંઈક સંભળાવતા હોય. 'દાઢમાં બોલવું'- આ રૂઢિપ્રયોગ આ સંદર્ભમાં સુપ્રસિદ્ધ છે. ક્યારેક શબ્દો કઠોર નથી હોતા પણ બોલવાનો રણકો એટલો કર્કશ અને કઠોર હોય છે કે સાંભળનારને ઝાળ લાગી જાય. 'ડાહ્યો' શબ્દ આમ તો પ્રશસ્ત છે પણ, "ડાહ્યા, બેસ હવે, બહું થયું." - તેવા વાક્યપ્રહાર વખતે આ પ્રશસ્ત શબ્દ પણ કડવો જણાય છે. 'ગાંડો' શબ્દ કોઈને પણ ન ગમે તેવો છે. પણ વહાલથી અને મૃદુતાથી શિખામણ આપવા માટે 'ગાંડો' શબ્દ વપરાય તો પણ ગમે છે. જેમ કે - "અરે, ગાંડા, તારા જેવાને આ કામ શોભે ?" વાણીના માધુર્ય માટે રણકો અને રજુઆત પણ એટલા જ મહત્ત્વના છે.

વાસ્તવિક હોય કે તથ્ય હોય તે સત્ય - તેવી સત્યની સીમિત વ્યાખ્યા શાસ્ત્રકારોએ બાંધી નથી. સત્ય વચન પણ પ્રિય ન હોય તો તે 'સત્ય'ના

ખાનામાં સ્થાન પામતું નથી. सच्चं पि तं न सच्चं जं परपीडाकरं हवइ लोए ।। સિંહાણનું દૂધ સુવર્ણના પાત્રમાં જ ટકે તેમ સત્ય પણ મધુર વાણીના પાત્રમાં જ શોભે છે અને ટકે છે. કડવાશ વગર સત્ય ન જણાવી શકતા હોય તેણે મૌન રહેવું જ શ્રેયસ્કર છે. તેમ હિત વચનો પણ પ્રિય જ હોવા જોઈએ. સોનાની લગડી પણ ધગધગતી તપાવીને આપવામાં આવે તો કોઈ પ્રેમથી સ્વીકારતું નથી. કેટલીક કંપનીઓનો ભંગાર માલ પણ સારા આકર્ષક અને બારદાનને કારણે ધૂમ વેચાતો હોય છે. કેટલીક કંપનીઓનો માલ ઊંચો હોવા છતાં બારદાન ભંગાર હોય તો તે કંપની માર્કેટમાં ટકી શકતી નથી. મેડિસિનનું ઉત્પાદન કરનારી કંપનીઓ કડવી ગોળીને પણ સુગરકોટિંગ કરીને બજારમાં મૂકે છે. નાનાં બાળકને કડવી ગોળી ખવડાવવી હોય તો માતા તેને પેંડામાં નાંખીને ખવડાવે છે, પણ જો સત્ય વચન પણ અપ્રિય ભાષામાં વહેતું મૂકાય તો તેની સત્યતાને કલંક લાગે છે.

અનશન આદરીને કાયોત્સર્ગધ્યાનમાં લીન બનેલા અવધિજ્ઞાની શતક શ્રાવકને તેમની રેવતી નામની દુષ્ટ પત્નીએ મદિરાના ઘેનમાં આવીને ખૂબ ત્રાસ આપ્યો. શતક શ્રાવક આવેશમાં આવી ગયા. તેમણે પોતાના અવધિજ્ઞાનથી જાણ્યું કે આ રેવતી મૃત્યુ પામીને નરકમાં જવાની છે. તેથી આવેશમાં આવેલા શતક શ્રાવકે રેવતીને કહી સંભળાવ્યું "અય દુષ્ટ, તારા તોફાન બંધ કર, તું આજથી સાતમા દિવસે મરીને રત્નપ્રભા નામની પ્રથમ નરકના લોલુપ નરકાવાસમાં ૮૪,૦૦૦ વર્ષના આયુષ્યવાળી નારક બનવાની છે." આ શબ્દોના શ્રવણથી રેવતીના હૃદયને આઘાત લાગ્યો. પરમાત્મા મહાવીરદેવે શતકને જણાવ્યું "*તેં અવધિજ્ઞાનથી જે જાણ્યું તે સત્ય હતું છતાં અપ્રિય હોવાથી તારી પત્નીને તેં* જે જણાવ્યું તે તારી ભાષા સમ્યક્ ન બની." શતક શ્રાવકે પોતાના દુષ્ટ વચન પ્રયોગ બદલ ક્ષમા યાચી.

*वयणेण जेण परो दूमिज्जइ अवितहेण जिअवग्गो ।*
*तं तं वज्जइअव्वं कयावि धम्मत्थिणा णे व ।।*

જે અવિતથ એવા પણ વચનથી જીવોના હૃદય દુભાય તેવા વચન ધર્માર્થી વ્યક્તિએ ક્યારેય પણ ઉચ્ચારવા ન જોઈએ.

આશ્રિત કે સંતાનને તેના હિત અને ઉત્થાનને માટે ક્યારેક કડવી હિતશિક્ષા આપવાનો પ્રસંગ આવે ત્યારે તે જવાબદારી અદા કરવા માટે પરિપૂર્ણ યોગ્યતા અને સંપૂર્ણ કુશળતા જોઈએ. અન્યની સુધારણા એ એક ઓપરેશન છે, જે ક્વોલિફાઈડ સર્જન જ કરી શકે. ઓપરેશન કરતા પહેલા એનેસ્થેસિઆ આપતા આવડવું જોઈએ. ઓપરેશન જ્યાં કરવાનું છે તે ભાગને બરાબર ચીરતા આવડવું જોઈએ. તે સિવાયનો ભાગ ન ચીરાય તેની સાવધાની જોઈએ. એક જ વારના આપરેશનમાં રોગને દૂર કરવાની કુશળતા જોઈએ. વારંવાર પેટ ચીરી શકાતા નથી. પેટ ચીરીને સફળતાથી ઓપરેશન કરી લીધા બાદ કુશળતાથી ટાંકા લઈને પાટાપિંડી કરવાનું કૌશલ્ય પણ જોઈએ. ચીરો મૂકીને ઘાયલ જ રહેવા દે તે તો ખૂની કે હત્યારો. ચીરીને ટાંકા લે તે જ ડૉક્ટર. જે સાંધી શકે તેને જ ચીરો મૂકવાનો અધિકાર છે. અન્યના જીવનની સુધારણાનું ઓપરેશન કરવામાં પણ આ બધી જ યોગ્યતાની પરિપૂર્તિ અનિવાર્ય છે. હિતશિક્ષા કે ઉપદેશ જ્યારે એક ચોક્કસ વ્યક્તિને તેના અંગત જીવનને કેન્દ્રમાં રાખીને કહેવામાં આવે છે, ત્યારે મોટે ભાગે તે કટુ હોય છે. તે બધી વાત જણાવતા પૂર્વે તે વ્યક્તિના સદ્ભૂત ગુણો, વિશેષતાઓ, યોગ્યતા, ખાનદાની આદિની પ્રાકૃતિક શૈલીમાં પ્રશંસા કરવી તે એનેસ્થેસિયા છે. સીધો જ ચીરો મૂકવાનું સાહસ દુઃસાહસ છે. જ્યારે જે બાબતની અને જેટલી હિતશિક્ષા આપવાની જરૂર હોય તેટલી જ આપવી. કેટલીક વ્યક્તિઓ હિતવચનો ઠાલવવામાં કર્ણના અવતાર હોય છે. ફરી સાંભળનાર મળે કે ન મળે, તેમ સમજીને જાણે વરસી જ પડતા હોય છે. પ્રસ્તુતમાં અસંબદ્ધ એવી બીજી ઘણી ઘણી બાબતોને પણ યાદ કરી કરીને ખૂબ કહી નાંખતા હોય છે. જે સ્થાનમાં ગુમડું છે તે સિવાયના પણ ઘણા ભાગોને ચીરી નાંખતા હોય છે. અને કદાચ અહીં સુધી બધું બરાબર ચાલ્યું તો પણ ઘણા ચીરેલું જ મૂકીને ચાલ્યા જાય છે. ઉપસંહારમાં મીઠા શબ્દોથી સંધાન કરવાનું ચૂકી જવાથી મોટું જોખમી ઓપરેશન આખરે નિષ્ફળ જાય છે. મોટા ભાગની વ્યક્તિઓને આશ્રિતોની સુધારણા માટેની અનાવડત હોય છે. તેથી મોટે ભાગે નિષ્ફળતાને વરતા હોય છે અને ગુનેગાર દરદીને ગણતા હોય છે. આપવા માટે સોંઘામાં સોંઘી કોઈ ચીજ હોય તો શિખામણ છે. તેનો હંમેશા ફુગાવો થતો હોય છે. કેટલાક તો શિખામણના

હોલસેલ ડિસ્ટ્રિબ્યુટર્સ હોય છે, ઘરાકની જ શોધમાં હોય છે. એક શિખામણ એક કાનેથી બીજા કાને જવા દો એટલી વારમાં બીજા બે શિખામણની ગુડ્સટ્રેઈન તમારા કાનના યાર્ડમાં આવીને ઊભી જ હોય. જો કે પોતે જે શિખામણ આપે તેનો પોતાના જીવન સાથે સારો સુમેળ હોવો જોઈએ તેવો કાયદો હોય તો તો ઘણો મોટો ભાગ સેન્સર થઈ જાય !

બધું ઘૂંટ્યા પછી આખરે વાત તો તેની તે જ છે કે માધુર્ય એ વાણીનો અત્યંત આવશ્યક ગુણ છે, મૃદુતા એ વાણીનું જરૂરી આભૂષણ છે. સધવા સ્ત્રીના દેહ પર બીજા આભૂષણ હોય કે ન પણ હોય, સૌભાગ્યનું એક કંકણ તો જોઈએ જ. માધુર્ય એ વાણી માટે સૌભાગ્ય કંકણ છે, તે ન હોય અને કદાચ તમારી વાણીને વૈધવ્યનું લેબલ લાગે તો સફેદ સાડલો ઓઢીને ઉંબરે રડવા ન બેસતા.

છેલ્લે એક કવિની પંક્તિઓ ટાંકીને પ્રકરણનો ઉપસંહાર કરીએ.

કડવાશ:-

મારી ને તમારી કાચી સમજની;
જિહ્‌વાના દંશની કે અહમ્‌ના તોરની;
એકલતાના અંધારની, જૂથબંધીના જોરની;
તમારી સફળતાની વાડીમાં ઊગેલા
મારી ઈર્ષ્યાના થોરની-
હવે આ બધી કડવાશ રગેરગમાં વહે છે-
ચાલો, હાફકિન ઈન્સ્ટિટ્યુટમાં જઈ
વિષદાન કરીએ.

# ❑ નિપુણ બોલો

બાલમંદિરમાં ભણતો બાળક પણ ચિત્ર તો દોરતો હોય છે. ચિત્ર દોરનારા બધા ચિત્રકાર ન કહેવાય. ચિત્રકલામાં સારું કૌશલ્ય જે પ્રાપ્ત કરે તે ચિત્રકાર બને. હાલી અને મવાલીઓ પણ ગીત ગાતા હોય છે. ગાનારા બધા સંગીતકાર ન કહેવાય. સંગીતકલામાં જે નિપુણ બને તે સંગીતકાર કહેવાય. લખનારા બધા લેખક નથી, રમનારા બધા રમતવીર નથી, દોડનારા બધા દોડવીર નથી, નાચનારા બધા નૃત્યકાર નથી. દરેક ક્ષેત્રમાં ટોચની નિપુણતા તો કોક જ પ્રાપ્ત કરી શકે છે અને ત્યારે જ તે ક્ષેત્રમાં તે કુશળ કહેવાય છે. બોલવું તે પણ જીવનની એક અત્યંત નાજુક કળા છે. બોલવાનું તો બધા જ કરતા હોય છે પણ ખરેખર બોલતા તો બહુ ઓછાને આવડતું હોય છે. માટે, વાક્‌નિપુણતા કેળવવી ખૂબ જરૂરી છે. આ પુસ્તકમાં જણાવેલા વાણીના તમામ ગુણો હસ્તગત થાય ત્યારે વાણીની નિપુણતા પ્રાપ્ત થાય છે.

નિપુણ વ્યક્તિ બોલે છે, ત્યારે તેનો પ્રત્યેક બોલ અણમોલ રત્ન જેવો હોય છે, કાનના આભરણ જેવો હોય છે, નોંધપોથીમાં ટાંકી લેવા જેવો હોય છે, હૈયાને હલાવી દે તેવો હોય છે, મનને હરી લે તેવો હોય છે. તે બોલે છે, ત્યારે હવામાં થૂંક નથી ઉડાડતો પણ પળોને શણગારતો હોય છે. તેના વાક્યમાં અમૃતનું વિલેપન હોય છે, હિમાલયના ગૌરીશંકર શિખરની ગરિમા હોય છે, ગંગાની પવિત્રતા હોય છે અને સમુદ્રનું ઊંડાણ હોય છે. તેના મુખના બગીચામાં જીભના ઝૂલે મા ભારતી ઝૂલતા હોય છે. તેના શબ્દોમાં હજારો મેગાવોટનો ઈલેક્ટ્રિક પાવર હોય છે, જે કેટલાય મર્ક્યુરી લેમ્પનાં અજવાળાં એક સાથે પાથરે છે. તેની વાણીમાં પારાની ઘનતા હોય છે તો જલની પ્રવાહિતા પણ હોય છે. તેની વાણી હૈયેથી મુખ મારગડે આવીને કાન મારગડે હૈયે પહોંચે

છે. અલ્પ શબ્દોમાં વિસ્તૃત અર્થનો સ્પષ્ટ અને સચોટ બોધ કરાવવાની અદ્‌ભુત કુશળતા આવી નિપુણ વ્યક્તિ પાસે હોય છે.

કેટલીક વ્યક્તિઓ એવી હોય છે કે તેણે મૌનવ્રત ધારણ કરેલું હોય ત્યારે જ તેને મળવાની હિંમત કરાય. તેવી વ્યક્તિઓની વાતો કાનને ખૂબ ત્રાસ ઉપજાવે તેવી હોય છે. તો બીજી કેટલીક વ્યક્તિઓ એવી હોય છે કે જેને સાંભળવાનું ગમે. પણ, વાક્‌નિપુણ વ્યક્તિ તો એવી હોય છે કે જેને સાંભળ્યા વગર ચેન ન પડે. જેમ કાંઈક ખાવા-પીવાના દોહદ થાય તેમ તેવી વ્યક્તિની વાગ્ધારામાં પલળ્યા કરવાના વારંવાર દોહદ થાય. તેમની વાણીમાં વિચારોનું ઊંડાણ હોય છે, શબ્દોની અસરકારકતા હોય છે અને રજૂઆતની ખૂબી.

નિપુણ વચન મધમાખી જેવું હોવું જોઈએ. મધમાખીમાં ત્રણ ચીજ હોય છે-નાનકડો દેહ, મધ અને ડંખ. ઓછા શબ્દો, સાકરની મીઠાશ અને માર્મિક બોધ આ ત્રણ વિશેષતાને વરેલી વાણી નિપુણ વાણી છે. ચમચી જેટલો વિચાર દર્શાવવા માટે પીપડા ભરીને શબ્દોને ઢોળી નાંખવા તે ઉદારતા નથી. ઉડાઉપણું પણ નથી પરંતુ ભાષાનો સંગ્રહણી રોગ છે. જેમાં વિચારોની કબજિયાત અને શબ્દોનો સંગ્રહણી હોય તેવા વચનો સાંભળવાનો ઉત્સાહ જન્માવતા નથી. સંક્ષિપ્તતા તે અસરકારક વાણીનું આવશ્યક અંગ છે.

તીર્થંકર ભગવંતો માત્ર ત્રણ પદ દ્વારા ગણધર શિષ્યોને વિરાટ દ્વાદશાંગીનું બીજ આપી દે છે. લંબાઈને ગુણ ન ગણીએ તો કેટલાકની વાતચીતમાં બીજું કશું હોતું નથી. શબ્દોની બહુલતા ઘણીવાર વિચાર-દારિદ્રયની ચાડી ખાતી હોય છે, વાતમાં ઊંડાણ ન હોય તેની ખોટ લંબાણથી પૂરી કરવી તે જરા પણ વ્યાજબી નથી. તમારો બોલવાનો ઉત્સાહ ટકવો જરૂરી છે, તેમ સાંભળનારનો સાંભળવાનો ઉત્સાહ પણ ટકી રહેવો જરૂરી છે. નિપુણ વચનના સ્વામી બનવા માટે મર્યાદિત શબ્દોમાં અમર્યાદિત વિચાર રજૂ કરવાની આવડત કેળવવી અત્યંત જરૂરી બને છે. વાક્યોમાં સંક્ષિપ્તતા અને મીઠાશ જોઈએ તેમ વેધકતા પણ જોઈએ. વાણી સાંભળનારના હૃદયને સ્પર્શે અને તેના હૃદયમાં વસે ત્યારે જ તે સાર્થક છે. તે માટે વાણીમાં વેધકતા જોઈએ.

બાળ અતિમુક્તને ગૌતમસ્વામીના પરિચયથી સંસારત્યાગની વાંછના પ્રગટી. પોતાની માતાને તેણે પોતાનો મનોરથ જણાવ્યો. નાનકડા બાળકના

મુખેથી સંસારત્યાગની વાત સાંભળીને માતાને આશ્ચર્ય થયું. તે બોલીઃ ''અરે બાલુડા, સંસારને છોડવાની અને દીક્ષા સ્વીકારવાની વાત તું શું કરે છે ? સંસાર શું અને સંયમ શું; તે તું શું જાણે ? તારી વય નાની છે, અનુભવ ઓછો છે, સમજણ અધૂરી છે, રાગ અને વિરાગને તું શું જાણે ?'' ત્યારે નાનકડા *અતિમુક્તના મુખથી* નિપુણ વાણીનું એક નાનું આહ્‌લાદક ઝરણું ફૂટ્યું. ''મા, હું જાણું તે નવિ જાણું, નવિ જાણું તે જાણું.'' અતિમુક્તના આ ટૂંકા શબ્દોમાં અર્થનું મહાઊંડાણ હતું, આમ્રરસનું માધુર્ય હતું અને ગાંડીવની વેધકતા હતી. ''મૃત્યુ આવવાનું છે તે હું જાણું છું પણ ક્યારે આવવાનું છે તે નથી જાણતો, મૃત્યુ પામીને પરલોકમાં હું ક્યાં જવાનો છું તે નથી જાણતો પણ સંયમસાધના કરીને મરીશ તો જરૂર સદ્‌ગતિ પામીશ તે હું જાણું છું.'' અલ્પ શબ્દો દ્વારા આ બાળકે કેટલું ઊંડું તત્ત્વજ્ઞાન માતાને સમજાવી દીધું. હવે માતા દીક્ષાની અનુમતિ ન આપે તે બને ?

કોઈના મુખેથી નીકળેલા અથવા કોઈકના અનુભવનું નવનીત રજૂ કરનારા નિપુણ વચનો લોકહૃદયને એટલા બધા ગમી જાય છે કે 'કહેવત'નું લેબલ લગાડીને લોક તે વચનોનું યોગ્ય બહુમાન કરે છે. અવારનવાર ઉચિત પ્રસંગોમાં તે કહેવતોને ટાંકે છે. આમ મોટા ભાગની કહેવતોને નિપુણ વાક્ય કહી શકાય. 'ગાજ્યા મેઘ વરસે નહિ, આપ ભલા તો જગ ભલા, ટીપે ટીપે સરોવર ભરાય, મા તે મા બીજા વગડાના વા, ઝાઝા હાથ રળિયામણાં, સંપ ત્યાં જંપ, ખાડો ખોદે તે પડે.' આવી બધી કહેવતો સામાન્ય જનસમાજ પણ વ્યવહારમાં રોજબરોજ વાપરે છે. તે કહેવતોમાં મીઠાશ છે. ટૂંકા શબ્દો છે અને સેંકડો શબ્દોની અર્થબોધન શક્તિ તે ટૂંકા શબ્દોમાં ભરેલી પડી છે.

શ્લોકો, કાવ્યો આદિ પદ્યકૃતિઓમાં આવી નિપુણતા જોવા મળે છે. તે શબ્દોમાં ચમત્કૃતિ હોય છે, અર્થમાં ઊંડાણ હોય છે અને ચિરસ્થાયી અસર હોય છે. હેમચંદ્રાચાર્ય, સિદ્ધસેન દિવાકરસૂરિ, સિદ્ધર્ષિગણિ, ધનપાલ કવિ, કવિ કાલિદાસ આદિ પ્રાચીન સાહિત્ય સર્જકોની કૃતિઓમાં આ વિશેષતાઓ સહજ જોવા મળે. નિપુણ પ્રત્યુત્તરો માટે મંત્રી અભયકુમાર, રોહક, બિરબલ આદિ પ્રસિદ્ધ છે.

એક ચિંતકે લખ્યું છે કે ભાષા ઝવેરીના CASE જેવી હોવી જોઈએ.

Correct, Attractive, Sweet અને Effective. મધુર, મિતાક્ષરી અને માર્મિક ભાષા મનોહર હોય છે. નિપુણ વચનમાં ભાષાની ચમત્કૃતિ, ચોટદાર રજૂઆત અને બુદ્ધિનું ચાતુર્ય ધ્યાન ખેંચે છે. આ ઉપરાંત ભાષામાં નિપુણતા લાવવા માટે સરળતા અને અસ્ખલિતતા પણ અત્યંત જરૂરી છે. વાતને ટૂંકા સરળ શબ્દોમાં ગૂંથીને કહેવાને બદલે નિરર્થક લંબાણમાં ગૂંચવી દેવાથી સાંભળનાર વ્યક્તિ બોલનારના તાત્પર્યને પકડી શકતી નથી. ભાષામાંથી ક્લિષ્ટતા ટાળીને સરળતાનું આરોપણ કરતા શીખી લેવું અત્યંત જરૂરી છે. અત્યંત સરળ વાતને કેટલાક સહજ રીતે ક્લિષ્ટ કરીને રજૂ કરતા હોય છે. તો, કેટલીક વ્યક્તિને સરળતાની એવી હથોટી હોય છે કે ક્લિષ્ટ બાબતને પણ અત્યંત સરળ શબ્દોમાં સમજાવી શકે છે. અધ્યાપનના ક્ષેત્રે આ કળા અત્યંત સફળતા અપાવે.

સ્ખલના એ એક દોષ છે, ત્રુટિ છે. અસ્ખલિતપણે પોતાના વિચારોને રજૂ ન કરી શકે તેની વાતો સાંભળવામાં રુચિ કે રસ જળવાતો નથી. સ્ખલનાને કારણે સાંભળનારનો ધ્યાન ભંગ થવાની કે અનુસંધાન તૂટી જવાની સંભાવનાઓ સર્જાય છે. બોલવામાં સળંગસૂત્રતા જાળવી શકતા ન હોવાથી કેટલીક વ્યક્તિઓ અમુક ચોક્કસ શબ્દ કે શબ્દ સમૂહનો વારંવાર ઉપયોગ કરી સ્ખલનાના ખાડાને પૂરી દેતા હોય છે. મનમાં ધારણા કરીને બોલવાથી અને નિર્ભીકપણે બોલવાથી સ્ખલનાનો દોષ સહેલાઈથી ટાળી શકાય તેવો છે.

નિપુણ વચનના સ્વામી બનવા આટલું યાદ રાખી લોઃ

- યોગ્ય અવસરે જ બોલો.
- મધુર ભાષામાં બોલો.
- ટૂંકા શબ્દોમાં બોલો.
- સ્પષ્ટ બોલો.
- અસ્ખલિત બોલો.
- અસરકારક બોલો.
- હિતકારક બોલો.
- વિચારીને બોલો.

## ❑ ઓછું બોલો

थोवाहारो थोवाभणिओ जो होइ थोवनिद्दो य ।
थोवोवहिउवगरणो तस्स हु देवावि पणमंति ।।

આહાર, વાણી, નિદ્રા અને પરિગ્રહ જેના પરિમિત છે-ઓછા છે, તેને દેવલોકના દેવો પણ પ્રણામ કરે છે.

તેથી જ ઉપદેશમાલા ગ્રન્થમાં વાણીનો ત્રીજો ગુણ બતાવ્યો છે-स्तोकम्

સ્તોકમ્ - એટલે ઓછું બોલો, માપસર બોલો. ઓછું બોલવું તે અસરકારક બોલવાની પૂર્વશરત છે. ઓછું બોલવું તે કલહ અને કંકાસમુક્ત શાંતિપૂર્ણ જીવન જીવવાનો એક અમોઘ ઉપાય છે. વાણી ઘણી કિંમતી છે તેને નિરર્થક વહી ન જવા દો. પરિમિત પ્રયોગથી વાણીનો મહિમા જળવાય છે. વેડફી નાંખવાથી તો વાણીનું ગૌરવ હણાય છે.

જૂઓ, ખૂબ અવાજ કરનાર ઝાંઝર પગમાં સ્થાન પામે છે. ઓછું બોલનાર કંકણ કાંડે બંધાય છે. અત્યંત અલ્પ અવાજવાળો હાર કંઠે આરોપાય છે. અને મૂક મુગટ મસ્તકે આરૂઢ થાય છે. એક સહેજ અવાજ થતાં જ ભય પામીને ઊડી જવાના સ્વભાવવાળા કબૂતરને કંસારાના સતત ચાલતા વાસણ ટીપવાના અવાજની કોઈ અસર થતી નથી. પ્રમાણનો અતિરેક ધ્વનિની તાકાતને કેટલી હદે હણી નાંખે છે ! ઘડિયાળનો સેકંડ કાંટો પ્રતિસેકંડ ટક-ટક કર્યા જ કરે છે એટલે જ તેના અવાજની કોઈ જરા સરખી પણ નોંધ લેતું નથી. તમારી પાંચ વાગ્યાની એપાઈન્ટમેન્ટ હોય અને પહોંચવામાં ૫-૧૦ સેકંડનો ફરક પડે તો તેની જરાય નોંધ નથી લેવાતી. પણ કલાક કાંટા પ્રત્યે સહુને માન છે, તેની સહુને કદર છે. નવ વાગ્યાની એપાઈન્ટમેન્ટ હોય અને દસ વાગે

પહોંચવું તે ગુનો બને છે. કલાક કાંટાનું આ ગૌરવ આખો સમાજ જાળવે છે. કારણ કે તે ઓછું બોલે છે. કલાક પછી તેના ડંકા પડે છે. તે સેકંડ કાંટા જેવો બોલકણો નથી. દેડકાના ડ્રાઉં ડ્રાઉં કે મચ્છરોના ગણગણાટને કોઈ ગણકારતું નથી. કૂકડાના કૂકડે કૂકની સહુ નોંધ લે છે.

ક્યારેક જ કહેવાતા સલાહ, શિખામણ કે ઠપકાના માપસર શબ્દો અત્યંત અસરકારક હોય છે. પણ, કેટલાક મહાનુભાવો તો સલાહ, શિખામણ અને ઠપકાની સોલ સેલિંગ એજન્સી જ ધરાવતા હોય છે. ડગલે ને પગલે વારંવાર કહ્યા કરવું તે ટકટક અને ક્યારેક જ માપસર મીઠા શબ્દોમાં કહેવું તે ટકોર. ટકટક કોઈને પસંદ પડતી નથી, ટકોરને સહુ માથે ચડાવે છે.

બહુ બોલનાર વાણીનું અવમૂલ્યન કરે છે. ચાર પાના ભરીને કોઈ વ્યક્તિને જલદી ખાસ આવી જવાની ગમે તેટલી ભારપૂર્વક ભલામણ કરો, છતાં તે કદાચ ન પણ આવે. પણ, 'Come Soon' નો એક ટેલિગ્રામ એ ચાર પાનાના લાંબા પત્ર કરતાં વધુ અસર કરે તે સહુને અનુભવસિદ્ધ છે. પણ મિતભાષિતાનું આ મહામાહાત્મ્ય બહુ ઓછાં સમજે છે. બાળક નાનું હોય ત્યારે તેને બોલતા શીખવવું પડે છે. પણ બોલવાનું બરાબર આવડી ગયા પછી બંધ કરતા શીખવવાની એક મોટી સમસ્યા ઊભી થાય છે, જે મોટે ભાગે હલ નથી થતી. વચનવ્યયમાં કેટલાક તો અત્યંત ઉડાઉ બની જાય છે. જે વાણીમાં લંબાણ હોય ત્યાં મોટેભાગે ઊંડાણની ખોટ પ્રવર્તતી હોય છે. શબ્દોની બહુલતા ઘણીવાર વિચાર દારિદ્ર્યની ચાડી ખાતી હોય છે. કેટલાકને તો ચાલુ થવાની જ 'સ્વીચ' હોય છે, 'ઓફ'નું તો બટન જ નથી હોતું.

થોમસ આલ્વા એડિસનનો એક પ્રસંગ અહીં યાદ આવે છે. તેમણે ટોકિંગ મશીનની શોધ કરી ત્યારે તેમના બહુમાન માટે એક સભાનું આયોજન થયું. આ સભામાં એક વક્તાએ એડિસન અને તેના શોધેલા ટોકિંગ મશીનનો પરિચય આપતા એક લાંબુ-લચક ભાષણ ઠોકી દીધું. તેનો જવાબ આપવા એડિસન ઊભા થયાઃ ''ટોકિંગ મશીન એ મારી શોધ નથી. ઈશ્વરની છે. મેં તો એવું યંત્ર બનાવ્યું છે કે જે ઈચ્છા થાય ત્યારે બંધ પણ કરી શકાય છે.'' એડિસનના આ વ્યંગનું નિશાન આપણે તો નથી બનતા ને ? તેની સહુ કોઈએ જાત તપાસ કરી લેવી જોઈએ.

દિવસ દરમ્યાન માણસ શબ્દોની કેટલી મજલ કાપે છે તે જાણવા માટે રિક્ષા, ટેક્સીની જેવા મીટર ગળા પર બેસાડવામાં આવે તો કદાચ સાંજ પડતા સુધીમાં મીટર તૂટી જાય એટલી હદે વાણીનો વ્યર્થ વ્યય કરવાનું ઘણાંને કોઠે પડી ગયું હોય છે. 'मुखमस्ति इति वक्तव्यम्'- મોઢું મળ્યું છે એટલે જાણે બોલવા માટે જ મળ્યું છે, માટે બોલ્યે જ રાખવું. આવા ગણિત પૈસાની બાબતમાં કેમ નહિ લગાડતા હોય ! હિસાબ કરશું તો તાજુબ થઈ જઈશું કે કેટલો શબ્દોનો વેડફાટ દિવસભરમાં આપણે કરી નાંખીએ છીએ. જે બોલ્યા વગર કાંઈ જ વાંધો ન આવે અથવા જે બિલકુલ નિરર્થક જ હોય તેવું આખા દિવસમાં કેટલું બોલવાનું થતું હશે ? ઘણીખરી વાચાળ વ્યક્તિઓ દિવસમાં ચારેક કલાક આવું નિરર્થક બોલી નાંખતી હશે. એક મિનિટના ૧૦૦ શબ્દોની ઝડપ ગણીએ તો ચાર કલાકમાં ૨૪,૦૦૦ શબ્દો વેડફાય. તે દરથી એક વર્ષમાં કુલ ૮૬,૪૦,૦૦૦ શબ્દો નિરર્થક વેડફાઈ જાય. મળેલી અમૂલ્ય વાણીશક્તિનો આવો નિરર્થક વેડફાટ એ વાચાવિહીન પશુઓ અને મૂંગા માનવોનો ક્રૂર ઉપહાસ નથી શું ? પૈસાની કિંમત નિર્ધન પાસેથી સમજવી પડે તેમ વાણીની કિંમત જેને વાચા નથી મળી તેવા પશુ અને માનવો પાસેથી સમજી લેવી જોઈએ.

આવો સામાન્યથી એક નિયમ છે કે, ક્વોન્ટિટી વધે ત્યાં ક્વોલિટી જાળવવી મુશ્કેલ બને છે. પ્રમાણનો અતિરેક ગુણવત્તા ઉપર ઘાતક અસર પહોંચાડે છે. બહુ બોલનાર છબરડા ઘણાં વાળી નાંખે છે.

- બહુ બોલવામાં જે કાંઈ બોલાય છે તે મોટેભાગે વિવેકની ગળણીથી ગળાયા વગર બોલાય છે.
- પ્રમાણાતીત બોલવામાં સત્યની વફાદારી સહજ ચૂકી જવાય છે.
- બહુ બોલવામાં નિંદા-કૂથલીની ગંદકી ઘણી ઓકાય છે.
- વાચાળતા અને આપ બડાઈને સારો સંબંધ છે.
- બહુ બોલવામાં બફાઈ જવાની સંભાવના વધે છે. તેથી વિરોધીઓ અને શત્રુઓ વધે છે. તેથી જીવનમાં અશાંતિ અને સંતાપ વધે છે.
- બહુ બોલવું એ બહિર્મુખદશાની નિશાની છે.

- બહુ બોલવાની વૃત્તિ અનર્થદંડ તરફ લઈ જાય છે.
- બહુ બોલનારને જુઠ આદિ પાપનો ભય નીકળી જાય છે.
- બહુ બોલનાર વારંવાર અપમાનિત બને છે.
- બહુ બોલવામાં ક્ષૂદ્ર આનંદનો તુચ્છ રસ પેદા થાય છે.
- બહુ બોલવાથી સત્ત્વ હણાય છે.
- બહુ બોલવાથી શબ્દની તાકાત ઘટે છે.
- બહુ બોલનારને પસ્તાવાના પ્રસંગ વારંવાર ઉપસ્થિત થાય છે.
- બહુ બોલે એ તણાખલાને તોલે - આવી એક કહેવત ગુજરાતીમાં પ્રસિદ્ધ છે.
- બહુ બોલનાર ગંભીર નથી હોતો, છીછરો હોય છે, આવી અનુભવોથી ઘડાયેલી એક છાપ જનમાનસમાં પ્રવર્તે છે.
- બહુ બોલવાથી ઘણીવાર અજ્ઞાન અને મૂર્ખતા પ્રગટ થઈ જાય છે.
- બહુ બોલકણાનું વચન મોટેભાગે વિશ્વસનીય બનતું નથી.

પેલો રબારીનો છોકરો રોજ ગામના ગોંદરેથી બૂમ પાડતો ‘દોડો રે દોડો, વાઘ આવ્યો રે વાઘ’, પહેલા બે દિવસ તો લોકો હથિયારો લઈને દોડતા આવ્યા પણ પછી તો તેની બૂમ કોઈ સાંભળતું નહિ અને એક વાર ખરેખર વાઘ આવ્યો ત્યારે પણ તેની બૂમમાં કોઈએ વિશ્વાસ ન મૂક્યો. વાઘ તેના ઘેટાને ઉપાડીને ચાલ્યો ગયો.

પ્રમાણાતીત બોલવાના પારાવાર નુકસાનો છે, માટે જ સુભાષિતકાર જીભને ચેતવે છે:

जिह्वे ! प्रमाणं जानीहि, भोजने भाषणेऽपि वा ।
अतिभुक्तिरतीवोक्तिः, सद्यः प्राणापहारिणी ।।

હે જીભ, તું ભોજન અને ભાષણ બન્ને પ્રમાણસર કરવાનું શીખી જા. કારણ કે અતિ ખાવું અને અતિ બોલવું બન્ને પ્રાણનાશ કરનારું બની શકે છે. જીભના બન્ને કાર્યક્ષેત્રોમાં અંકુશ રાખવાનો સંદેશ આ શ્લોક દ્વારા અપાયો છે.

કુદરતે હાથ-પગ લાંબા આપ્યા છે અને જીભ ટૂંકી આપી છે. કુદરતનું

સૂચન છે કે કામ ઘણું કરો પણ બોલો ઓછું. ઘણું ભસતા કૂતરાની કોઈ કિંમત થતી નથી. માણસ પણ બહુ બોલે છે ત્યારે 'બોલે છે' શબ્દનું ગૌરવ ન હણાય તે માટે કેટલાક 'ભસે છે' શબ્દનો પ્રયોગ કરે છે. લકવા કરતાં બકવાનો રોગ બહુ ભયંકર છે. જીભ અટકી જાય તે લકવા અને જીભ અટકે જ નહિ તે બકવા. લકવાના રોગની વેદના માત્ર રોગીને ભોગવવી પડે છે. એક વ્યક્તિના બકવાના રોગનો ત્રાસ અનેકને ભોગવવો પડે છે.

નિરર્થક અને બિનજરૂરી એક પણ શબ્દ ન બોલાઈ જાય તેની માત્ર એક દિવસ તમે કાળજી કરો તોય હજારો શબ્દોની તમે બચત કરી શકશો. એક વિદ્વાને સર્વેક્ષણ કરીને તારણ કાઢ્યું છે કે એક દિવસમાં ૪૮ પાનાંની એક પુસ્તિકા જેટલું આપણે નકામું અને નિરર્થક બોલી નાંખીએ છીએ.

તમે આવી ગયા ? તમે સંડાસ જઈ આવ્યા ? આજે ગરમી ઘણી છે ! આજે ઠંડી ઘણી છે ! આજે રવિવાર છે ! આજે બહુ ખવાઈ ગયું. આજે ભોજનમાં મજા આવી. રાત્રે શાંતિથી ઊંઘ આવી. ત્યાં મચ્છર ઘણાં છે. આવું તો કેટકેટલું દિવસમાં બોલતા હોઈએ છીએ કે જે બોલવાની ખાસ જરૂર ન હોય, ક્યારેક હાસ્ય ઉપજાવવા, ક્યારેક સમય પસાર કરવા, ક્યારેક ટોળ-ટપ્પારૂપે, ક્યારેક નિંદા-કુથલી માટે, ક્યારેક હોંશિયારી બતાવવા, ક્યારેક બિનજરૂરી સલાહ આપવા, આવા તો અનેક વ્યર્થ પ્રયોજનોથી પ્રેરાઈને આપણે જીભને છૂટો દોર આપી દઈએ છીએ. શ્રોતા મળે એટલે સ્વીચ ચાલુ. સાંભળનારની ક્ષમતા કે તેના સમયાવકાશની મર્યાદાનું ભાન પણ બોલનાર ભૂલી જતો હોય છે.

એક પાદરીનું ચર્ચમાં રોજ નિયમિત પ્રવચન થતું. એકવાર વરસાદને કારણે પ્રવચનનો સમય થઈ જવા છતાં કોઈ શ્રોતા ન આવ્યા. તેથી તેમણે પ્રવચન બંધ રાખ્યું. થોડીવાર બાદ એક ખેડૂત પ્રવચન સાંભળવા માટે આવ્યો. પાદરીએ કહ્યું ''આજે શ્રોતાઓ નથી આવ્યા માટે પ્રવચન બંધ રાખ્યું છે. તમારા એકલા માટે પ્રવચન શું આપવું ?''

''અમારા વાડામાં પચાસ ગાય હોય તો ઘાસ નીરીએ તેમ એક ગાય હોય તો પણ અમે ઘાસ નીરીએ છીએ.''

ખેડૂતના આ જવાબથી પાદરીને પોરસ ચડ્યું. તેણે જોર-શોરથી પ્રવચન શરૂ કર્યું. બોલતો જ ગયો, બોલતો જ ગયો. બે કલાક સુધીં અવિરત પ્રવચન ચાલ્યા કર્યું. પ્રવચન પૂરું થયું ત્યારે અત્યંત ઉત્સાહથી પાદરીએ ખેડૂતનો પ્રતિભાવ પૂછ્યો. ખેડૂતે કહ્યું ''અમારા વાડામાં જ્યારે એક જ ગાય હોય ત્યારે પચાસ ગાય જેટલું ઘાસ તેને અમે ધરી નથી દેતા.''

ખેડૂતના આ જવાબને સહુ વાચાળ વ્યક્તિએ કાને ધરવા જેવો છે. મર્યાદિત શબ્દોમાં અમર્યાદિત વિચાર રજૂ કરવાની કળા હસ્તગત કરી લેવા જેવી છે.

આપણા વચન વ્યવહારમાં કેટલીક વાતો ઔપચારિક હોય છે, કેટલીક વ્યવહારુ હોય છે, કેટલીક વિકથા સ્વરૂપ હોય છે તો કેટલીક વાતો સાત્ત્વિક અને પ્રેરક હોય છે. કેમ છો ? પધારો, આવજો - વિ. ઔપચારિક વાતો છે. જીવન - વ્યવહાર ચલાવવા માટેની કે ધંધા - વ્યવસાયને લગતી વાતો વ્યવહારુ કહેવાય. રાજકારણ, ફિલ્મ, ટી.વી., નિંદા, ટોળ-ટપ્પા, ગામ-ગપાટા આદિ વિકથા કહેવાય અને સાહિત્ય, સંસ્કારિતા, સંસ્કૃતિ, ધર્મ અને અધ્યાત્મની વાતો સાત્વિક અને પ્રેરક છે. બોલાતી વાણીમાંથી ઔપચારિક, વ્યવહારુ અને વિકથા સ્વરૂપ વાતચીતોની ટકાવારી જેટલી વધારે તેટલું જીવનનું સ્તર નીચું, તેટલો થાક અને કંટાળો વધુ, વિચારમૂલક, ઉત્સાહવર્ધક અને જીવનપ્રેરક વાણીની ટકાવારી જેટલી વધારે તેટલી જીવનકક્ષા ઊંચી, તેટલી જીવનમાં તાજગી અને ઉત્સાહ વધુ.

જે કુટુંબોમાં વાચાળતાનું સામ્રાજ્ય છે, ત્યાં મોટેભાગે કુસંપ, કલહ, અશાંતિ અને ઉકળાટ જોવા મળશે. જ્યાં જ્યાં સંપ, શાંતિ અને અતૂટ સ્નેહ દેખાય છે ત્યાં મોટેભાગે મિતભાષિતાનું સામ્રાજ્ય હશે. જે ઓછું બોલે છે તેનું કામ ઘણું બોલે છે આવું એક નિરીક્ષણ છે. કુદરતે આંખ, નાક, કાન, હાથ, પગ બબ્બે આપ્યા અને જીભ એક જ આપી, તેનાથી પણ સૂચન થાય છે કે માણસ ઓછું બોલે તે કુદરતને વધુ ઈષ્ટ છે.

એક ચિંતકનો ઉપદેશ છેઃ

ઘણું બોલવું એ શ્વાનોચિત છે.

પથ્ય થોડું બોલવું એ માનવોચિત છે.
મૌન રહી કાર્ય કરી આપવું એ દેવોચિત છે.

મૌનનો તો મહિમા જ ન્યારો છે. ઘણુંય બોલી નાંખીએ તોય મૌનનું માહાત્મ્ય પૂરું ન ગાઈ શકાય. વાણી ઉપર સંયમ હોવાથી સાધુને 'વાચંયમ' કહેવામાં આવે છે. તેમ સાધુ માટે બીજો શબ્દ છેઃ 'મુનિ'. જિનશાસનને મૌનીન્દ્ર શાસન કહેવામાં આવ્યું છે. ગાંધીજી કહે છેઃ મૌન એ સર્વોત્તમ ભાષણ છે. અંગ્રેજીમાં કહેવાય છેઃ Silence is wisdom. અને વાતેય સાચી છે. બોલ્યાનો પસ્તાવો દરેકને ઘણીવાર કરવો પડ્યો હશે. મૌન રહ્યાનો પસ્તાવો ભાગ્યે જ કરવો પડે. ઋષિમુનિઓ કહે છેઃ मौनं सर्वार्थसाधनम् । આવી જ એક કહેવત ગુજરાતીમાં છેઃ 'મૂંગી મંતર સાડી સત્તર' કોઈ મંત્રથી ચાર આની કાર્યસિદ્ધિ થાય, કોઈથી છ આની, કોઈથી આઠ આની, કોઈથી બાર આની, કોઈથી ચૌદ આની, તો કોઈથી સોળ આની. પણ મૌન તો એવો મંત્ર છે કે તેનાથી સાડી સત્તર આની કાર્યસિદ્ધિ થઈ જાય છે.

કાચનો ગ્લાસ નીચે પડવાથી ફૂટી જાય, સૂતરનો તાંતણો આંગળીથી સ્પર્શ કરવા માત્રથી તૂટી જાય. પણ તે બધાં કરતાં પણ સૌથી વધુ નાજુક ચીજ મૌન છે, 'મૌન' એવું છે કે તેનું નામ લેવા માત્રથી પણ તે તૂટી જાય. પણ નાજુક એવું મૌન નાજુક સંબંધોને પણ ઘનિષ્ઠ બનાવવાની તાકાત ધરાવે છે. બોલવાથી ઊભા થયેલા કલહો મૌનથી વિરામ પામે છે. એક વ્યક્તિનું મૌન બીજાના આવેશનું સુરસુરિયું કરી નાંખે છે. એક કન્યા પરણીને સાસરે ગઈ પણ થોડા જ વખતમાં સાસુનાં ચીડિયા સ્વભાવથી વાજ આવી ગઈ. થોડી ભૂલ થાય અને સાસુ ઠપકો આપે. સાસુના ઠપકાની સામે તે સામો જવાબ આપે. પછી બાજી વણસતી જાય અને મોટો ઝગડો થઈ જાય. કુટુંબનું વાતાવરણ બગડતું ગયું. કંકાસ વધતા ગયા. કંટાળીને તે કન્યા પિયર આવી ગઈ. તેની માતા તેને એક સંત પાસે લઈ ગઈ. સંતને બધી હકીકત જણાવીને કહ્યું "મારા દીકરીના ઘરમાંથી ક્લેશ - કંકાશ બંધ થઈ જાય તેવો કોઈ ઉપાય બતાવો." સંતે કહ્યું "આવતીકાલે આવજો એક માદળિયું તૈયાર રાખીશ." બીજા દિવસે મા-દીકરી સંત પાસે ગયા. સંતે તે કન્યાને એક માદળિયું આપીને સૂચના કરીઃ "*આ માદળિયું તારે ગળામાં બાંધી રાખવાનું. હવે તું નિશ્ચિંત બનીને સાસરે*

જા. તારી સાસુ તને કાંઈ પણ ઠપકો આપવાનું શરૂ કરે કે તુરંત તું આ માદળિયું તારા બે હોઠો વચ્ચે દબાવી દેજે. તેના પ્રભાવથી ઝગડો આગળ નહીં ચાલે.'' તે કન્યા તો ખૂબ ખુશ થઈ ગઈ. શ્રદ્ધાપૂર્વક માદળિયું સ્વીકારીને તે સાસરે ગઈ. અને ખરેખર ચમત્કાર સર્જાઈ ગયો. સાસુ જરાક ગુસ્સો કરે કે તરત જ સંતની સૂચના મુજબ તે માદળિયું મુખમાં દબાવી દેતી. ઝગડો તરત જ શમી જતો. તેમ કરતા કરતા સાસુનો જાણે સ્વભાવ જ બદલાઈ ગયો અને ઘરનું વાતાવરણ શાંતિ અને આનંદથી ભર્યું ભર્યું બની ગયું.

ઘણાં વખત બાદ તે પોતાના ભાઈના લગ્ન પ્રસંગે પિયર આવી ત્યારે માતાને માદળિયાના ચમત્કારની વાત કરી. માતાની સાથે તે ફરી સંત પાસે આભાર માનવા ગઈ. ''સ્વામીજી, ખરેખર આપના માદળિયાએ તો ચમત્કાર સર્જી દીધો. હવે તો ઘરનું વાતાવરણ એકદમ સુધરી ગયું છે. મારા સાસુજી સાથે હવે કોઈ ઝગડા થતાં નથી. આપે માદળિયામાં એવી કંઈ જડીબુટ્ટી મૂકી હતી અથવા મંત્રો ભણ્યા હતા તે મારે ખાસ જાણવું છે.''

''જો બેન, મેં કોઈ મંત્ર પણ ભણ્યા નથી કે કોઈ જડીબુટ્ટી પણ અંદર ઘાલી નથી. આ ચમત્કાર માદળિયાનો નથી પણ તારા મૌનનો છે. પહેલા સાસુના ઠપકા સામે તું પ્રતિકાર કરતી હતી માટે ઝગડો થતો હતો. હવે માદળિયું હોઠમાં દબાવવા દ્વારા તું સામે મૌન ધારણ કરવા લાગી, તેથી ઝગડા બંધ થઈ ગયા. આ માદળિયાના બહાને મેં તને મૌન રહેવાની જ શિખામણ આપી હતી.''

ડાયોજીનીસ કહે છે કે, મૌન કરતાં તમારી વાણી ચડી જાય તેવી હોય તો જ બોલજો, નહીંતર મૌન જ ધારણ કરજો. લ્યુસીયસ સેનેકા કહે છે કે, ''હું જે કાંઈ બોલ્યો છું તેનો વિચાર કરું છે ત્યારે મૂંગાઓની મને ઈર્ષ્યા આવે છે.'' વિલિયમ શેક્સપીયરે લખ્યું છે કે - ''વાણી નિષ્ફળ નીવડે ત્યારે નિર્ભેળ નિર્દોષતાનું મૌન આપણને વશ કરી લે છે.'' ચિત્ર મૌન છે. સેંકડો શબ્દોથી જે અસર ન થાય તે અસર એક ચિત્રથી થઈ શકે છે. મેડિકલ સાયન્સ પણ મૌનનું ખૂબ સમર્થન કરે છે. વધુ બોલવાથી હાર્ટ-એટેકની સંભાવના ઊભી થાય છે. હાર્ટ-એટેકના દર્દીને ડૉક્ટરો મૌન જાળવવાની અથવા ધીમું અને

ઓછું બોલવાની ખાસ સલાહ આપે છે. નિષ્ણાતોનો એવો અભિપ્રાય છે કે મૌનથી આંખનું તેજ ખીલે છે. મગજશક્તિ વધે છે. બુદ્ધિ તીક્ષ્ણ બને છે. પેટને ઓછા અન્નની જરૂર રહે છે. તપશક્તિ વધે છે. વિચારશક્તિ કેળવાય છે. સંકલ્પશક્તિ મજબુત બને છે. મૌનની સાધનાથી વચનસિદ્ધિ પેદા થાય છે અને વાણીમાં અત્યંત પ્રભાવક શક્તિ પેદા થાય છે. દૃષ્ટિ આકાશમાં ઊડતા પક્ષી પર પડે તો તે પણ ભડથું થઈને હેઠા પડે તેવું તો જેની દૃષ્ટિમાં પણ ઝેર હતું એવા ચંડકૌશિક નામના ભયાનક સર્પને પ્રભુ મહાવીરે માત્ર ત્રણ જ શબ્દો કહ્યાઃ 'બુજ્ઝ બુજ્ઝ ચંડકોસિયા'. અને, આ ત્રણ જ શબ્દોના પ્રભાવથી આવો વિષમય ક્રોધી સર્પ પણ ક્ષમાનો સાગર બની ગયો. પ્રભુ મહાવીરના શબ્દોમાં આ પ્રચંડ શક્તિ ક્યાંથી પેદા થઈ ? સાડાબાર વર્ષના સાધના કાળમાં પ્રભુ મહાવીર પ્રાયઃ મૌન જ રહ્યા હતા. ક્વચિત્ જ બોલ્યા હતા, તેમાંના આ શબ્દો હતા. આ ત્રણ શબ્દોની પાછળ સાડાબાર વર્ષના મૌનનું પ્રચંડ પીઠબળ હતું. માટે જ તે શબ્દોમાં વેધકતા અને મર્મ-ભેદકતા હતી.

ઈસ્લામમાં ફકીરને ઝાહિદ પણ કહેવાય છે. ઝાહિદ લોકો લાંબા સમય સુધી મૌન રહેતા, પછી લોકોને જે વચન કહેતા તે સિદ્ધ વચન બની જતા.

ખરેખર તો મૌનની તાકાતનો જેને પરિચય નથી તેને જ બહુ બોલવું પડે છે. કબીરજી, મૌલાના નામના એક અરબીઅન સંતને ઘણા વખત બાદ મળતા હતા. તેથી ભક્તોને તેમનો વાર્તાલાપ સાંભળવાની ખૂબ ઉત્સુકતા હતી. તે બન્ને સંતો ચાર દિવસ સાથે રહ્યા પણ એક અક્ષરનીય વાત ન કરી. બન્નેએ સંપૂર્ણ મૌન રાખ્યું અને ચાર દિવસ બાદ છૂટા પડ્યા. શિષ્યોએ આશ્ચર્ય સહિત સંતોને પૂછ્યું "તમે બન્ને કેમ કાંઈ બોલ્યા નહિ ? કોઈ જ વાત ન કરી ?" "અમે તો ઘણી બધી વાતો આ ચાર દિવસમાં કરી લીધી. અમારી ભાષા મૌનની હતી. શબ્દની ભાષા તો તેને માટે છે કે જે મૌનની ભાષા સમજી ન શકે." સંતોના પ્રત્યુત્તરમાંથી મૌનનું માહાત્મ્ય નીતરે છે. મૌન મોટેભાગે શબ્દ કરતાં ચડિયાતું છે. એક ગ્રામ મૌન ઘણીવાર એક કિલો સમજૂતી કરતાં વધુ અસર ઉપજાવે છે. ગુનેગાર માટે મૌન એ મોટી સજા છે. રિસાયેલા છોકરાને કલાક સુધી સમજાવવાનો ઘણો પ્રયત્ન કરો છતાં કદાચ

તેની રીસ નહીં છોડે. તેના બદલે સામે મૌન જ થઈ જાઓ, તો કદાચ પાંચ મિનિટમાં જ સીધો થઈ જશે.

સુફી સંતો રોજ એક જગ્યાએ શાંત બેસતા અને તેમના શિષ્યો કુંડાળું વળીને બેસી જતા, સંત કાંઈ જ ન બોલે છતાં સૂફી સંતના મૌનમાંથી જે શક્તિના સ્રોત વહેતા, તેનાથી શિષ્યો રી-ચાર્જ થઈને ૧૫ મિનિટમાં ઊઠી જતાં.

મૌનનો આટલો બધો મહિમા હોવા છતાં ઘણાંને મૌન બિલકુલ ગમતું નથી. મૌનનો મહિમા સાંભળીને તેનો પ્રેમ પેદા ન થાય તો બોલવાના નુકસાનો જાણીને ય મૌનનો પ્રેમ અંતરમાં ઊભો કરવા જેવો છે. એક રાજાનો કુંવર જન્મ્યો ત્યારથી કાંઈ બોલતો જ નહોતો. રૂપવાન હતો. તેજસ્વી હતો. પ્રતિભાસંપન્ન હતો. અનેક કલાઓમાં તે પારંગત બન્યો હતો. પણ દુઃખ એક જ વાતનું હતું કે તે મૂંગો હતો. તેને બોલતો કરવા રાજાએ ઘણા પ્રયત્નો કરી નાંખ્યા અને પાણીની જેમ પૈસા વેરી નાંખ્યા છતાં તે બોલતો ન જ થયો. હવે તો તે યુવાન બની ગયો હતો. એકવાર શિકારીઓ સાથે તે જંગલમાં ગયો. ઘણું રખડવા છતાં શિકારીઓને કાંઈ શિકાર ન મળ્યો. નિરાશ થઈને પાછા ફરતા હતા ત્યાં ઝાડીમાંથી તેતરનો અવાજ સંભળાયો. શિકારીએ અવાજની દિશામાં બાણ ફેંક્યું અને પેલું તેતર તરફડીને નીચે પડ્યું. તરત જ પેલો કુમાર જોરથી બોલ્યોઃ "બોલ્યું કેમ ?" કુમારના મુખમાંથી શબ્દો સાંભળીને શિકારીએ તો દોડતા નગરમાં પહોંચીને રાજાને વધામણી આપીઃ "રાજન્, કુમારને હવે બોલતા આવડી ગયું છે. હમણાં જ અમે તેમને બોલતા સાંભળ્યા હતા." આ વધામણી સાંભળીને ખુશ થયેલા રાજાએ તરત જ ગળામાંથી રત્નજડિત હાર કાઢીને તે વધામણી લાવનારને આપી દીધો. પછી રાજાએ સોનાના સિંહાસન પર કુમારને બેસાડીને તેને કાંઈક બોલવા વિનંતી કરી. પણ કુમાર તો મૂંગા જ રહ્યા. કાંઈ બોલતાં જ નથી. ઘણા પ્રયત્નો છતાં કુમાર કાંઈ જ બોલ્યા નહિ ત્યારે રાજાને લાગ્યું કે કિંમતી ભેટ પડાવી લેવા શિકારીએ ખોટી વધામણી આપી છે. તેથી ગુસ્સે થઈને રાજાએ શિકારીને ફાંસીની સજા ફટકારી. શિકારીને જ્યારે ફાંસીને માંચડે ચડાવવાનો હતો ત્યારે રાજા, મંત્રી, કુમાર વિગેરે બધા ત્યાં જ હતા. પેલો શિકારી રડી રહ્યો હતો. તેને રડતો જોઈને કુમાર એકદમ

બોલી ઊઠ્યો: 'બોલ્યો કેમ ?' અચાનક કુમારને બોલતો સાંભળી રાજા તો એકદમ આનંદ વિભોર બની ગયો. શિકારીની સજા રાજાએ માફ કરી. હવે તો અત્યંત આગ્રહપૂર્વક રાજાએ કુમારને પૂછયું "તને બોલતા તો આવડે જ છે. તું મૂંગો તો નથી જ. તો તું બોલતો કેમ નથી ? બીજું કાંઈ ન બોલે તો પણ તેનું કારણ તો જણાવ." ત્યારે કુમારે કહ્યું "હું એકદમ નાનો હતો ત્યારે જ મને પૂર્વભવનું જ્ઞાન થયું. પૂર્વભવમાં મેં બોલવાને કારણે જ ઘણું સહન કર્યું હતું. તેથી ત્યારે જ મેં નિર્ણય કરી લીધો કે આ જન્મમાં ક્યારેય બોલવું નહિ. પેલા તેતરે અવાજ કર્યો તો તેણે જાન ગુમાવ્યો. અને આ શિકારી આપની પાસે આવીને વધામણીના શબ્દો બોલ્યો તો તેના માથે પણ જાનનું જોખમ આવી ગયું. તેથી બન્ને વખતે મારાથી સહસા બોલાઈ ગયું કે, 'બોલ્યા કેમ ?' બોલવાથી મોત સુધીના ભયંકર નુકસાનો સંભવી શકે છે."

રાજકુમારની આ કથા બોલવાના જોખમો જણાવે છે. મૌન અને મિતભાષિતાનો મહિમા જાણી તેનો જીવનમાં આદર કરવા જેવો છે. પૈસા આપવાના હોય ત્યારે એક પૈસો પણ વધુ ન જાય તેની સાવધાની રાખો છો તો શબ્દ માટે કેમ નહિ ? પૈસા વધારે જશે તો પાછા મેળવી શકાશે, શબ્દ નહિ મેળવી શકાય.

એક ચિંતકે વ્યથા વેરતા લખ્યું છે: 'માણસ હંમેશા વાણી સ્વાતંત્ર્યની વાતો કર્યા કરે છે. પણ ખરી વાત તો એ છે કે તે મૌનનું સ્વાતંત્ર્ય ખોઈ બેઠો છે. જેને સૌથી વધુ વિશ્રામ આપવાનો છે તેવી જીભને સૌથી વધુ શ્રમ આપીએ છીએ.'

ક્રોધની પળોમાં તો મૌનનો આશ્રય વિશેષ લલેવા જેવો છે. મૌનની ઉષ્મામાં ક્રોધની ઘનતા ઓગળીને શૂન્ય આંક સુધી પહોંચી શકે છે. ક્રોધની પળોમાં તો તમારી પાસે જેટલા તાળાં હોય તે બધા તમારા હોઠો પર લટકાવી દેજો, પણ હરફેય ઉચ્ચારતા નહિ. તે વખતે બોલાતા એક - એક અક્ષરમાં આર. ડી. એક્સની સ્ફોટકતા હશે, જે મોટો વિનાશ નોંતરે છે. તુલસીદાસ પણ પોતાની આગવી શૈલીમાં આ જ એકડો ઘૂંટાવે છે.

ક્રોધ ન રસના ખોલીયે, વરુ ખોલણ તરવારિ
સુનત મધુર પરિણામ હિત, બોલબ વચન વિચારી.

# ❑ અવસરે જ બોલો

સમયસૂચકતા એ અસરકારકતાનું મહત્ત્વનું અંગ છે. યોગ્ય સમયે વરસતા મેઘને ''વરસાદ'' કહીને સહુ ઉષ્માપૂર્વક આવકારે છે અને અકાળે વરસતા મેઘને ''માવઠું' કહીને ફિટકારે છે. લોઢું બરાબર તપેલું હોય ત્યારે ઘા મારવામાં આવે તો તેનો યોગ્ય ઘાટ ઘડાય છે. મોડો પડનાર અવસર ચૂકે છે. ડૉક્ટર મોડા પડે તો ક્યારેક દરદી મૃત્યુ પણ પામે છે. ડૉક્ટરની હોંશિયારી જેટલી કિંમતી છે તેટલી જ તેમની સમયસૂચકતા મહત્ત્વની છે. ઘોડો ગમે તેટલો ચપળ હોય, રેસમાં જ તેની ચપળતાનું માપ નીકળે છે. ક્રિકેટરની કારકીર્દિ નેટ પ્રેક્ટિસના નહિ પણ ટેસ્ટમેચના પરફોર્મન્સને આધીન છે. વાણીના વ્યાપારમાં પણ અવસરનું બહુ મોટું મૂલ્ય છે. બોલતા આવડવું સહેલું છે, અવસરે બોલતા આવડવું કઠિન છે. અવસર વગર બોલાયેલા હજાર શબ્દ કરતાં અવસરે બોલાયેલો એક શબ્દ વધુ વજન ધરાવે છે.

માટે જ વાણીનો ગુણ ગણાયો છેઃ कार्यापतितम् । કાર્ય આવી પડે ત્યારે જ બોલો. અવસરે જ બોલો. અવસરજ્ઞ બનો. અવસર વગરનું બોલેલું ક્ષાર ઉપરના લીંપણ જેવું છે.

**બોલતા પહેલા આટલું વિચારી લો :**

- ◆ અત્યારે મારે બોલવાની ખરેખર જરૂર છે ?
- ◆ મારા બોલવાથી કાંઈ નુકસાન તો નહિ થાય ને ?
- ◆ હું ન બોલું તો નુકસાન થાય તેવું છે ?
- ◆ મારા શબ્દોની વિપરીત અસર તો નહિ થાય ને ?

આટલા પ્રશ્નોની ઊંડી વિચારણા પછી કદાચ બોલવાનું બિનજરૂરી લાગશે. હંમેશા બોલતા પહેલા માનવી અવસર - યોગ્યતા તપાસવા બેસે તો મોટે ભાગે તેને બોલવાનું જરૂરી નહિ લાગે.

અવસરે પીરસાયેલો સૂકો રોટલો પણ યોગ્ય લેખાય છે અને અવસર રહિત પીરસાયેલા ષડ્રસભોજનની પણ કોઈ કિંમત અંકાતી નથી.

એક સુભાષિતમાં અવસરનો મહિમા ગવાયો છે:

अवसरपठिता वाणी, गुणगणरहितापि शोभते पुंसाम् ।
वामे प्रयाणसमये गर्दभशब्दोऽपि मङ्गलं तनुते ।।

વચનમાં ચમત્કૃતિ ન હોય તો પણ યોગ્ય અવસરે બોલવામાં આવે તો તે અણમોલ બની જાય છે. પ્રયાણ સમયે ડાબી બાજુથી ભૂંકતા ગધેડાનો કર્કશ અવાજ પણ મંગલનો વિસ્તારક બની જાય છે અને, વગર પ્રસંગે બોલાયેલા મધુર આલાપો પણ વ્યર્થ નીવડે છે. ગુજરાતીમાં એક સરસ કહેવત છે:

*મહા મહિનાનું માવઠું, જંગલ મંગલ ગીત*
*સમય વિનાનું બોલવું, એ ત્રણ સરખી રીત.*

જૂનાગઢનો રાજા રાખેંગાર જંગલમાં શિકાર કરવા ગયો અને માર્ગમાં ભૂલો પડ્યો. રસ્તામાં મળેલા ચારણને રસ્તો પૂછ્યો. યોગ્ય અવસર જોઈને ચારણે સોગઠી મારી:

*જીવ વધંતા નરક ગતિ, અ-વધંતા સ્વર્ગ,*
*હું જાણું દો વાટડી, જિણ ભાવે તિણ લગ્ગ.*

"હે રાજન્ ! તું મને રસ્તો પૂછે છે પણ મને બે રસ્તાની ખબર છે. જીવોની હિંસા એ નરકમાં જવાનો રસ્તો છે અને જીવોની દયા એ સ્વર્ગમાં જવાનો રસ્તો છે. તને જે રસ્તો પસંદ હોય તે સ્વીકારી લે."

યોગ્ય અવસરે છોડાયેલા તીરે આબાદ નિશાન વીંધી લીધું અને જીવનભર માટે હિંસાને / શિકારને તિલાંજલી આપી.

# ❑ ગર્વરહિત બોલો

આત્મપ્રશંસાની બદબૂથી ગંધાતી વાણી એટલે ગર્વિત વાણી. અભિમાનના ગિરિશ્રૃંગ પર ચડવાનો રોપ-વે એટલે આત્મશ્લાઘા. અભિમાનના પર્વતમાંથી નીકળીને વહેતું ઝરણું એટલે આત્મશ્લાઘા. અહંના કાંટાળા બાવળિયાને ઉછેરીને મોટો કરતી વાડ એટલે આત્મશ્લાઘા. પોતાની વડાઈ દાખવવા જાતની પ્રશંસા થાય છે પણ હકીકતમાં પોતાની દરિદ્રતાની જ ઉદ્‌ઘોષણા તેના દ્વારા થઈ જાય છે. પોતાનું કાર્ય કે જીવન પોતાના વિષે કાંઈ ન કહી શકતા હોય ત્યારે પોતે જ પોતાના વિષે બોલવું પડે છે. પ્રશંસા તો બીજાએ કરવાની ચીજ છે. પોતાનામાં, બીજાએ પ્રશંસા કરવા યોગ્ય કાંઈ નથી માટે પોતાને કરવી પડે છે, તેવી દરિદ્રતા જ તેનાથી ફલિત થાય છે. માટે જ ઉપદેશમાલાના રચયિતા કહે છેઃ તમારી વાણીને ગર્વના વાઘા ન પહેરાવો. સુભાષિતકાર ગર્વિત વાણીને કાયરતા તરીકે ખતવે છેઃ

*न हि शूरा विकत्थयन्ते मुखादात्मप्रशंसनम् ।*
*आत्मघातं वरं मन्ये, मुखादात्मशंसनम् ।।*

આત્મપ્રશંસા કરવા કરતાં આત્મવિલોપન કરી દેવું બહેતર છે.

મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા જ્ઞાનસાર પ્રકરણમાં ચેતવણી આપે છે. પોતાનો ઉત્કર્ષ ગાનારો કલ્યાણ વૃક્ષના મૂળિયાને જ ઉખેડીને બહાર કાઢી રહ્યો છે. એક મહર્ષિ માનવીની કક્ષા નક્કી કરવા એક માપદંડ બતાવે છેઃ પોતાના ગુણોને પ્રગટ કરે તે અધમ. પોતાના ગુણોને પ્રગટ ન કરે તે મધ્યમ, પોતાના ગુણોને ઢાંકે તે ઉત્તમ.

ગુણની સુરક્ષા અને સંવર્ધન ગુપ્તતાને આભારી છે. અત્તરને ખુલ્લું રાખવાથી તેની સુવાસ ઊડી જાય છે. વવાએલા બીજને બહાર કાઢવાથી તેનો વિકાસ અટકી જાય છે. ગર્ભનું સંવર્ધન માતૃ-ઉદરના ગુપ્તાવાસમાં જ થાય છે.

મોંઘા ઝવેરાતને સેઈફ ડિપોઝિટ વોલ્ટના લોકરમાં સાચવી રાખવામાં આવે છે. વિધવા રબારણના દીકરા સંગમે તપસ્વી મુનિને ખીરનું દાન કર્યું. પછી તે દાનને ખૂબ ગુપ્ત રાખ્યું. દાનથી બંધાયેલું પુણ્ય આ ગુપ્તતાને કારણે એટલું બધું વિકસિત બન્યું કે બીજા ભવમાં તે લખલૂટ સમૃદ્ધિનો માલિક શાલિભદ્ર બન્યો.

આત્મોત્કર્ષને જ્ઞાની પુરુષો જ્વર સાથે સરખાવે છે. તાવ આવે ત્યારે છ મહિનાની તાકાત ખલાસ કરી નાંખે છે, તેમ આત્મસ્તુતિનો જ્વર પણ ગુણોની તાકાતને નબળી પાડી નાંખે છે. તાવની બિમારીમાં મીઠાઈ પણ કડવી લાગે તેમ બીજાના લઘુતા આદિ ગુણો પણ અવગુણ સમા ભાસે છે. નિંદા અને પ્રશંસા એક સિક્કાની બે બાજૂ જેવા છે. પ્રશંસાનો વિષય જ્યારે પોતે હોય ત્યારે નિંદાનો વિષય બીજા બની જાય છે. પ્રશંસાનો વિષય અન્ય વ્યક્તિ હોય ત્યારે આત્મનિંદા કરવાનું મન થાય છે. વિરાટ જનસમૂહમાં યુધિષ્ઠિરને પોતાના જેવો કોઈ દુર્જન ન જણાયો અને દુર્યોધનને પોતાના જેવો કોઈ સજ્જન ન દેખાયો. નગર એક પણ નજર જુદી.

સુકૃત્ય કે સિદ્ધિને વિજ્ઞાપનની આવશ્યકતા નથી હોતી. તે સ્વયં સ્વનું પ્રકાશક હોય છે. સૂર્યને જોવા તેની સામે કદી સર્ચલાઈટ ફેંકવી પડતી નથી. પોતે મનોહર અને સુવાસિત છે તે જણાવવા ગુલાબના પુષ્પને ઢંઢેરો પીટીને જાહેરાતો કરવી પડતી નથી. સુવાસ સ્વયં પ્રસરીને ગુલાબને સુવાસિત જાહેર કરી દે છે. અંગ્રેજીમાં કોઈએ કહ્યું છે: He who says he knows, knows nothing. મેં મૌન ધારણ કર્યું છે, તેવું કહેતા ફરનારના મૌનમાં કોઈને શ્રદ્ધા ન બેસે. તેમ સ્વપ્રશંસામાં રાચનાર વ્યક્તિ પણ બહુ શ્રદ્ધેય નથી બનતી.

૧૮-૧૮ દિવસના ભીષણ સંગ્રામને અંતે કુરુક્ષેત્રના મેદાનની એ સંહારલીલા સમાપ્ત થઈ. કુટુંબક્લેશની ભભૂકતી જ્વાળાઓએ ન જોયા આદરણીય ગુરુજનોને કે ન જોયા માસૂમ બાળકોને ! પાંડવોનો વિજય થયો. ધર્મરાજ્યની સ્થાપના થઈ. શસ્ત્રોને મ્યાન કરીને શસ્ત્રાગારમાં બંધ કરી દેવાયા. ત્યાં પડેલા ગાંડીવ અને ગદા વચ્ચે ચડસાચડસી થઈ. ગાંડીવ બોલ્યું 'હું ન હોત તો વિજય ન થાત. મારા ટંકાર માત્રથી શત્રુ સૈન્યનાં હાજા ગગડી જતા, મારી બાણવર્ષાથી શત્રુસૈનિકોના માથા ધાણીની જેમ ઊડતા. પરાક્રમી કર્ણને મારા સિવાય બીજું કોણ મારી શકે તેમ હતું ? દ્રોણગુરુ અને ભીષ્મપિતામહને હંફાવનાર પણ હું જ છું.'

ભીમની ગદાએ હુંકાર ભણતાં કહ્યું 'બહુ અભિમાનથી ન ફુલાઈશ; ક્યાંક પણછ તૂટી જશે ! વિજયનું શ્રેય તો મને જ ઘટે. પેલા કિચકોને હણીને દ્રોપદીને મેં જ બચાવી હતી ને ! કૌરવ સૈન્યના વડા દુર્યોધનની સાથળ ભાંગીને એને રણમેદાનમાં રગદોળી નાંખનાર કોણ હતું ? હું ન હોત તો યુદ્ધનું પરિણામ કાંઈક જુદું જ હોત !

ત્યાં શ્રીકૃષ્ણનું સુદર્શનચક્ર દોડતું આવ્યું. બંનેની આપબડાઈ સાંભળીને બોલ્યું, 'વ્હાલા ગાંડીવ ! ભરસભામાં દ્રોપદીના ચીર ખેંચાયા ત્યારે તું શું કરતું હતું ? જ્યારે કાબાએ અર્જુનને લૂંટ્યો ત્યારે કેમ ચૂપ હતું ? સરોવરનું પાણી પીવા જતા પેલા યક્ષે ક્રમશઃ ભાઈઓને મૂર્છિત કરી નાંખ્યા ત્યારે તું ખભે નહોતું ?

અને, ગદા ! તું પણ ક્યાં હતી એ વખતે ? લાક્ષાગૃહમાં પાંડવો આગની જ્વાલા વચ્ચે સપડાયા ત્યારે તું ક્યાં હતી ? આજે વિજયથી તમે બન્ને ફુલાઓ છો પણ એ વિજય કોનો છે ? કાળ એમને પહેલેથી જ હણી ચુક્યો હતો, તમે તો નિમિત્ત માત્ર છો ! હું ન હોઉં તો આ જગતનું શું થાય એવું માનનારા લોકોથી જગતના કબ્રસ્તાનો ભરેલા છે. શકટ તળે ચાલતા શ્વાનની જેવી ભ્રમણાનો ભોગ ઘણા બની જાય છે. આ ભ્રમણામાંથી બહાર નીકળવા યાદ કરો કે દુનિયામાં શેરને માથે સવાશેર બેઠા છે. પાંચ લાખના સ્વામિત્વની મગરૂરીને ખંડિત કરવા દસ લાખના સ્વામિની ઉપસ્થિતિનું સ્મરણ પણ કાફી છે. તમારા કરતાં ચડિયાતાને નજર સામે લાવો, તમારા ગર્વની ઈમારત તરત કડડભૂસ થઈને ઢળી પડશે. સૂર્યના પ્રકાશમાં ચંદ્ર ઢંકાઈ જાય છે. પેંડો ખાધા પછી ચા મીઠી ન લાગે. અલંકૃતિઓ અને ચમત્કૃતિઓથી ભરેલા અર્થગંભીર લાખો શ્લોકનું સર્જન કરનારા કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય પણ પોતાની લઘુતા વ્યકત કરતા ગાય છે:

क्व सिद्धसेनस्तुतयो महार्था
अशिक्षितालापतुल्या क्व चैषा ?

સિદ્ધસેન દિવાકર-સૂરિજીની રચેલી મહાન અર્થવાળી સ્તુતિઓ આગળ મારી રચેલી સ્તુતિઓ તો અબુધ માણસના લવારા જેવી છે.

સર આઈઝેક ન્યૂટનને કોઈએ પૂછ્યું કે, ‘આજના વિજ્ઞાનમાં તમારો ફાળો કેટલો ?’ ન્યૂટને જવાબ આપતા રેતીનો કણ હાથમાં લઈને કહ્યું ‘‘આટલો જ. જ્ઞાનસાગરના કિનારે હજુ તો હું છબછબિયા કરું છું.’’ પન્નાલાલ પટેલે પોતાની સુવિખ્યાત ‘‘માનવીની ભવાઈ’’ ના પ્રારંભમાં એક મુક્તક મુક્યું છે.

નથી આ તો હોડી, ક્યમ કહી શકું જહાજ નવલું

છતાં એ મૂકું છું, સમંદર તરાપોય તરતો.

‘છલકાય તે ખાલી થાય’ નો ન્યાય આત્મપ્રશંસાના રસિકે સમજીને વિવેકના ગળણાથી વાણીને ગાળીને ગર્વિતાનો કચરો તેમાંથી દૂર કરવા જેવો છે.

અમેરિકામાં એક શ્રીમંતે મૃત્યુ પામતા પૂર્વે કરેલા
વીલમાં લખ્યું હતું મારા મૃત્યુ બાદ મારી તમામ સંપત્તિ
મારી પત્નીને મળે પણ એક શરતઃ દર વર્ષે મારા મૃત્યુ દિને
પત્નીએ શહેરના તમામ વર્તમાનપત્રોમાં
મારી શ્રદ્ધાંજલિની જાહેર ખબરમાં છપાવવાનું કે—

***મારી જીભ જો મેં ટૂંકી રાખી હોત***
***તો મારા પતિ ઘણું લાંબું જીવ્યા હોત.***

## ❑ તુચ્છ ભાષા ન બોલો

તુચ્છ માણસને મળવાનું ન ગમે. તુચ્છ ભોજન ખાવું ન ગમે. તુચ્છ આવકાર હોય ત્યાં જવું ન ગમે. તુચ્છ પદાર્થો વાપરવા ન ગમે... તો તુચ્છ વચન બોલવું કેમ ગમે ? ભાષા એ તો વ્યક્તિત્વનું વસ્ત્ર છે. ફાટેલા અને હલકા વસ્ત્ર ન ચાલે તો હલકી ભાષા કેમ ચાલે ?

ચંદન તન હલકા ભલા, મન હલકા સુખકાર
પર હલકે અચ્છે નહિ, વાણી ઔર વ્યવહાર.

તુચ્છ ભાષા એનું નામ :

- જેમાં ગાળ અને ગલીચ શબ્દો વપરાયેલા હોય.
- જેમાં નિંદા અને કૂથલીનો ગંદવાડ હોય.
- જેમાંથી આપબડાઈની દુર્ગંધ વછૂટતી હોય.
- જે રૂઆબ અને તુમાખીથી ભરેલી હોય.
- જેમાં તિરસ્કારનો ભાવ છુપાયેલો હોય.
- જે બીજાને હલકા પાડવા કે ચીતરવા વપરાયેલી હોય.
- જેમાં હલકી મનોવૃત્તિનું સ્પષ્ટ પ્રતિબિંબ પડતું હોય.
- જે સંઘર્ષો અને કલહોને પેદા કરે તેવી હોય.
- જે ધડ અને માથા વગરનો વ્યર્થ વાણીવિલાસ હોય.

તુચ્છ વચન લોકમાં અપ્રિય બનાવે છે. વિશ્વસનીયતા ગુમાવડાવે છે. યશ-પ્રતિષ્ઠા ઉપર પાણી ફેરવી દે છે. મિત્રો ઘટાડે છે અને શત્રુ વધારે છે.

જીભ તોતડી હોય તો અંતરની વાત બહાર કહી શકાય નહિ. પણ જીભ તોછડી હોય તો વાત અંતરમાં રહી શકે નહિ. તુચ્છ વાતોમાં અને તુચ્છ

શબ્દોમાં આનંદ માણવો તે હલકી કક્ષાની નિશાની છે. કોઈના નામની પાછળ 'ભાઈ' જેવા બહુમાનદર્શક શબ્દો ઉમેરીને સંબોધન કરવાથી સભ્યતા અને સુંદરતા દેખાય છે. મોટી ઉંમરના વ્યક્તિને પણ 'તું' કારથી બોલાવવા કે નાની ઉંમરનાને તોછડાઈથી બોલાવવા તે અસભ્યતા છે, તુચ્છતા છે. તેવી વ્યક્તિને લોકો બહુ આદરથી નથી જોતા. આવી તોછડાઈમાં ઘણીવાર પોતાની સંપત્તિ, સ્થાન કે શક્તિના ઘમંડની બદબૂ ગંધાતી હોય છે.

એક શેઠને પોતાની શેઠાઈ અને શ્રીમંતાઈનો ખૂબ ઘમંડ હતો. પોતાની પેઢીના દરેક નોકરને તોછડાઈથી અને તુંકારાથી જ બોલાવે. મોટી ઉંમરના ચમનલાલને પણ 'ચમન' કહીને જ બોલાવે અને મહેતાજી ચંપકલાલને 'ચંપક' કહીને જ બોલાવે. ક્યારેક 'ચમનીયા' અને 'ચંપકીયા' પણ કહી દે. કોઈ પણ નવા માણસને નિયુક્ત કરતી વખતે જ કહી દે કે, 'હું આ રીતે તોછડાઈથી જ બોલાવીશ.' દુકાનના કોઈ કર્મચારીને આ પસંદ તો નહોતું જ, પણ લાચાર હતા. તેમની પેઢીમાં કારકુન તરીકે એક નવા માણસની વરણી થઈ. તેની પણ નિયુક્તિ કરતા પહેલા શેઠે કહી દીધું. 'મારી પેઢીમાં હું તુંકારાથી અને તુચ્છકારાથી બધાને બોલાવું છું. તમને પણ તે જ રીતે બોલાવીશ.' ''શેઠજી, કાંઈ વાંધો નહિ.'', ''હં, બોલ, ત્યારે તારું નામ શું છે ?'' ''બાપાલાલ'' શેઠજી છોભાઈ ગયા, નામ સાંભળીને ચોંકી ગયા. ત્યારથી માંડીને તેમણે તોછડાઈથી બધાને બોલાવવાનું બંધ કર્યું.

વચનપ્રયોગમાં હલકા, ગલીચ કે ગાળ જેવા શબ્દો પણ ભાષાને તુચ્છ બનાવે છે. તુચ્છ ભાષા તુચ્છ અંતઃકરણનું પ્રતિબિંબ છે. ઉમદા ભાષા ઉમદા અંતઃકરણનું પ્રતિબિંબ છે. એક વાર સંતને કોઈએ ગાળો આપી. સંતે તેને કહ્યું ''તારું કલ્યાણ થાઓ.'' બાજુમાં જ ઊભેલો સંત ધૂંધવાયો. ''ગુરુદેવ ! આ શું ? ગાળ આપનારનું પણ કલ્યાણ ?'' ''વત્સ ! શું કરું ? તેના ખિસ્સામાં જે સિક્કા હતા તે તેણે મને આપ્યા. મારા ખિસ્સામાં જે સિક્કા છે, તે જ હું તેને આપી શકું. બીજા જાતના ક્યાંથી લાવું ?

ગૌતમ બુદ્ધને કોઈએ પૂછયું 'કોઈ ગાળો આપે ત્યારે આપણે કયો અભિગમ અપનાવવો ?' તેમણે જવાબ આપ્યોઃ 'કોઈ આપે પણ આપણે લઈએ જ નહિ તો તે વસ્તુ સામેની વ્યક્તિની પાસે જ રહે છે.' વિનોબા ભાવે

કહેતાઃ 'નાનપણમાં મને કોઈ ગાળો આપતું ત્યારે હું કહેતો કે - મારો હુકમ છે કે તું મને ગાળો આપ, જો તે ગાળો આપવાનું છોડી દે તો આપણું કામ થઈ ગયું. ચાલુ રાખે તો મન મનાવવાનું કે આપણા હુકમને માનનારો એક નોકર મળી ગયો.'

અશ્વિનીકુમારને તુચ્છ ભાષાની ખૂબ જ અરુચિ હતી. કલકત્તાની કોલેજમાં એમ.એ.ના વર્ગમાં ભણતા હતા ત્યારે એક વાર તેમના એક મિત્રે સમાચાર આપ્યા. "તમારા ખંડમાં બે વિદ્યાર્થીઓ ઝગડી પડ્યા અને અશ્લિલ શબ્દોની ઝડી વરસાવી છે." આ વાત સાંભળતા તેમણે ગાળથી અપવિત્ર બનેલા ખંડને પવિત્ર કરવા ખંડને ત્રણ વાર પાણીથી સાફ કરાવી દીધો હતો.

જેમ ભાષા તુચ્છ ન જોઈએ તેમ વાતનો વિષય પણ તુચ્છ ન જોઈએ. દુનિયામાં વાતો કરવા માટે વિષયો ઘણાં છે. કેવા પ્રકારની વાતોમાં રસ પડે છે, તે ઉપરથી પણ માણસની કક્ષા નક્કી થઈ શકે છે. ઉત્તમ પુરુષોને સંસ્કારલક્ષી ઉમદા વાતચીતોમાં રસ પડે છે. સંસ્કારરહિત ગલીચ વાતો ઊતરતી કક્ષાનું પ્રતીક છે.

નિરર્થક વાતોને લાંબી ચગાવવી તે પણ તુચ્છતા છે. જે વાતમાં કાંઈ માલ નથી. તેમાં કલાકો ન વેડફાય. વાતને ટૂંકે પતાવવાની આવડત ઘણાં અનર્થોથી બચાવે છે. તે ન આવડે તો વાતમાંથી વાદ પેદા થાય અને વાદ વિવાદમાં રૂપાંતર પામે અને વિવાદ વિખવાદને ખેંચી લાવે તો ય નવાઈ નહીં. મામો અને ભાણેજ રસ્તા પરથી પસાર થતા હતા. માર્ગમાં આવતા એક ખેતર પર બન્નેની નજર પડી. ભાણો બોલ્યો ખેતરમાં ૨૦૦ મણ ઘઉં હોવા જોઈએ. મામા બોલ્યા ફકત ૨૦૦ મણ હોતા હશે ? નાંખી દેતાય ૩૦૦ મણ થઈ જાય. ભાણાએ પોતાની વાત પકડી રાખી "૨૦૦ મણથી એક દાણો પણ વધારે ન હોય." આટલી નાની નિરર્થક વાત, વિવાદ બનીને મોટા ઝગડામાં રૂપાંતર પામી. જુવાન ભાણિયો મામાની છાતી પર ચડી બેઠો. દાઢી પકડીને ગુસ્સામાં કહ્યું "બોલ, ૨૦૦ મણ કરવા છે કે નહિ ? નહીંતર ગળું દબાવી દઈશ." લોકો ભેગા થઈ ગયા અને પાંચ પટેલોએ પરાણે છોડાવ્યા ત્યારે વાત પતી.

મુખ એ ઉદ્યાન છે, ઉકરડો નહિ. ગંદા તુચ્છ શબ્દોથી ઉદ્યાનની શોભા ન બગાડાય. રોદણાં અને કૂથલી પણ તુચ્છ મનોભૂમિકાના સૂચક છે.

# ❑ વિચારીને જ બોલો

કોઈની સાથે સંઘર્ષ ઊભો થતા વિવેકથી વાતને વાળી લઈને સમાધાન લાવી શકીએ તે વાણીની વિશેષતા છે. પણ કોઈની સાથે કદી સંઘર્ષ ઊભો જ ન થવા દેવો તે વાણીની વિમળતા છે. માટે જ એક પણ શબ્દ બોલતા પહેલા તેને વિવેકની ગળણીથી ગાળીને બોલવો જોઈએ. બોલવા માટે માત્ર જીભ જરૂરી છે. પણ સુંદર બોલવા માટે તો વિવેક જોઈએ. જે શબ્દ હજુ મુખમાંથી નીકળ્યો નથી તેના પર તમારો અધિકાર છે. મુખમાંથી નીકળી ગયા પછી શબ્દ તમારા પર અધિકાર જમાવી દેશે. તક, તીર અને શબ્દ નીકળી ગયા પછી પાછા ક્યારેય હાથમાં આવતા નથી. માટે જ જ્ઞાનીઓની સલાહ છે વિચારીને જ બોલો. કોર્ટમાં જુબાની આપી રહ્યા હો તે રીતે એક એક શબ્દ તોલીને બોલો. શબ્દ નીકળ્યો નથી, ત્યાં સુધી બાજી ઘણી હાથમાં છે. લખેલો શબ્દ ભૂંસી શકાય છે. ઉચ્ચારાયેલો શબ્દ ભૂંસી શકાતો નથી. બોલતા પહેલા વિચારવાની બે પળ જે બગાડે છે, તેની બોલ્યા પછીના પસ્તાવાની અનેક પળો બચી જાય છે.

કાંઈ પણ બોલતા પહેલા વિચારી લો :

- ◆ અત્યારે મારે ખરેખર બોલવાની જરૂર છે ખરી ?
- ◆ મારા બોલવાથી કાંઈ નુકસાન તો નહિ થાય ને ?
- ◆ બોલવાથી હું મૂર્ખ તો નહિ ઠરું ને ?
- ◆ મારા વચનો કોઈને કડવા લાગે તેવા તો નથી ને ?
- ◆ મારા શબ્દોથી કોઈનું અહિત તો નહિ થાય ને ?
- ◆ મારા બોલાયેલા શબ્દો મારે પાછા ગળવાનો પ્રસંગ તો નહિ આવે ને ?
- ◆ મારા શબ્દો મારા મૌન કરતાં ચડી જાય તેવા છે ?

આવી વિચારણા બોલતા પહેલા અવશ્ય કરવામાં આવે તો ઘણું બોલવાનું અટકી જાય. અવિચારિત બોલવાને કારણે માણસ ઘણો દુ:ખી થાય છે, ઘણી વાર ફસાઈ જાય છે. આખલો જેમ શિંગડાથી પકડાઈ જાય છે તેમ માણસ તેની જીભથી પકડાઈ જાય છે. સાબર પોતાના શિંગડાના કારણે ક્યાંક ભેરવાઈ જાય છે તેમ માણસ પોતાના શબ્દોના કારણે ઘણીવાર ભેરવાઈ જાય છે. તેથી અંગ્રેજીમાં પણ કોઈએ કહ્યું છે : Give thy ears to all but thy tongue to none.

કબીરે પણ ગાયું છે :

બોલી તો અનમોલ હૈ, જો કોઈ જાને બોલ
હિયે તરાજૂ તૌલિકે, તબ મુખ બાહર ખોલ

'ધમ્મપદ'માં સાચા ધાર્મિકના લક્ષણોમાં એક લક્ષણ 'મન્તભાણી' (વિચારીને જ બોલનાર) ગણાવાયું છે. જૂના માણસો ઘણીવાર કહેતા 'સાત ગળણે ગાળીને પાણી પીવું અને સો ગળણે ગાળીને શબ્દ કાઢવો.'

અને જ્યારે તમે સલાહકાર, ઉપદેશક કે વક્તા તરીકે છો, ત્યારે તમારા શબ્દો ઘણા વજનદાર હોય છે. ત્યારે વિચાર્યા વગરનું બોલવું ક્યારેક મહાઅનર્થને નોંતરનારું બની જવાની સંભાવના છે. વક્તાએ પોતાના સ્થાનની જવાબદારી અને જોખમદારી સમજીને બોલતા પહેલા જ પોતાના શબ્દોની ગુણવત્તા અને પ્રતિભાવોની પર્યાલોચના કરી લેવી જોઈએ. પહેલા સંકલના કરીને બોલવામાં આવે તો પોતાના વિચારોને સ્પષ્ટતાપૂર્વક અસરકારક શબ્દોમાં રજૂ કરી શકાય છે. વક્તાની પૂર્વતૈયારી જેટલી વધુ તેટલી તેના વક્તવ્યની અસરકારકતા વધુ. આલ્બર્ટ આઈન્સ્ટાઈન એક કલાકના ભાષણ માટે પણ છ મહિના પછીની તારીખ આપતો; જેથી યોગ્ય પૂર્વતૈયારી થઈ શકે. વ્યાસપીઠ ઉપર બેસીને પૂર્વતૈયારી વિના બોલવામાં શ્રોતાઓને અને વિષયને ઘણીવાર મોટો અન્યાય થઈ જવાની સંભાવના છે.

*By sallowing evil words unsaid no one has ever harmed his stomach.*

## ❑ ધર્મસંયુક્ત બોલો

### ૧. સત્ય બોલો

આજે માનવીને ઈન્સ્ટન્ટ બેનીફિટની ઘેલછા લાગી છે. તેથી જ તે અકસીર આયુર્વેદના ઉપચારને છોડીને ખર્ચાળ એલોપથીની ટ્રીટમેન્ટ પાછળ દોડે છે. જુગજૂના અમોઘ કૃષિવિજ્ઞાન પર ચોકડી મારીને નવી યાંત્રિક કૃષિપદ્ધતિ અપનાવી. પરંપરાગત આહારચર્યાને અવગણીને તે ઈન્સ્ટન્ટ ફુડ-પેકેટનો હેવાયો બન્યો. તત્કાલ લાભ થોડો થઈ જાય પણ પરિણામે મોટું નુકસાન હોય તેવી પ્રવૃત્તિ ડહાપણભરી નહિ, મૂર્ખતાપૂર્ણ છે. તત્કાલ લાભ લઈ લેવાની લોભામણી વૃત્તિએ માનવીના જીવનવિકાસમાં અને આધ્યાત્મિક ઉન્નતિમાં પણ અનેક નડતરો ઊભી કરી છે.

જીવનમાં ડગલેને પગલે માનવી દ્વિધાનો ભોગ બને છે. માનવમનએ દ્વંદ્વભૂમિ છે. ક્ષણે ક્ષણે ત્યાં મહાદ્વંદ્વો સર્જાય છે.

- તાત્કાલિક લાભમાં લોભાઈ જવું કે પવિત્ર જીવનમૂલ્યને વળગી રહેવું ?
- જૂઠ બોલીને લાભ ખાટી લેવો કે લાભ જતો કરીને સત્યને વફાદાર રહેવું ?
- ક્રોધ કરીને કામ કઢાવી લેવું કે ક્ષમાગુણનું જતન કરવું ?
- અનીતિ આચરીને કમાઈ લેવું કે નીતિના ચરણો પકડી રાખવા ?
- કૃપણ બનીને સંઘરી રાખવું કે દાન દઈને ઔદાર્ય ખીલવવું ?

આવા સઘળાય દ્વંદ્વોમાં મોટેભાગે મનનો ઝોક દેખાતા તાત્કાલિક લાભ તરફનો હોય છે. તેથી આત્મવિકાસના મજબૂત પરિબળોને તે ગૌણ ગણે છે, સદ્‌ગુણો તરફ તે પૂંઠ કરે છે.

તત્કાલ લાભ લૂંટી લેવાની મલિનવૃત્તિના પ્રભાવે આપણા જીવનમાં

ડગલેને પગલે સત્ય અને અસત્યની પસંદગીની મોટી દ્વિધા ઉપસ્થિત થાય છે અને ત્યારે તાત્કાલિક લાભ લઈ લેવાની વૃત્તિ અસત્યના દુઃખદાયી પેંગડામાં ફસાવી દે છે.

૩૦૦ રૂપિયાની પડતર કિંમતવાળી સાડીની પડતર ૫૦૦ રૂપિયા બતાવે તો ૫૫૦માં વેચીને ૨૫૦નો નફો પ્રાપ્ત કરી શકાય છે. સાચી પડતર ઘરાકને જણાવે તો ૩૫૦ રૂપિયાથી વધુ ન ઊપજે. જૂઠું બોલે તો ૨૦૦ રૂપિયા વધુ મળે છે. આ ૨૦૦ રૂપિયાનો તાત્કાલિક લાભ માનવીને લલચાવે છે. લાલચુ માનવી સામે દેખાતી ૨૦૦ રૂપેડી તરફ નજર કરીને મલકાય છે પણ તે દ્વારા નોંતરાતા મહાનુકસાનો પ્રત્યે તે આંખમિંચામણાં કરે છે. થોડાક કૂકા ખાતર તે સત્યનું સ્મશાન રચવા તૈયાર થઈ જાય છે. આવા અનેક પ્રસંગોની હારમાળા ચાલતા અસત્યના સંસ્કારોથી આત્મા વાસિત બને છે. પછી તો જુઠાણું એ સ્વભાવ બને છે. વગર પ્રયાજને પણ જૂઠ બોલવાની ટેવ પડે છે.

એક બાજુ છે એક માત્ર લાભઃ ૨૦૦ રૂપિયાનો તત્કાલ વધુ નફો. પણ સામે નુકસાનો કેટલા ?

- ◆ સત્ત્વની હાનિ ◆ અસત્યના સંસ્કારો ◆ અન્યનો અવિશ્વાસ
- ◆ જિનાજ્ઞાનો લોપ ◆ અશુભ કર્મનો બંધ ◆ લોકમાં અપયશ
- ◆ પરલોકમાં દુર્ગતિ ◆ ભાવિમાં વચનયોગની દુર્લભતા
- ◆ જૂઠાણાં હાંકવાની આદત

જૂઠું બોલવામાં કામચલાઉ થોડોક તાત્કાલિક લાભ કદાચ મળી જતો હોય તો પણ પરંપરાએ અનેક નુકસાનોના ભોગ બનવું પડે છે. સત્યના શરણે જવાથી મામૂલી તાત્કાલિક લાભને કદાચ જતો પણ કરવો પડે. પણ પરિણામે અઢળક ફાયદાઓ અવશ્ય પ્રાપ્ત થાય છે. ઝોક જ્યારે તાત્કાલિક લાભને કારણે અસત્ય તરફનો થઈ જાય ત્યારે વિચારવું જોઈએ કે-

મજૂરને તેની મજૂરી તરત મળે છે પણ મામૂલી.

કારીગરને તેની રોજી દિવસના અંતે મળે છે, પણ થોડી વધારે.

મેનેજરને પગાર મહિનાના અંતે મળે પણ ઘણો વધારે.

પેઢીના માલિકને કમાણીનો અંદાજ વર્ષના અંતે સરવૈયા નીકળે પછી જાણવા મળે છે, પણ તે રકમ લાખોમાં હોય છે.

જગતમાં પૈસો કિંમતી ગણાય છે, સત્ય તેથી વધુ કિંમતી છે. તે બન્ને વચ્ચેનો ફરક નોંધવા જેવો છે. માણસ પૈસો કરકસરથી વાપરે ત્યારે જણાય કે તે પૈસાની કિંમત સમજ્યો છે, પણ સત્ય કરકસરથી વપરાય ત્યારે સમજવું કે માણસ સત્યની કિંમત સમજ્યો નથી.

દાન એ ધનનું આભૂષણ છે.
શીલ એ દેહનું આભૂષણ છે.
તો સત્ય એ વાણીનું આભૂષણ છે.

સત્ય સ્વર્ગલોકમાં વસતું નથી કે તેને શોધવા ત્યાં જવું પડે. નદીના કોતરમાં, પર્વતના શિખર પર કે ગહન ગુફામાં તેનો વાસ નથી કે તેને પામવા કમર કસવી પડે. તે તો અસત્યની કેદમાં પૂરાયેલું છે, ત્યાંથી તેને છોડાવવાનું છે. જૂઠાણાંથી બચવું કે અટકવું તે જ સત્ય છે. માટે પહેલાં અસત્યની ઓળખાણ કરી લેવાની જરૂર છે. જ્ઞાની પુરુષોએ અસત્યના ચાર પ્રકાર જણાવ્યા છે.

(૧) **સદ્ભાવ પ્રતિષેધ** : જે વસ્તુ હાજર છે તેનો પ્રતિષેધ જણાવવો તે અસત્ય છે. મગનભાઈ ઘરમાં બેઠા છે અને લેણદારનો ફોન આવ્યો. મગનભાઈનો દીકરો ફોન પર જણાવી દે કે, 'પપ્પા બહાર ગયા છે.' આ સદ્ભાવ- પ્રતિષેધ નામનો મૃષાવાદ છે.

(૨) **અસદ્ભાવોદ્ભાવન** : કોઈ અવાસ્તવિક વાતને ઉપજાવી કાઢવી તે પણ જૂઠાણું છે. કોલેજમાં Attendance લેવાય ત્યારે કેટલાક વિદ્યાર્થીઓ ગેરહાજર રહેલા મિત્રની Proxy પુરાવે છે. ખોટા સર્ટિફિકેટ રજૂ કરવા કે જૂઠી સાક્ષી આપવી, તેના માટે આ પ્રકારનો મૃષાવાદ લાગે છે.

(૩) **અર્થાન્તર અભિધાન** : એકની ઓળખ અન્યરૂપે આપવી તે અર્થાન્તર અભિધાન. ગાયને ઘોડો કહેવો તે આ જાતનો મૃષાવાદ છે.

(૪) **ગર્હાવચન** : પાપવચન કે અપ્રિયવચન એટલે ગર્હાવચન. કાણાને કાણો કહેવો આ જાતનું અસત્ય છે.

ઘણીવાર દુર્ગુણવિજય કઠિન બને છે, તેનું કારણ એ હોય છે કે આપણે દુર્ગુણને ઓળખી શકતા નથી. અસત્ય બોલવું જેટલું અહિતકર છે તેનાથી વધુ અહિતકર એ છે કે અસત્યને અસત્ય તરીકે નહિ ઓળખવું.

અસત્યને અપ્રગટ રાખવાના ઘણાં ઓઠાં માણસ પાસે છે. કોઈ તેને ધાક-ધમકીની નીચે છૂપાવી દે છે તો કોઈ વારંવાર ઉચ્ચારીને તેને સત્યરૂપે ખતવી દે છે. હિટલર કહેતો કે સો વાર ઉચ્ચારવાથી જૂઠાણું પણ સત્યરૂપે સ્વીકૃત બની જાય છે. જૂઠાણાંને સત્યરૂપે ખતવવાની આ કુટિલ કળાને પ્રસિદ્ધ કરનારો ગોબેલ્સ નામનો એક માણસ આ ધરતી પર થઈ ગયો. તેથી જૂઠના પ્રચારની આ કુ-કળા 'ગોબેલ્સ પ્રચાર'ના નામથી વિખ્યાત છે.

એક ચિંતકનું વાક્ય છે 'આજની દુનિયામાં માણસ જન્મે છે ત્યારે હરિશ્ચન્દ્ર હોય છે અને મરે છે ત્યારે ગોબેલ્સ.' જૂઠાણાંઓનું કેટલું મોટું વર્ચસ્વ આપણા ઉપર સ્થપાઈ જાય છે તેનો ચિતાર આ ચિંતકે ખડો કર્યો છે. શાળાના બાળકોને એક કથા ભણાવવામાં આવે છે. બ્રાહ્મણની બકરીને પડાવી લેતાં ત્રણ ધુતારાઓની આ કથા પ્રસિદ્ધ છે. બ્રાહ્મણના ખભા પર રહેલી બકરીને ત્રણેય ધુતારા વારાફરતી કૂતરા તરીકે ઓળખાવીને બ્રાહ્મણની મશ્કરી કરે છે. 'એક જૂઠો હોય, ત્રણ તો જૂઠા ન હોય ?' આ કલ્પના પોતાની આંખને જૂઠી માનવા પ્રેરે છે. સગી આંખે બકરી દેખાવા છતાં કૂતરો માનીને બ્રાહ્મણ તે બકરીને રસ્તા પર છોડી દે છે. ધુતારા ફાવી જાય છે. ડગલે ને પગલે આપણે ધુતારા બનીને બકરીમાં કૂતરાનો ભ્રમ કૈંકને ઊભો કરાવી દેતા હોઈએ છીએ અને ક્યારેક તો તે ગોબેલ્સ પ્રચારમાં એટલા બધા તણાઈ જઈએ છીએ કે જાતને પણ છેતરી દઈએ છીએ.

જો અસત્યના પાપથી મુક્ત થવું હોય તો આપણી અંદર બેઠેલા ગોબેલ્સને ઓળખી લેવો પડશે. કદાચ તે હરિશ્ચન્દ્રનું ધોતિયું પહેરીને પણ બેઠો હોય !

અસત્યની કેડીએ ચડાવતા ભોમિયાઓનેય ઓળખી લેવા જોઈએ.

૧. **રાગ** : અસત્યની મુખ્ય જનેતા છે રાગદશા. પૈસા અને પ્રતિષ્ઠાનો રાગ, કીર્તિ અને કામનાનો રાગ કે મોટર અને બંગલાનો રાગ, સત્ય સાથે શત્રુતા પેદા કરાવે છે.

૨. **દ્વેષ** : દ્વેષ અને દુર્ભાવ પણ અસત્ય બોલવા પ્રેરનારા મહત્ત્વના પરિબળ છે.

૩. **અજ્ઞાન** : અસત્ય બોલવાનો કોઈ મલિન ઈરાદો ન હોવા છતાં અજ્ઞાનવશ ઘણીવાર અસત્યભાષણ થઈ જતું હોય છે. તેથી જે બાબતની

જાણકારી ન હોય તેમાં ચંચુપાત નહિ કરવો તે જ શ્રેયસ્કર છે. ''મને ખબર નથી'' તેમ કહેવામાં જરાય નાનપ નથી. પણ ''મને ખબર નથી'' તે વાતની બીજાને ખબર ન પડી જાય તે માટે ખબર ન હોવા છતાં ડહાપણ ડોળવામાં ઘણા અનર્થો સર્જાઈ જાય છે.

૪. **ક્રોધ** : ક્રોધ એક આવેગ છે જે અનાયાસે અસત્ય તરફ ખેંચી જાય છે.

૫. **લોભ** : પૈસા આદિની લાલસાથી અસત્યની સૂગ ઊડી જાય છે.

૬. **ભય** : અસત્યના વ્યસની બનાવવામાં ભયસંજ્ઞાનો બહુ મોટો ફાળો હોય છે. જીવનમાં ડગલે ને પગલે ભૂલો ને અપરાધો થતા હોય છે. પણ તેના પરિણામો ભોગવવાની માનસિક તૈયારી આપણે કેળવી શકતા નથી, તેથી તેનાથી ભાગી છૂટવા આપણે જૂઠાણાંના ઘોડા પર સવાર થઈ જઈએ છીએ.

૭. **હાસ્ય** : કોઈ બનેલી સામાન્ય ઘટનાને મરી-મસાલા ભેળવીને નોખા ઢંગથી રજૂ કરી હાસ્યનાં મોજાઓ પેદા કરવાની ઘણાને આદત હોય છે. જૂઠું બોલીને હાસ્ય ઉપજાવવા માટેનો એક તહેવાર લોકોએ ઊભો કર્યો. એપ્રિલની પહેલી તારીખ બીજાને મૂરખ બનાવવા માટેનો દિવસ ગણાય છે. કોકને જૂઠાણામાં ભરાવીને ઉલાળવાનો આ દિવસ છે. સુજ્ઞ પુરુષે વિચારવું જોઈએ કે જૂઠું બોલીને કોઈને ભ્રમમાં નાંખવાથી તે મૂરખ બને છે તો થોડો મૂરખ બને છે. પણ ક્ષુદ્ર હાસ્ય-મજાકને ખાતર મહામૂલા સત્યધર્મને ફૂંકી મારે છે તે તો મહામૂરખ બને છે. પહેલી એપ્રિલ એટલે જાતને મહામૂરખ બનાવવાનો તહેવાર.

જૂઠાણાંનો આશ્રય લઈને હાસ્ય ઉપજાવવાનું મોટું નુકસાન એ છે કે જૂઠનો ડંખ સર્વથા ચાલ્યો જાય છે.

૮. **વાચાળતા** : ક્વોન્ટિટી મોટી હોય ત્યાં ક્વોલિટી નબળી પડે - આ એક સામાન્ય નિયમ છે. કેટલાકને ફક્ત ચાલુ થવાની જ સ્વીચ હોય છે, ઓફનું બટન હોતું જ નથી. વધુ બોલવાથી વાણીની ગુણવત્તા સ્વાભાવિક રીતે ઘટી જાય છે. વાચાળતાના વેગમાં કેટલાય સત્યો હુકરાઈને અવસાન પામી જતા હોય છે.

૯. **ખરાબ છાપની ભીરુતા** : સારા બનવા કરતાં સારા દેખાવાની ખેવના ઘણી હોય છે. તેમ ખરાબ બનવા કરતાં ખરાબ દેખાવાની સૂગ મોટે ભાગે વધારે હોય છે. તેથી, કોઈ શિક્ષા થવાનો ડર ન હોય તો પણ સત્ય હકીકત જણાવી દઈશ તો મારી છાપ ખરાબ પડશે, આટલો માત્ર ડર જૂઠું બોલવા પ્રેરે છે.

૧૦. **મહત્તા સ્થાપવાની વૃત્તિ** : બણગાં ફૂંકવાથી કે બડાઈ મારવાથી મહત્તા વધે છે તેવા ભ્રમમાં રાચનારા કેટલાક લોકો વાત-વાતમાં સત્યની ગળચી દબાવી દે છે. આવી કેટલીક વ્યક્તિઓ માટે તેમના વર્તુળમાં એવી પ્રસિદ્ધિ જ હોય છે કે - આ વ્યક્તિની વાતમાં ૫૦%, ૬૦% કે ૮૦% ડિસ્કાઉન્ટ જ સમજી લેવું.

૧૧. **અનુપયોગ** : કેટલીક વાર સાચી વાતનો ખ્યાલ હોવા છતાં અન્ય મનસ્કતાને કારણે અતથ્ય બોલાઈ જતું હોય છે. એક વાર અનાભોગ, અનુપયોગ કે કોઈ આશયવિશેષથી અસત્ય બોલાઈ ગયા પછી તેનો અભિનિવેશ (આગ્રહ) આવી જાય તો બાજી ઘણી બગડી જાય છે.

૧૨. **અતિશયોક્તિ** : કાવ્યશાસ્ત્રોમાં અતિશયોક્તિને અલંકાર કહેવામાં આવે છે પણ જીવન-વ્યવહારમાં તે એક દૂષણ છે.

આ બધા અસત્ય ભણી દોરી જનારા વિવિધ પરિબળો છે. આ ઉપરાંત અહંકાર, અપેક્ષા, શંકા, પૂર્વગ્રહ, અસહિષ્ણુતા આદિ અનેક અસત્યપ્રેરક પરિબળોનું અન્વેષણ કરીને તે બધાનો જીવનનિકાલ કરવા અથવા તે તે પરિસ્થિતિમાં જાગૃતિ રાખવા સજ્જ રહેવું જોઈએ.

સત્યનું માહાત્મ્ય જાણ્યા અને સમજ્યા પછી તેનું મૂલ્યાંકન કરતાં આપણને આવડવું જોઈએ. કાળજાની દીવાલો પર સત્યધર્મની ગરવી ગરિમા અને અનુપમ માહાત્મ્યને બરાબર કોતરી નાંખવા જોઈએ. તે માટે અસત્યના અનર્થો અને સત્યની શ્રેયસ્કરતાનો પરિચય કરી લેવો જરૂરી છે. સત્યધર્મનો આશ્રય કરવાથી પરિણામે કેવા કેવા મહાન લાભો પ્રાપ્ત થાય છે !

૧. **જિનાજ્ઞા પાલન** : અરિહંત પરમાત્માએ સત્યધર્મનો ઉપદેશ આપ્યો છે. અનેક મહાપુરુષોએ તે ઉપદેશને ઝીલીને જીવનમાં યથાર્થ આચર્યો

છે. સત્યભાષણનો મોટામાં મોટો લાભ એ કે જિનેશ્વરદેવની આજ્ઞાનું પાલન થાય છે.

૨. **સત્ત્વ વિકાસ** : સત્યને વળગી રહેવાનો અભ્યાસ પાડવાથી ક્યારેક કપરી પરિસ્થિતિમાં પણ સત્યને જ વફાદાર રહેવાની મક્કમતા ટકી રહે છે. આવા પ્રસંગોથી સત્ત્વ સ્ફુરાયમાન થાય છે, જે અનેક ક્ષેત્રોમાં ખૂબ પ્રગતિ સાધી આપે છે.

૩. **વચનની આવરદા વધે છે** : સામાન્યથી પોતાની કોઈ પણ ચીજની આવરદા લાંબી હોય તેવી સહુ કોઈની ઈચ્છા હોય છે. આપણુ વચન પણ લાંબું ટકે તેવી આપણી ઈચ્છા હોવી જોઈએ. જૂઠ ક્યારેય લાંબું જીવતું નથી. જૂઠાણાંનો જન્મદર ઘણો ઊંચો હોય છે પણ આયુષ્ય ઘણું ટૂંકું હોય છે.

૪. **જૂઠની પરંપરાથી બચાય છે** : અસત્ય બોલવું સહેલું છે પણ એક અસત્ય બોલવું દુઃશક્ય છે. એક જૂઠાણાંને છૂપાવવા અનેક જૂઠાણાંના તંબૂ બનાવવા પડે છે. સત્ય પ્રગટ હોય છે અને પ્રગટ રહી શકે છે, તેને કોઈ આડશની જરૂર નથી.

૫. **લાંબું યાદ રાખવાની કોઈ ઝંઝટ નહિ** : સત્ય બોલવાનું મોટામાં મોટું સુખ એ કે કોને શું કહ્યું તે યાદ રાખવાનો કોઈ બોજો રહેતો નથી. જૂઠું બોલનારને આ બધું યાદ રાખવું પડે છે. તેના જીવનમાં ઘણીવાર ફજેતીઓ થઈ જાય છે.

ચાલો ત્યારે, સત્ય જ બોલવાનું સત્ત્વ પેદા કરીએ અને સત્ય જ બોલીને વધુ સાત્ત્વિક બનીએ.

## ૨. હિતકર બોલો

*सच्चं पि तं न सच्चं जं परपीडाकरं हवइ लोए ।*
सच्चं तं चिअ भण्णइ जं सव्वहिअं पिअं तत्थं ॥

તે સત્ય પણ સત્ય નથી જે અન્યની પીડા કે અહિતનું કારણ બને. સત્ય તો તેને કહેવાય જે - સહુને હિતકર હોય, પ્રિય હોય અને તથ્ય હોય.

તમારો સાચો પણ શબ્દ અન્યનું મોત નોંતરતો હોય, કોઈને ઉપા-

ધિમાં મૂકતો હોય, કોઈને ભારે પીડા પહોંચાડતો હોય તો સત્ય કેવી રીતે કહી શકાય ? હરણની દિશા શિકારીને બતાવનાર સાચું બોલે છતાં એક નિર્દોષ પશુના જાનને જોખમમાં મૂકનાર હોવાથી તે ભાષા સત્ય-ભાષા નથી.

મુનિરાજ જંગલમાં એક ઝાડ નીચે ઊભા હતા. એક હરણ ત્યાંથી દોડતું આવીને પૂર્વ દિશામાં જતું તેમણે જોયું. પાછળ દોડતો શિકારી આવ્યો. મુનિને પૂછ્યું ''હમણાં એક હરણને જતું જોયું ? કઈ દિશામાં ગયું ?'' વિચક્ષણ મુનિએ શિકારીને જવાબ આપ્યો: ''જેણે જોયું છે તેને બોલતા નથી આવડતું, જેને બોલતા આવડે છે તેણે જોયું નથી.'' જોનાર તરીકે આંખ અને બોલનાર તરીકે જીભ તે મુનિશ્રી ને અભિપ્રેત હતી. જૂઠ બોલવું ન પડ્યું અને અહિત કોઈનું થયું નહિ.

બીજાનું અહિત નોંતરનારી ભાષા તે પાપભાષા છે. વાણી દ્વારા કોઈનું અહિત પણ કરી શકાય છે અને કોઈનું પરમહિત પણ થઈ શકે છે. બાજી બગાડી પણ શકાય છે અને સુલટાવી પણ શકાય છે. સજ્જન પુરુષે આ જ વિચારવું જોઈએ કે પવિત્ર વચનશક્તિ પ્રાપ્ત થઈ છે તો બાજી શા માટે સુલટાવી ન દઉં ? તદ્દન બગડેલી ઘડિયાળને પણ સારી કરી આપે તે કારીગર. ખરાબ શબ્દો સાંભળવા છતાં યોગ્ય અને સુંદર રજૂઆત કરી શકે તે જ ખરો કારીગર છે.

બગદાદના બાદશાહ પાસે ફરિયાદ આવી કે, 'એક માથાભારે વિદેશી માણસ બધા સાથે ઝગડા કરે છે.' બાદશાહે તેને બોલાવીને તતડાવ્યો. તેને સખત સજા કરવાની જાહેરાત કરી. પેલો વિદેશી માણસ આ ભાષા તો નહોતો જાણતો પણ ઈશારાથી સમજી ગયો. તેને આવેશ આવી ગયો. પોતાની ભાષામાં બાદશાહને ગાળો દેવા લાગ્યો. બાદશાહે પૂછ્યું 'આ શું બકે છે ?' દિવાન ઘણી ભાષાનો જ્ઞાતા હતો. તેણે કહ્યું 'એ કહે છે કે મારી ભૂલ થઈ ગઈ. અહીંની ભાષા મને આવડતી નથી માટે ગેરસમજને કારણે મારામારી થાય છે, પણ આપ દયાળુ મને માફ કરો.'

તે વાત સાંભળીને બાદશાહનો રોષ ઠંડો પડ્યો. તે માણસને માફી આપી. પ્રધાને તેની ભાષામાં થોડી હિતશિક્ષા આપીને તેને વિદાય કર્યો. બીજો વજીર પણ આ ભાષા જાણતો હતો. તેણે વાંધો ઉઠાવ્યો. બાદશાહ સમજદાર

હતા. તેણે કહ્યું 'પ્રધાનના ખોટા તરજૂમાએ પણ માણસની જિંદગી બચાવી છે. તમારો સાચો તરજૂમો સાંભળ્યો હોત તો મારો આવેશ કાબૂ બહાર ચાલ્યો જાત. મારા આવેશને ઠંડો પાડવાના આશયથી મંત્રીએ ખોટી રજુઆત કરી હોય તો પણ સાચી છે'

કાંઈપણ બોલતા પહેલા વિચાર કરી લો કે મારું આ વચન કોઈને મુસીબતમાં તો નહિ મૂકે ને ? કોઈનું વૈમનસ્ય તો નહિ વધારે ને ? કોઈની શાંતિમાં આગ તો નહિ ચાંપે ને ?

મુનિરાજ ભિક્ષા માટે એક ઘરમાં પધાર્યા. તે ઘરમાં રહેલી મહિલાએ કહ્યું 'મુનિરાજ, આપ જ્ઞાની દેખાઓ છો. મારા પતિ ધંધા માટે પરદેશ ગયા છે. તેમનો વિરહ ઘણા વખતથી થયો છે. હવે તે ક્યારે પધારશે ?' મુનિએ પોતાના જ્ઞાનથી જાણીને કહ્યું ''હવે તારા વિરહકાળનો અંત આવશે. આવતી કાલે જ તારા પતિ આવી જશે.'' આવા સાંસારિક પ્રશ્નોનો પ્રત્યુત્તર વાળવો તે મુનિજીવનની મર્યાદા બહારની બાબત હતી. તે ધર્મસંયુક્ત નહિ, પણ ધર્મવિયુક્ત હતી. છતાં મુનિએ તેને જણાવી દીધું.

બીજા દિવસે પોતાના પતિનું સ્વાગત કરવા માટે સોળ શણગાર સજીને આંગણે રાહ જોતી તે ઊભી રહી. પતિ આવી પહોંચ્યા અને પ્રતીક્ષામાં ઊભેલી તે સ્ત્રીને જોઈને શંકા ઉત્પન્ન થઈ કે મારા આવવાના તો કોઈ સમાચાર મેં મોકલાવ્યા નહોતા. નક્કી આ બીજા કોકની રાહ જોઈને ઊભી છે. પતિના આગમનની મુનિ દ્વારા જાણ થઈ હતી તે વાતનો પત્નીનો ખુલાસો પતિના મનમાં ન જ ઊતર્યો.

તે તો દોડ્યો ઉપાશ્રયે અને મુનિને કહ્યું ''જો તમે ખરેખર એવા જ્ઞાની હો તો મને કહો કે મારી સગર્ભા ઘોડીને વછેરો આવશે કે વછેરી ?'' મુનિએ જવાબ આપ્યો ''વછેરો'' તુરત જ ઘરે જઈને તે વાતની ખાત્રી કરવા તલવારથી ઘોડીનું પેટ ચીરી નાંખ્યું. અંદરથી તરફડતો વછેરાનો ગર્ભ બહાર પડ્યો. મુનિનું વચન સાચું પડ્યું. પત્ની પ્રત્યેની શંકા નિર્મૂલ થઈ પણ બે જીવની હત્યા થઈ ગઈ. આ જોઈને પત્નીને અત્યંત આઘાત લાગ્યો અને તેણે આત્મહત્યા કરી લીધી. પત્નીની આત્મહત્યાથી આઘાત પામીને પતિએ પણ આત્મહત્યા કરી લીધી.

પોતાની સંયમ-મર્યાદાની ઉપરવટ જઈને મુનિરાજ પાપ-વચન બોલ્યા તો તેના કેવા દુષ્પરિણામ આવ્યા ? મુનિનું અધર્મવચન ચાર-ચારની હત્યાનું નિમિત્ત બની ગયું. માટે જ સત્ય વચન પણ ધર્મસંયુક્ત હોવું જોઈએ, હિતકર હોવું જોઈએ.

વચન જેમ કોઈનું પણ બાહ્ય અહિત કરે તેવું ન હોય તેમ ભાવ-અહિત કરે તેવું પણ ન હોવું જોઈએ. તમારું વચન કોઈને ક્રોધ ઉપજાવે તો તે અહિત વચન છે. કામના બાણ સમું કામોત્તેજક વચન કોઈની વાસનાને પ્રદીપ્ત કરે માટે તે અહિત વચન છે. કોઈની નિંદા માટે બોલાયેલું વચન સાંભળનારને તે વ્યક્તિ પ્રત્યે દુર્ભાવ ઊભો કરાવે માટે તે અહિત વચન. આપણા વચનથી કોઈના પણ માનસિક પરિણામ બિલકુલ બગડવા ન જોઈએ, તે કાળજી દરેક સાધકની હોવી જ જોઈએ.

## તમારે કેટલી જીભ છે, ગણી લેજો

સત્પુરુષને ૧ જીભ

ફણાવાળા સર્પને ૨ જીભ

બ્રહ્માજીને ૪ જીભ

કાર્તિક સ્વામીને ૬ જીભ

અગ્નિને ૭ જીભ

રાવણને ૧૦ જીભ

અને શેષનાગને ૨૦૦૦ જીભ હોય છે.

પણ, જુઠ્ઠા બોલાને તો લાખો-કરોડો જીભ હોય છે.

– એક સુભાષિત.


# પ્રજ્ઞા પ્રબોધ પરિવારનાં પ્રકાશનો

## પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય મુક્તિવલ્લભસૂરીશ્વરજી મ.સા. લિખિત પુસ્તકો

- બુજ્ઝ બુજ્ઝ ચંડકોસિઆ
- શબ્દોનું સૌંદર્ય
- હૃદયકંપ
- સમાધિની સીડી
- મનને મહેંકતું રાખો
- કૃતજ્ઞતાની કેડી
- નિર્સગનું મહાસંગીત
- ઢોળાયેલો આનંદ
- પળોનું સૌંદર્ય
- ક્ષણોનું સ્મિત
- ઉર્મિનો ઉત્સવ
- અંતરનું એશ્વર્ય
- મનનો મહોત્સવ
- ગૌતમ ગીતા
- ગૌતમ ગોષ્ઠિ
- ગૌતમ ગાથા
- ભવ્યભાષા: માતૃભાષા
- મૃત્યુના જન્માક્ષર
- વિહારયાત્રા અને વિચારયાત્રા

## પરમ પૂજ્ય પંન્યાસ શ્રી ઉદયવલ્લભવિજયજી મ.સા. લિખિત પુસ્તકો

- સુખનું સરનામું
- મનનો મેડિક્લેઇમ
- શત્રુંજય સત્કાર
- અરિહંત ડોટ કોમ
- શિક્ષણની સોનોગ્રાફી
- ઘરશાળા
- શેરબજારની સિસ્મોલોજી



મંથરાની જીભ + કૈકેયીના કાન = રામાયણ

દ્રૌપદીની જીભ + દુર્યોધનના કાન = મહાભારત

SHUBHAY
Cell : 98205 30299
Tel. :022-65373779